H. L.College
Golden Jubilee Trust
Souvenier

H.L. COLLEGE JUBILLEE TRUST
BOARD OF TRUSTEES

Shri Vipin Shantilal Parikh
Chairman

Shri Manubhai G. Patel
Vice Chairman

Prof. S. B. Vora
Hon. Secretary

Prof. A. M. Mehta

Prof. (Mrs. (A. A. Qureshi)

Shri Biharilal Kanaiyalal

Prof. B.P. Tripathi

Shri C. M. Gabhawala

Shri Diren Avashila

Shri Dilip S. Dalal

Prof. G. A. Pathak

Shri Govinbhai G. Patel

Shri Girdharilal Shrotf

Shri Hemant Shah

Shri Kirtikant Nanavati

Shri K. D. Shah

Shri Mangalal L. Patel

Prof. M. T. Patel

Shri Prashat G. desai

Shri Priyaknat Munshaw

Shri P. J. Shah

Prof. R. D. Vasavada

Shri Saurabh Soparkar

Shri Sunil Talati

Prin. V. S. Dalal

Shri S. A. Dave replying to question

Prof. Surendra Patel
replying to questions

Former Governor of RBI
Shri Venkitraman addressing

Chairman Welcoming Shri Venkitraman
Former Governor RBI

એક હતી એચ.એલ. કોલેજ, એક હતા એસ.વી.દેસાઇ !

''કોમર્સ કોલેજ ? ''

''હો''

''કઈ? જેમાં અડસઢ ટકાથી ઓછો એડમિશન નથી મળતું તે ?''

'' અત્યારે એ કોલેજ એ સદ્‌ગુણથી ઓળખાય છે પણ એ જમાનામાં જે ઓળખાતી પ્રિન્સિપાલ એસ.વી.દેસાઈની કોલેજ તરીકે તે. ''

''કોણ એસ.વી.દેસાઈ ? કોલેજના ટ્રસ્ટી હશે. ''

''કોલેજ એના ટ્રસ્ટીના નામે ઓળખાય એ જમાનો તો પછી આવ્યો, તો એ જમાનાની વાત કે જયારે કોલેજ એના પ્રિન્સિપાલો અને પ્રોફેસરોના નામે ઓળખાતી.''

'' તે.. એ તમારા પ્રિન્સિપાલ.. શું નામ કહ્યું ?.. દેસાઈ...''

'' એસ.વી.દેસાઈ? એમના મિત્રો એમને માત્ર એસ.વી કહેતા..દાખલા તરીકે ઈન્દુલાલ યાજ્ઞિક ઈન્દુચાચા..''

''એક એસ.આર. કરીને કોઈનુંનામ પણ સાંભળ્યું છે ખરૂં. એસ.આર. ભટ્ટને ? ''

''બીડીવાળા''

''હાય ! હાય ! બીડીનો ધંધો કરતા'તા?''

''ના બી.ડી.કોલેજ એમને નામે ઓળખાતી.. ? બિચારા ડોનરો તેવખત બેકગ્રાઉન્ડમાં જતા રહેતા ! મકાનના નાણાં એ આવે પણ કોલેજ ઓળખાય પ્રિન્સીપાલને નામે ! ''

''ઓહો ! એસ.આર.પેલા શેકસપિયર વિષે બહુ સરસ બોલતા હતા એ ને ? ''

''હા, શેકસપિયર જ નહીં, કોઈ પણ વિષય પર ખૂબ સરસ બોલતા તે ! ... અમિતાભ બચ્ચન આવે ને તમે ટોળે વળો તેમ એમના ભાષણમાં ગુજરાતના યુવાનો ટોળે વળતા. આજે મોરારીબાપુની સભાઓ, તેવી તે વખતે - અલબત્ત જરા જુદી રીતની ભટ્ટ સાહેબની સભાઓ. જો કે એ વિમાનમાં નહોતા ઉડતા.''

''એસ.વી.દેસાઈ.. એ વિમાનમાં ઉડતા.''

''ના, એ વિમાનમાં ઉડનારાઓની ટીકા કરતા.. જો કે બીજા બધાની પણ ટીકા કરતા.. બોલવે બહુ કડવા ! નહેરૂથી માંડીને અમારા સુધીના સૌને રીતસર છોલી જ નાંખતા... ''

''હા ! હાય ! ''

''એમાં હાય હાય કંઈ નહી ! એમની કીર્તિ જ એવી કે- કોઈની સાડીબારી ન રાખે ! ''

''તે..કોલેજના શેઠિયાઓ કે સરકારના પ્રધાનોએ એમને કોલેજમાંથી કાઢી નહીં મૂકેલો? ..
'' ટ્રસ્ટીઓ કે પ્રધાનો જેમને કાઢી મૂકી શકે જ નહીં, એવા તે વખતના પ્રિન્સિપાલો હતા!
... છોકરાઓ એમને બહુ ચાહતા...''

''પ્રધાનોને ? ''

''ના.. એસ.વી. દેસાઈને''

''લિબરલ હશે, કેમ ? અમારા પ્રિન્સિપાલ પણ બહુ સારા છે. ફર્સ્ટ ટેસ્ટ ના લેશો એમ અર્થ કહ્યું એટલે ના લીધી ! ''

''આમનું એવું કે પરીક્ષા ના લો કહે તો પરીક્ષા તો કડક લે જ., પણ નહીં લેવાનો વિચાર માત કરવા બદલ તમારો દંડ કરે ! ''

''હાય.. હાય''

'' જો કે પરીક્ષા ઉપરાંતની પણ બધી જ બાબતોમાં દંડ કરે ! '' પિરિયડ ન ભરો તો દંડ કરે.. લોબીમાં ફરતા હોયતો ય દંડ કરે.ક્રિકેટના કંપાઉન્ડમાં ચાલતા હો યો ય દંડ કરે.. ''

'' છોકરાઓઓ ? ''

'' એમનું ચાલત તો પ્રોફેસરોનોય કરત! ... પણ સદ્‌ભાગ્ય પ્રોફેસરો તે વખતે દંડ કરવો પ્રો એવું કશુ કરતા નહી ! ''

''તે કાઇનો કરે, એવા પ્રિન્સિપાલ.. બહુ અનપોપ્યુલર હશે, નહી? ''

''ના! ઉલટા ખૂબ પોપ્યુલર હતા. વિદ્યાર્થીઓ એમને ગુરુની જેમ જ નહીં, દેવની જેમ પૂજતા..'

''કલાસમાં નોટસ આપતા હશે.. ''

'' નોટસ તો નહી જ, કલાસમાં મૂળ વિષયમાં ભાષણ પણ ઘણીવાર ન આવે ! .. આખો વખત હિન્દુસ્તાન દેશ વિષે ભાષણ આપે ! પણ એને પરિણામે મૂળ વિષય ઈકોનોમિકસ વધારે સારો સમજાય ! મૂળ વિષય તમારે માટે અર્થશાસ્ત્રીઓના ઓરીજીનલ અંગ્રેજી પુસ્તકોમાંથી લાયબ્રેરીમાંથી વાંચી લેવાનો ! ગાઈડનું નામ બોલો તો દંડ કરે.. અને તમારા હાથમાં ગાઈડ જુએ તો.. તમને જેલમાં લઈ જાય.''

''જેલમાં ? ઓ ગોડ ! ''

'એટલે કે એમની કેબિનમાં! ''

''પછી? ખખડાવી નાંખે ? ''

'' પ્રેમથી બેસાડી રાખે અડધો કલાક કલાસ..અનેવઢે નહિ પણ હસાવે.. ''

''જોકસ કહે ? અમારે એક પ્રોફેસર છે તે કલાસમાં ...''

'ના! આ હસાવે તે તમારા પર વ્યંગ કટાક્ષ કરીને જો જો કે પરિણામે છોકરો એવો તો સિયાવિયા થઈ જાય.. કે..''

''હડતાલ પાડે ? ''

''ના! જીંદગીભર માટે સુધરી જાય... અને જીંદગીભર એસ.વી.કાકાને આભારવશ બનીને

યાદ કરે. આજે ય એવા સેંકડો પ્રૌઢજનો છે - ઊંચા ઊંચા સ્થાનોએ કે જે કહે છે કે અમે જે કાંઈ છીએ તે દેસાઈ સાહેબને કારણે છીએ. ''

''એમ ? એમની કોલેજમાં બધા ફર્સ્ટકલાસ આવતા હશે. ''

''ફર્સ્ટકલાસ તો તે વખતે યુનિવર્સિટી કોઈને આપતી નહીં પણ છોકરાઓ દેસાઈસાહેબના શબ્દોથી ડરીને ભણતા ખૂબ. અને ચારિત્ર્યવાન પણ બનતા.. ''

'' હેં ? હેં ? .. શું કહ્યું તમે ? ''

'' ચારિત્ર્યવાન.. હવે તો એ શબ્દ તમને બધાને નહીં સમજાય. અમારા એ પ્રિન્સપાલ - અને એમની સાથેના પ્રોફેસરો- અમારું ચારિત્ર્ય ઘડતા...''

''ચારિત્ર્ય ઘડે એટલે.. શું કરે? ''

'' આપણા મગજમાં એવું ભૂત ઘસાડી દે કે પછી જીંદગીમાં કશુંય ખોટું કામ કરીએ તો આપણું મન ડખે ! ...''

''હીહીહીહી...''

''કેમ હસે છે ?''

''હસવું ન આવે? કોલેજને ને ચારિત્ર્ય ને ચારિત્ર્યને શો સંબંધ ? ...''

''આવી ઉત્તમ સમજ એસ.વી. દેસાઈ સાહેબના જમાનામાં નહીં. તે જમાનામાં ગાંધીજીની અમારા બધા પર બહુ અસર હતી એટલે ચારિત્ર્ય અને મૂલ્યો અને આદર્શો ને એવું બધું જીવનમાં હોવું જોઈએ એમ મનાતું.. અમારા દેસાઈસાહબે હંમેશા ખાદીના કોટ પાટલુન પહેરતા.. એનાંએ વર્ષો સુધી..''

''કોંગ્રેસમાં બોલે ! જો કે વખતે કોગ્રેસની વિરૂધ્ધ બોલો તો સમાજમાં રાજકારણમાં તમને કાળાં પાણી થાય એવું હતું ! પચાસના સાઠનાએ દાયકાઓમાં ! એસ.વી.મોટા અર્થશાસ્ત્રી. એમના ભણાવ્યાની એવી પ્રતિષ્ઠા કે એમના વિદ્યાર્થીને લંડન સ્કુલ ઓફ ઈકોનોમિકસમાંમાત્ર એમના નામે જ એડમિશન મળી જાય. પણ એ પોતે એકકેય સરકારી કમિટિમાં નહી! ...''

''બિચારા! ''

''સવાર સાંજે ઘેર બેસી રહે.. ને બપોરે કોલેજમાં બેસી રહે.. અને છોકરાઓ આગળ બોલ્યા કરે બોલ્યા જ કરે.. અને છોકરાઓને ચોપડીઓ વળગાડે..'

''શું ? .. શું કહ્યું? '' .

''ઘરમાં મોટું અંગત પુસ્તકાલય.. તેમાંથી અમને ચોપડીઓના ઢગલા આપે ! .. આપે જ નહીં, વળગાડે! અર્થકારણ, રાજકારણ, સમાજશાસ્ત્ર, સાહિત્ય, ફિલસૂફી...''

''આફત! ''

''અને ત્રાસ તો એવો કે પાછા પૂછે કે આમાંથી શું વાચ્યું ? .. શું સમજયા? .. ગપ્પા મારીએ તો હેરાન હેરાન કરી નાંખે...''

''દંડ કરે? ''

''ના! પોતાને બંગલે લઈ જઈ ડ્રોઇંગ રૂમમાં સેકંડો ચોપડીઓના કબાટો વચ્ચે તમને બેસાડીને

ચા પાય...''

''અરે...''

''અને ભાષણ સાથે.. કલાક દોઢ કલાક.. બે કલાક.. અઢી કલાક... ચોપડીઓ વાંચવા વિષે.. સ્વતંત્ર વિચારો કરવા વિષે.. ચારિત્ર્યવાન થવા વિશે...'

''બોરિંગ થઈ જતું હશે બધું ! નહી? ''

''ભાષા એવી વ્યંગકટાક્ષમય કે તમને ઉઠવાનું મન ન થાય! મને યાદ છે.. પછી કો'ક વાર રાત્રે આઠ નવના ગયા હોઈએ તો બાર સાડાબાર એક વાગ્યે છોડે... ''

''ઓહ...''

'અને પછી ચોપડીઓ તો વળગાડે જ ! ''

''અરેરેરે...''

''અને એ ચોપડીઓ - આલ્ડસ હકઝલીની, બર્ટ્રાન્ડ રસેલની, સી.ઈ.એમ. જોડન.. બર્નાડ શોની.. ડિકન્સની અને ડોસ્ટોવ સ્કીની.. અમારે.. વાંચવી પડે! વાંચવી જ પડે ! તું મને.. વધારે ન પૂછીશ... અમારી આંખમાં આસૂં આવી જનશે...''

''એમનો ત્રાસ યાદ આવે છે એટલે ? ભયંકર કહેવાય ! ''

''અદ્‌ભૂત કહેવાય. જેનાથી તમે પિતાથી ડરો એવું ડરતા હો. જેની પાસેથી તમે પિતા પાસેથી લો એવી ગૌરવભર્યા જીવનમુલ્યોની પ્રેરણા લો, અને સૌથી વધુ તો જેને તમે પિતાના ચાહો એટલા ચાહી કો એવા ગુરૂઓ કેટલાક સદ્‌ભાગીને મળે ? ... આ શનિવારે સાંજે અમે બધા એચ.એલ.ના અને બીજા નાગરિકો ભેગા મળીશું ત્યારે એ ખૂબ યાદ આવશે...''

''શું છે શનિવારે સાંજે ? ''

''એમની સ્મૃતિમાં સ્મારક વ્યાખ્યાન છે. ભાઈકાકા હોલમાં..એસ.વી. દેસાઈ સ્મૃતિ વ્યાખ્યાન.. લંડન સ્કુલ ઓફ ઈકોનોમિકસ, જયાં એસ.વી. સાહેબ ભણેલા, તેના પ્રોફેસર ડો. મેઘનાદ દેસાઈનું ઈઝ સોશ્યાલિઝમ ડેડ ટુ ડે ? એ વિષય પર ...''

'એટલે ?''

'શું વિશ્વમાં સમાજવાદ ખરેખર મૃત્યુ પામ્યો છે ? ''

''ગાર્બોચેવ અને ઈસ્ટ વેસ્ટ જર્મનીને એવું બધુને ? તમને શું લાગે છે ? શું વિશ્વમાંથી સમાજવાદ ખરેખર મૃત્યુ પામ્યો છે? ...''

''એ વાતની તો ખબર નથી. પણ એક વાતની ચોક્કસ ખબર છે... ''

''શું ? ''

''કે એસ.વી.દેસાઈ મૃત્યુ પામ્યા નથી...''

- બકુલ ત્રિપાઠી
(ઠોઠ નિશાળીયો)
કક્કો- બારાખડી કટાર
ગુજરાત સમાચાર.

મૂલ્યોના રખેવાળ :
સ્વ. આચાર્ય સુરેન્દ્ર વૈ. દેસાઇ

કાળા ચશ્માંથી મેઢલો એમનો ધીરગંભીર ચહેરો હમેશાં કડક દાબ બેસાડતો, વિદ્યાર્થીઓને ઊભી પુંછડીએ કેન્ટીનમાંથી વર્ણ ભણી દોડાવતો, હૈયે વાગે એવા કટાક્ષભર્યા વેણથી અકળાવતો ને છતાં એ જ ચહેરો તીવ્ર બુદ્ધિ અને ઊંડી સરસ્વતીભક્તિની ચાડી ખાતો.

શિક્ષક તરીકે એમની આગવી પ્રતિષ્ઠા હતી; એકની એક નોટનાં પાનાં છૂટાં પડી જાય ત્યાં સુધી એમાંથી જ વ્યાખ્યાનો આપતા અધ્યાપકગણમાં એ અપવાદરૂપ હતા. દર વરસે વ્યાખ્યાનો માટે નવી નોંધ લખતા; આથી એમની શીખવવાની રીતમાં તાજગી હતી, માત્ર દૃષ્ટાંતો આપવામાં પુનરુક્તિઓ વારંવાર જોવા મળતી.

શિસ્તબદ્ધ પ્રાધ્યાપક હોવા ઉપરાંત એ કાર્યદક્ષ આચાર્ય હતા. એચ.એલ. કૉલેજ ઓફ કોમર્સને ગુજરાતની સૌથી પ્રતિષ્ઠિત કૉલેજ બનાવવામાં એમણે ખૂબ સક્રિય ફાળો આપ્યો હતો. અર્થકારણ અને વાણિજ્યને લગતાં સર્વશ્રેષ્ઠ પુસ્તકો વસાવીને એચ.એલ. કૉલેજના ગ્રંથાલયને એમણે ખૂબ સમૃદ્ધ બનાવેલું.

પ્રિન્સીપાલ એસ.વી. દેસાઇ ૧૦મી નવેમ્બરે અમદાવાદમાં ૭૪ વર્ષની પાકટ વયે મૃત્યુ પામ્યા ત્યારે સ્વયં એક સંસ્થા સમા હતા. જીવનનાં છેલ્લા થોડાં વર્ષ એમને માટે ખૂબ અકારાં નીવડ્યાં હતાં. તબિયત કથ્થાગરી નહીં ને વાંચવાનો ઉમળકો ખૂબ થાય પણ ઉંમરને કારણે વંચાય નહીં. જેણે જીવનભર આકરો પુરુષાર્થ કર્યો હતો એવી વ્યકિતને આવી લાચાર અવસ્થામાં જીવતી જોવી એ પણ દૂ:ખદ્ અનુભવ હતો.

૧૯૩૬માં ગુજરાતની સર્વપ્રથમ કૉમર્સ કૉલેજ અમદાવાદમાં સ્થપાઈ ત્યારે અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અને હોસ્ટેલના છાત્રપતિ તરીકે એ જોડાયા ને ૧૯૪૩માં એનું આચાર્યપદ સંભાળ્યું. સંસ્થાની પ્રતિષ્ઠા ને વિદ્યાર્થીઓની ગુણવત્તા વધારવામાં એ એટલા મગ્ન બની ગયા કે થોડાં વર્ષમાં તો એચ.એલ.કૉલેજ ઓફ કૉમર્સ ''એસ.વી.''ની કૉલેજની તરીકે ઓળખાવા લાગી - આચાર્ય દેસાઈ અને કૉમર્સ કૉલેજ જાણે કે એકબીજાનાં પર્યાય બની ગયાં. ગુજરાત અને સિન્ધભરમાંથી અનેક વિદ્યાર્થીઓને એચ.એલ.માં ભણવા આવવાનું મન થાય. ઉચ્ચ શૈક્ષણિક ધોરણો સ્થાપે અને સંવર્ધે એવા સંનિષ્ઠ પ્રાધ્યપાકોને દેશભરમાંથી આમંત્રી - જાળવી રાખીને કૉલેજની પ્રતિભા ઉપસાવવાનું કામ દેસાઈસાહેબે ખંતપૂર્વક કર્યું. પ્રાધ્યાપક કેટલો ખંતીલો છે, વિદ્યાર્થીઓમાં એ કેવો રસ લે છે. એ તુરત જાણી લે ને નબળો લાગે તો તુરત એને ટકરો પણ કરી લે કોઇવાર તો અધ્યાપકને ખોટું લાગે તેવી ભાષામાં. કૂવામાં હોય તો જ હવાડામાં આવે એ કહેવતનું ભાન એ અધ્યાપકોને હમેશાં કરાવતા ને પોતાનો કૂવો ભરેલો રાખવાની તત્પરતા દાખવે એવા અધ્યાપકો ઉપર દેસાઈસાહેબ વારી જતા, ભલે એ અધ્યાપક માત્ર ''જેકટ-રીડર'' હોય.

H. L. College of Character

I have never been questioned on why I have always been so proud of my graduation from H.L. College of Commerce. Of course, I have never been in the slightest doubt about the legitimacy of my pride in having been an HL-ite. But I have not until now been able to answer the question as to why the others have always considered my pride to be so justified. Not until, that is to say, this opportunity was offered to me to write about "**our time** " at HL. For, it is in reminiscing about our times at HL that I am beginning to find the answer to the question of what justifies the extraordinary pride in our Alma Mater, the very special feeling each HL-ite carries in his heart for this very special institution, and the very special respect that the others show towards this well-known college.

In the end, I find that the answer is quite simple. The origin of both the pride of the HL-ites and the respect of the non-HL-ites lies in the fact that H.L. College of Commerce always had, well yes, character. It never was, and I hope it still is not, just another college, just another one of those myriad commerce colleges in this country. It is its character that has always made HL into an institution, transcending its mere college status.

Everything about HL had character: its location, its layout, its playground, its Principal and its Professors, its instruction, its staff, its management and its - dont forget - students. There is so much to remember about all of these aspects of HL that one is bound to forget a lot and recall just a little in the space of such a small article. The Golden Jubilee Committee in charge of this souvenir publication ought to have asked me to write a book, not jut an article ! So if you the reader have been an HL associate and if you do not figure in my recollections, please remember my limitation and forgive me for the omission.

Character means awareness, constant awareness of certain considered values that one observes in the conduct of one's life. It is is its own special set of values that always set HL apart from the heard. It is these special HL values one sees constantly and consistently observed in all that one can recall from one's association with it.

Ahmedabad has always brought the most advanced professional education to its citizens. So it was Sheth Shri Hargovandas Lakshmichand and the other promoters of HL who we must remember as the pioneer of not just HL but of the commerce

education in Gujarat. They established the HL values by following very high standards in the election of its managers, its staff and above all its principal. If a name like V.K.R.V. Rao was associates with HL, it is thanks to the vision of the promoters. The same goes for Principal S.V.Desai , a name that is almost inseparable from the H.L. College of Commerce. If I came to HL it was because HL had SV, while other colleges had other principals. Memories of HL must begin with Principal Desai, not out of disrespect to anyone else, but because my very appreciation of HL comes from him.

What Principal Desai did was not just teach economics at HL, but in fact he worked on the character of his students. What was his vocation also became the primary aim of almost the whole team of HL professors. They all worked on moulding the character of the students who passed through. Certainly we were all prepared for a degree in Commerce, and prepared well. But we were also made into men that we became, through the care and affection of the teachers who gave us some invaluable education about life itself.

SVD of course gave us his own, by now well-known values : to think to think for oneself, to question everything, to read and get to know things, not to be satisfied ever as **"those buffaloes"** lying contentedly in the many muddy holes that then surrounded the HL in Navrangpura ! His method of calling some of us to his home and then giving us not just the books but the jolting thoughts, was unique even if Socratic. Religion, politics, society nothing was beyond his questioning. My experience is that we are still asking some of the same questions even today, without the benefit of his capacity for analysis and answers.

As he encouraged his students to be independent thinkers, SVD also collected around himself a team that could do this job of character formation with as much skill and commitment as himself. Appropriately enough, the team also included some iconoclasts, some trained to be so by SVD himself.

HLC or SVD was not all serious study. We had the whole cricket and football teams to show to the world. We also had the pride of place in cultural activities; the song and drama at the Annual Functions and at the Youth Festivals - the English Plays in particular, and the debates and elocution competitions that brought out the best in our student. The wide collection of trophies and shields in the Principal's room must attest to these achievements even today. I remember it often became embarrassing when our own people kept brining back our Gandhi Trophy !

I had some very close and public encounters with Principal Desai. One was the students union elections in which I was a candidate for General Secretary-ship. In a closely contested election, the result was a perfect tie between the two candidates, The college rules, or may be the tradition, gave Principal Desai the right to cast his tie-breaker vote. Soon after the results of the elections were announced, a lot of excitement was generated by the prospect of what would happen next to break the tie. Hence, a large crowd of the student community had

gathered in the entrance hall, filling up all the space upto the door to the Principal's office. As would happen in any election, the crowd included supports of both the candidates, and so the general atmosphere was pretty tense. The reaction to Principal's casting vote could have generated a strong mob reaction difficult to control. The other candidate and I were called inside the Principal's office, where a large number of professors were also kept present. The student affairs coordinator, explained to both of us what had happened and that it was now left to the Principal to unblock the situation.

The other candidate was aware of the fact that I was one of those students who were a little closer to the Principal only in the sense as explained earlier. He was, therefore, apprehensive about the outcome of the vote. During those tense moments , what did Principal Desai do ? The most unexpected thing. of course, as was always to be expected from him !

But what he did was real education for me. He said his casting vote would mean a show of favour to the beneficiary of it. And hence, he preferred to let the fate break the tie; so he asked that lots be drawn with the two names of the candidates and he, of course, would pick the winning lot. This was the quick decision that was as wise as it was innovative. Under those tense circumstances, a casting vote could have certainly aggravated the tensions, could have even damaged the credibility of the Principal as an impartial arbiter. Despite some slight dissent over this decision, everyone present inside the office and out left the college completely spellbound by the surprise and the fairness of the decision. The lesson for me was that where fairness is required, one must even avoid the exercise of one's rights in its interest. The example given was more eloquent than any words he could have used, however noble.

Principal Desai was not alone to have made HL what it has been. He was just the leader of all those who he had working with him on the same objectives with the same commitment and the same concern for students. Each of the professors that I remember was " a character" in his own right ! If academic discipline was inculcated in the college by Principal Desai, there was the living discipline taught to those of us who lived in the HL hostels, by the rector As we know now, it is no small time ! And to get these children to work, to keep them away from the Restaurant, to get them to keep the hostels clean, to handle the fights, to get them to keep the hostels clean, to handle the fights and the strikes and the complaints over the mess food, and... What not ?

Principal Desai and all of the others who are mentioned and not helped us form and reform our character, the whole HL College that we feel walking behind us.

Indeed, the H.L.College of Commerce ought to be renamed H.L.College of Character.

Divyabhash Anjaria

એસ.વી.દેસાઈ - એક સંસ્થા

પ્રિ. એસ.વી.દેસાઈને આપણે બધાએ જાણવા જ પડે. એ એ પૂર્ણ પુરૂષોત્તમ એ નહતા. પક્ષપાતી હતા, પૂર્વગ્રહયુકત હતા, અને છતાં શા માટે યાદ આવો જયારે એમના સમગ્ર વ્યકિત્વનો વિચાર કરીએ ત્યારે વ્યકિતભાવ અને આદરથી મસ્તક ઝૂકી જાય.

મને એચ.એલ. કૉલેજમાં નોકરી મળી ત્યારે જેને કહ્યું તે તરત જ સામે કહે 'કહા, એ તો એસ.વી દેસાઈની કોલેજ. '' સવારના પહેલા આવે, સાંજે છેલ્લા જાય.'' મારે તો એમની સાથે બહુ ઝઘડો થાય. સારા વિદ્યાર્થીઓ મળવા આવે તો કહે, '' ભાઈ, આ દેશમાં તમારું ભાવિ નથી.વિદેશ જજે'રુ, ત્યારે હું સાહબેની હાજરમાં જ વિદ્યાર્થીને કહું કે, સાહેબ તો કહે; આપણે અહીં જ રેહવાનું. આજે હું સાચો હતો કે સાહેબ સાચા હતા તે નક્કી કરવું અઘરું નથી. આવા વિઝનસ દષ્ટા હતા.

મારા એક મિત્ર એસ.એલ.છોડી ખાનગી કંપનીમાં જોડાયા. પૉંડિચેરમાં હતા. ફાવ્યુંનહીં, એટલે પરત આવી શહેરની બીજી કોલેજમાં જોડાયા. સાહેબને લાગ્યું. બીજી કોલેજમાં જોડાવા માટે એમણે આ ટીક કરેલી. વાર્ષિક કોન્સર્ટમાં મેં એ પ્રોફેસર મિત્રને મારા મહેમાન તરીકે આમંત્રણ આપ્યું. એસ.વી.દેસાઈ સાહેબ ખૂબ ખીજાયા. સાંજે હું પણ ઝઘડયો. બંન્નેનો ગુસ્સો નીકળી ગયો. એમણે આમંત્રણ કાર્ડ ધીરેકથી ટેબલ પર ફેંકયું. હું એમને એમ બેસી રહયો. તુર્ત જ એમણે કાર્ડ હાથમાં લીધું અને આવતાં બોલ્યા, '' આઈ એમ સોરી વોરા''. આ સમગ્ર જેસચર આજે પણ મારી આંખ સામે તરવરે છે. કેટલો શાર્પ, સમજૂ, ઉદાર માણસ ! કેટલો સંસ્કારી માણસ! માટે માન આપવું પડે, યાદ કરવા પડે.

એક વખત હું ટેબલ ઉપરથી પેન્સીલનું નાનું રબર લઈ રમ્યા કરતો હતો. સો એન્ડ બીકોલ્ડ. સાહેબ કહે કે, '' ભાઈ વોરા, પેન્સીલની ચોરી, ચોરી જ કહેવાય.'' મેં કહયું. સર, આઈ એમ ઓલ્ટર્ચીંગ ઘેર કર્યા લઈ જવાનો છું ? સાહેબ બોલ્યા, ''ભાઈ એવું છે ને કેનાની પેન્સીલછે. ભુલમાં રમતાં રમતાં ખીસ્સામાં મૂકાય જાય. તમે ઘેર લઈ જાય. પાછી લાવવી ભૂલી જાય. હું પણ ભૂલી જાઉ. કોલેજની તો પેન્સીલ જાય ને ! '' આટલી ઝીણવટ. આટલી કાળજી પછી માન નથાય ?

તેઓએ અમને શિક્ષકની ખુમારી શીખવી. શિક્ષક એ બધાથી સુપીરીયર છે. પોતાનું ગૌરવ જાળવવાનું સમાજને શીખવવાનું કે શિક્ષકનું ગૌરવ સમાજે જાળવવું જ પડેશ.

આવા હતા એસ.વી. દેસાઈ સમાર્ટ, શાર્પ, બહુશ્રુત વિદ્વાન, ભાષાવિદ, ઉત્તમ રમૂજ વૃત્તિવાળા, ખેલદિલ એન્ડવોટ નોટ ?

અમને અમારા બધાનાં કોટિ કોટિ વંદન

એસ.બી.વોરા

૧૯૪૩ થી ૧૯૬૯ સુધી - એટલે કે લગભગ ૨૭ વર્ષ સુધી- દેસાઈસાહેબે કૉલેજની પ્રતિષ્ઠા કંડારી ને એની પ્રતિભા ઉપસાવી. એમણે વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો બનેને કેળવ્યા, એમના જીવનની કોર વાસ્તવિકતાને ઝીલવાની તાકાત રેડી. એમના હાથ નીચે ભણી ગયેલા વિદ્યાર્થીઓએ પણ આ બધા ભારતભરમાં ને વિદેશોમાં શિક્ષણ સંશોધન, વાણિજ્ય ને ઉદ્યોગક્ષેત્રે પદાર્પણ કરીને નોંધપાત્ર કામગીરી બજાવી રહ્યા છે. અલબત્ત, દેસાઈસાહેબ નિરાશાવાદી હતા, જગત પ્રત્યેનું એમનું વલણ કાંઈક ઉપહાસમયું હતું. ગાંધીજી, સરદારને બાદ કરતાં એક પણ રાજકીય નેતા પ્રત્યે એમને માન ને શ્રદ્ધાની લાગણી ન હતી. નહેરુ એમને વિચારોમાં પતંગદોરની ગૂંચાઈ ગયેલા લચ્છા જેવા લાગતા. નહેરુનો કાલો આદર્શવાદ દેશને ચક્કરમાં ફસાવશે, આગળ નહીં લઈ જાય એવું એ માનતા ને કહેતા. એ વાંચતા ખૂબ પણ ક્વચિત્ હાથમાં પકડીને લખવાના જબરા કાયર- એમના મનમાં કોઈ અજંપો એવી ગ્રંથિ બંધાઈ ગયેલી કે આ દેશમાં લોકો ' ઓછું વાંચીને લખે છે ; આથી ભારતીય લેખનો ને એમાંયે ખાસ કરીને અર્થશાસ્ત્રીઓ - ની એ બહુ કંકડી ઉઘાવત. એ જે વિષય શીખવતા હોય એમ ભારતીય લેખકનું પુસ્તક ભાગ્યે જ સૂચવે. કોઈવાર ન છૂટકે સૂચવવું પડે તો પણ પુસ્તક કે એના લેખક વિષે એકાદ બે ટોણા તો મારી જ લે.

દેસાઈસાહેબની અત્યંત અભિનંદનીય વિશિષ્તા એ કે એ સાચા અર્થમાં બુદ્ધિજીવી હતા. અર્થશાસ્ત્ર વિશે તો જાણે વાંચે જ; પણ રાજકારણ, કવિતા, નવલકથા, જીવનચરિત્ર વગેરેમાં પણ એટલો જ રસ લે. સંસ્કૃત ભાષા પ્રત્યે એમને અનહદ પ્રેમ હતો; અનેક શ્લોકો એ કડકડાટ બોલી જતા. ગુજરાતી સાહિત્યનું એમનું વાચન ગુજરાતીના અધ્યાપકો કરતાં ઓછું નહીં હોય અંગ્રેજી સાહિત્યના એક પણ મહાન નાટ્યકાર, કવિ કે નવલકથાકાર એવો ન હોત જેની કોઈ ને કોઈ કૃતિ દેસાઈસાહેબે ન વાંચી કે વસાવી હોય. એમનું દિવાનખાનું અને અભ્યાસખંડ એક જ હતાં.

નાના ગામમાંથી મેટ્રિક થઈને હું પ્રથમવાર કૉમર્સ કૉલેજમાં દાખલ થયો ત્યારે એક દિવસ રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળની એક મીટિંગની નોટીસની પરબીડિયું આપવા દેસાઈસાહેબને ઘેર જવાનું થયું. ડરતાં ડરતાં મેં બારણાની ઘંટડી દબાવી ને થોડી વારમાં એમણે બારણું ખોલી અંદર બોલાવ્યો. ઓરડાની ચારેબાજુ પુસ્તકોનાં કબાટ જોઈ હું તો આભો જ બની ગયો. બાઘાની જેમ મેં પૂછી નાખ્યું: ''સાહેબ, આ બધા પુસ્તકો આપનાં પોતાનાં છે ? ''

'' તો શું હું કૉલેજમાંથી ચોરી લાવ્યો છું એવું તમને લાગે છે ? '' દેસાઈસાહેબે મારી બોબડી બંધ કરી દીધી. પણ એ સવાલ પૂછવાનું પરિણામ મારે ભોગવવું પડયું. દેસાઈસાહેબ હું સમજી શકું એવા પુસ્તકો પસંદ કરીને વાંચવા આપવા માંડ્યા ને હું એ વાંચું છું કે નહીં એની પરીક્ષા લેવા માંડ્યા. જો કોઈ બહાના નીચે એમને મળવાનું ટાળ્યું, તો એમનો પટાવાળો શિવાહત હોસ્ટેલમાં આવીને બારણું ખખડાવે. ''સા'' બુલાતે હૈ.'' મરી ગયા, બહાના નહીં ચાલે, જવાબ આપવો જ પડશે. પુસ્તકો પ્રત્યે, વિદ્યા પ્રત્યે અનુરાગ કેળવવામાં મારા જેવા અનેક વિદ્યાર્થીઓને દેસાઈસાહેબે સહાય કરી હશે.

ગુજરાતમાં વાણિજ્ય શિક્ષણક્ષેત્રે પાયાનું કામ કરનાર તરીકે દેસાઈસાહેબ હમેશાં યાદ રહેશે. એક અગ્રગણ્ય કૉલેજના પ્રિન્સીપાલ તરીકેનું જ નહીં, ઉચ્ચ બૌદ્ધિક પ્રજ્ઞાલિકા પાડનાર તરીકેનું પણ એમને ઠાઠે જાય છે અમદાવાદની એચ.એલ. કૉલેજ ઑફ કૉમર્સના આચાર્યનો ખંગલો એ દિવસોમાં દેશીવિદેશી બૌદ્ધિકો, કવિઓ, સાહિત્યકારોને રાજપુરુષોના મિલનસ્થાન સમો હતો. સર્વશ્રી બી.કે.મજમુદાર, પ્રો.હાંતવાલ, જયંતી દલાલ, નીરુભાઈ દેસાઈ, ઈન્દુલાલ યાજ્ઞિક, એસ.આર.ભા. અશ્વિન ત્રિવેદી, ઉત્સવ પરીખ વગેરેએ વિશ્વની અનેક સમસ્યાઓ ત્યાં ગપ્પાં મારતાં મારતાં વર્ષો ઉકેલી કે ગૂંચવી હશે.

દેસાઈસાહેબને કડવી વાત ખાંડની ચાસણીમાં ડબોળીને કહેતા આવડે નહીં - એ એમના સ્વાભાવની વિરુદ્ધ. આથી એમના વિષે કડી ગેરસમજૂતી થઈ હશે.ને અને ઝિંદા પડ એમના આંગણા સુધી આવીને પાછાં વળી ગયાં હશે. ગુજરાતના બહુ ઓછા શિક્ષણશાસ્ત્રીઓએ જાહેર પ્રશ્નોની મુક્ત ને નિખાલસ ચર્ચા કરવામાં દેસાઈસાહેબ જેવો ફાળો આપ્યો હશે. જ્ઞાનના પ્રસાર અને મુક્ત ચર્ચામાં માનતા હોય અને એ માટેની હિંમત ચુકવતા હોય એવા નિઃસ્વાર્થી પ્રાધ્યાપકોની પેઢીના એ કદાચ છેલ્લા પ્રતિનિધિ હતા. સ્પષ્ટ વકતા બનીને ' દુઃખી ભવેત' માં એ માનતા હતા. એની એમને જરાય રંજ ન હતો.

સાહિત્યમાં ને વાતચીતમાં એમને સૌથી વધુ મજા પડતી વ્યંગોક્તિમાં એમનો કટાક્ષ ઘણા સ્નેહીઓ અને સહકાર્યકરોને કોઠે પડી ગયો હતો; કદાચ પુનઃ પુન : રટણને કારણ એની ધાર બુઠ્ઠી બની ગઈ હતી; પણ એ કટાક્ષ કરનારના હૃદય સુધી પહોંચવાનો પ્રયત્ન જ છોડી દે.આથી દેસાઈસાહેબના મુલાયમ ને સંવેદનશીલ હૃદયને બહુ ઓછા વિદ્યાર્થીઓ ઓળખી શક્યા હશે. કટાક્ષ શક્તિનો એમણે રચનાત્મક ઉપયોગ કર્યો હોત તો ગાલબ્રેઈથ અર્થશાસ્ત્રમાં જે વિચારચેતના આણી શક્યો એ કદાચ દેસાઈસાહેબ નાના પાયા ઉપર પણ ભારતમાં આણી શકત; પરંતુ ભાવિ પેઢી માણી શકે, જાણી શકે એવું કોઈ દેસાઈસાહેબ પાછળ મૂકી ગયા નહીં એનોવસવસો એમના અનેક મિત્રો-પ્રશંસકોને રહેશે.

આમ છતાં એમની અનેકવિધતા, પ્રામાણિકતા, સેવાપરાયણતા અને અપ્રતિબદ્ધ બુદ્ધિવાદને કારણે આપણા દેશના ખૂબ ઓછા ચારિત્ર્યવાન માનવીઓમાં એમની ગણના થશે. ગુજરાતના એક સન્માનિત કુટુંબ (વિખ્યાત ન્યાયમૂર્તિ અને જાહેરસેવક દીવાન બહાદુર બંબાલાલ સાકરલાલ દેસાઈના એ પૌત્ર હતા) મા જન્મ્યા, ન્યુયોર્કની પ્રતિષ્ઠિત કોલંબિયા યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં અનુસ્નાતક ઉપાધિ મેળવીને ૧૯૨૭માં ભારત પાછા ફર્યા. એ અમેરિકા ગયા ત્યારે કુટુંબની આર્થિક સ્થિતિ ખૂબ ઉજળી હતી, પાછા વળ્યા ત્યાં સુધીમાં તો સાવ પલટાઈ ગઈ હતી. સ્વાર્થી સગાં ને મિત્રોનું વલણ પણ બદલાઈ ગયુહતુ. આ અનુભવની અસર દેસાઈસાહેબના વ્યક્તિત્વ ઉપર ખૂબ ઘેરી પડી. એમના 'સીનીસીઝમ' માટે કદાચ આ બે અંતિક પ્રકારના અનુભવો જવાબદાર હોય.

દેસાઈસાહેબની રહેણીકરણી સાવ સાદી હતી. પુસ્તકો, સિગરેટ ને દિવસની ૩૪નેક કપ ચા- આ એમની મુખ્ય નબળાઈઓ. જે દિવસે ડાકતરે તબિયતના કારણસર એમને સિગરેટ પીતા બંધ કર્યા, એ જ દિવસે સાચા દેસાઈસાહેબે વિદાય લીધી, રહ્યા તે ઉલ્લાસ વિનાના પરાણે જીવન ખેંચતા દેસાઈસાહેબ.

કડક લાગતા ને વકોક્તિમાં રચતા દેસાઈસાહેબ પ્રેમાળ પિતા હતા. એ કૉલેજના ૧૮૦૦ વિદ્યાર્થીઓને બરાબર અંકુશમાં રાખતા, ઘરમાં એમનાં દીકરા-દીકરી પ્રદીપ-ચિતા ધીંગામસ્તી કરે તો એ લાચાર બનીને ફરિયાદ કરતા, એમને શાંત રહેવાની વિનવણી કરતા. પ્રદીપ -ચિત્રાને શિસ્તમાં રાખવાની ને લેસન કરાવવાની કડવી જવાબદારી પૂ. શાંતાબેને સંભાળવતી પડતી; દેસાઈસાહેબને બંને બાળકો પ્રત્યે જબરો વાત્સલ્યભાવ હતો બાળકો પણ એમની સાથે મુક્ત રીતે વાત કરી શકતાં.

મૃત્યુના એકાદ મહિના પહેલાં અમદાવાદની ઉતાવળી મુલાકાત દરમિયાન દેસાઈસાહેબને મળવા ગયો ત્યારે એ ખૂબ ફિક્કા ને દુર્બળ ભાસેલા. એમણે કહેલા શબ્દો મને બરાબર યાદ છે : ''ટિકિટ કઢાવી લીધી છે, સામાન બંધાઈ ચૂક્યો છે; પ્લેટફોર્મ પર રાહ જોઈજોઈને હું થાકી ગયો છું; હવે તો ટ્રેન ઝટ આવીને મને લઈ જાય તો સારું.''

છેવટે ટ્રેન આવી, એમને લઈને ચાલી પણ ગઈ; પણ સામાનમાં એક દાગીનો ઉપાડવાનું ભૂલી ગઈ - એ દાગીનમાં એમના ચારિત્ર્યનો સુવાસ, એમણે જાળવેલાં મુલ્યો, ફરજપાલનની સભાનતા અને એમને વહાલી માન્યતાઓ.

દેસાઈસાહેબના મિત્રો ને વિદ્યાર્થીઓને પાછળ રહી ગયેલો એ અમે અમૂલ્ય દાગીનો વરસો સુધી પ્રેરણા પાયા કરશે. પ્રેરણા પાવા જેવું જીવન જીવનારાં માનવોની સંખ્યા પણ આ ધરતી પરથી કેવી નાની ?

રામુ પંડિત
નિરીક્ષક : ૨૦-૧૧-૭૭

ચાંલ્લો પાંચ નહિ અગિયાર શોભે.....

એચ.એલ કૉલેજ ઓફ કોમર્સના પ્રિન્સીપાલ સુરેન્દ્રકુમાર વૈકુંઠરાય દેસાઈ એસ.વી. દેસાઈ સાહેબના છાપામાં છપાયેલ ફોટા સામે આંગળી ચીંધી (અ.સૌ.કર્ટસી પી.જી. માવલંકર) નલિનીએ અમને પ્રશ્ન કર્યોઃ 'આ એસ.વી.દેસાઈ તમારા વખતમાં ખરા? 'ના,' અમે કહ્યું, 'હું તેમના વખતમાં વિદ્યાર્થી હતો. ' આવું બોલતી વખતે અમે આનંદ ને ગર્વની મિશ્ર લાગણી અનુભવી.

જો કે દેસાઈસાહેબ એ વખતે અમને તેમના વિદ્યાર્થી બનાવવા સહજે પણ તૈયાર નહોતા. બહુ જ ઓછા માર્કસ હતા. માંડ ૩૫ ટકા, અમારી માર્કશીટ સામે જોયા પછી અમારા સામે જોઈને તે બોલ્યા હતા : 'વેરી પુઅર....' જ્ઞાનના આ ગરીબ વિદ્યાર્થીને પારાવાર શરમ આવતી હતી. તેમણે ભવિષ્ય ભાખ્યું કે તમે(એટલે કે અમે) કોમર્સમાં સ્હેજ પણ ચાલો એવા નથી. આ તો આર્ટસમાં ય ચાલો તો ચાલો, ગુજરાતીમાં માંડ ૩૬ માર્કસ છે. એડમિશન મળ્યા પહેલાં તેમણે અમને ઈન્ટર કોમર્સમાં બે વખત નાપાસ થતાં જોઈ લીધા હશે. આર્ટસમાં ય ક્યાં ચાલેલા ! નાપાસ થવાની આળસે અમે બી.એ.માં પાસ થયેલા. અને તે પણ થર્ડ કલાસમાં ગાંધીજીએ તો માત્ર ટ્રેઈનમાંજ થર્ડ કલાસમાં પ્રવાસ કર્યો હતો. અમે તો થર્ડ કલાસમાં જ જીવન પ્રવાસ કરીએ છીએ. થઈ થઈને ય એક હાસ્યલેખકથી વધારે કંઈ થઈ શકયા નથી.

સાચું કહીએ તો એ વખતે કૉલેજમાં જવાનો ને ભણવાનો એટલો ઉત્સાહ નહોતો. કંટાળો બહુ આવતો. કંટાળો આવે એટલે તોફાન કરવાનું મન થાય. આચાર્ય એસ.વી.દેસાઈ એટલે શિસ્તના પર્યાય. શિસ્ત એ અમારો સૌથી અપ્રિય વિષયને ટાઇમટેબલમાં નહીં હોવા છતાં આ વિષય શિસ્ત અમને સાચી જોડતી પણ નહોતી આવડતી. અમારે શિસ્ત સાથે જેટલું આડવેર એટલું દેસાઈસાહેબને તોફાન સાથે. પણ તે અર્થશાસ્ત્રના પ્રખરજ્ઞાની એટલે તોફાનમાંથી ય 'અર્થ કાઢી લે, કળી લે. તોફાનીઓએ આર્થિક દંડ કરે. અમને યાદ છે કોઇ ગુનાસર અમારો પાંચ રૂપિયા દંડ કરવામાં આવ્યો હતો. રિસેસમાં અમે દંડ ભરવા જતા હતા ત્યાં પસાર થતાં એક મિત્રે પૂછયું : 'કયાં જાય છે ભટ્ટ ?

'ચાંલ્લો કરવા ... ' અમે કહ્યું, 'થોડે આઘે દેસાઈસાહેબ ઊભા હતા. એની અમને જાણ નહોતી. તે ઝડપથી અમારી પાસે આવતાં બોલ્યા 'મિસ્તર ભટ્ટ, ચાંલ્લો તો અગિયાર જ શોભે.' ને અમારી અવળચંડી જીભે અમનો નો-રીફડેબલ એવો રૂપિયા અગિયારનો ચાંલ્લો ચોંટાડયો. આ ૧૯૫૬-૫૭ ની વાત છે. રૂપિયો નામમાં જ નહિ કામમાં પણ રૂપિયો જ હતો. અમને યાદ છે કે આ રીતે દંડ કરવાની તેમની સામે કટાક્ષ કરવા વિદ્યાર્થીઓ ફિશ-પૉન્ડમાં દેસાઈ સાહેબને બ્લેડ તથા કોથળી આપી હતી. 'દંડના પૈસા ભરવા કોથળી નહીં, મારે તો કોથળી જોઈએ....' એવા મતલબનો જવાબ પણ તેમણે આપ્યો હોવાનું કહેવાય છે.

શિસ્તનું તેમણે ભારે વળગણ હતું. કહે છે કે કોલેજમાં ભણતી નહીં હોવા છતાં એકવાર એક ગાય કૉલેજના મેદાનમાં રખડતી હતી. તેઓને પકડીને ડબ્બાવાળાનું કામ પણ તેમણે કર્યું હતું. ને તેના માલિક પાસે તેણે દંડ પણ ભરાવ્યો હતો. શિસ્તની ચરમસીમારૂપ એક દંતકથાય તેમના નામે વિદ્યાર્થીઓમાં પ્રચલિત છે. કોઇ બીજી કૉલેજનો છોકરો તોફાન કરીને નાસતો હતો. ત્યારે દેસાઈ સાહેબે એક પટાવાળાને તેની પાછળ છોડી મૂક્યો. એક છોકરો કંટાળી વાડ કૂદ્યો એટલે પટાવાળો પણ આ વાડ કૂદીને એ છોકરાને પકડી લાવ્યો. વાડ કુદવાનો ગુનો આચરવા બલ પટાવાળાનો પણ દંડ કરવામાં આવ્યો હતો. શિસ્ત એટલે શિસ્ત.

માત્ર વિદ્યાર્થીઓ પર જ નહિ. પ્રોફેસરો ઉપર પણ તેમની ધાક ખરી. દંડ ના કરે, પણ એવું વ્યંગબાણ છોડે ને સામેની વ્યકિતને જનોઈવઢ ઘા વાગ્યા જેવું થાય. અમારી કૉલેજમાં પુસ્કર ચંદરવાકર પ્રોફેસર. ગુજરાતી ભણાવે. ચૂપ હોય ત્યાં સુધી નિરુપદ્રવી લાગે. પુષ્પકરભાઈના પત્નીને દવાખાનામાં દાખલ કરવા પડેલાં. શનિવારે સવારની કોલેજ. આગલી રાતે પુષ્કરભાઈ દવાખાનામાં મળ્યો. એટલે વારે ધોતિયું ને ઝભ્ભો પહેરીને ટહેલતા ટહેલતા પુષ્કરભાઈ કૉલેજના ઝાપાંમો પેઠા. સામેથી આવતા પ્રિ. દેસાઇ સાહેબે દૂરથી તેમને જોયા. પુષ્પકરભાઈના ધોતિયા-ઝભ્ભોનો પહેરવેશ જરા વિચિત્ર જણાતો દેસાઈ સાહેબ 'દાઢમાં બોલ્યા : આવો મહારાજ....

(પુષ્કરભાઈના આ લિબાશમાં કલ્પના કરનાર, તેમને ઓળખનાર કોઇપણને દેસાઈસાહેબની તીક્ષ્ણ શકિત માટે ચોક્કસ આદર થશે) અને પ્રો. પુષ્કર ચંદરવાકરને આ સંબોધનથી માઠું લાગી ગયું. તેમણે તરત જ રાજીનામું લાગી ગયું. તેમણે તરત જ રાજીનામું લખીને દેસાઈસાહેબ સામે ધરી દીધું. જીનામાનો કાગળ ફાડી નાખ્યો. આ વાત એટલે કે આ રાજીનામાના કાગળવાળી વાત જાણીને કેટલાક વિદ્યાર્થીઓ દેસાઈસાહેબ પર મનમાં નારાજ થયેલા એવી પણ એક અઠવા છે.

વાઈસ પિન્સપાલ વી.એન.જોષી. પ્રો. વસાવડા, ઝાલા જેવા અનેક ગુરુઓના ચહેરા આંખ સામે તરવરે છે. આ લોકોનો પ્રભાવ જ એવો કે તેમની સામે ચૂકે ચા કરવાની મજલ નહોતી. આ બધાની આંખોમાં ય દેસાઈસાહેબનો ચહેરો દેખાતો.

એક અત્યંત પ્રમાણિક વિદ્યાપ્રેમી કામઢા, આનંદીને શિસ્તના ભારે આગ્રહી એમા અમારા દેસાઈ સાહેબની યાદમાં આવતી કાલે તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થી ગદ્ ગદ્ થઈ જશે. આ કૉલેજમાં ભણવાનો અમે ચાંલ્લો તો કર્યો હતો. એટલે આ કોલેજના અમે ભૂતપૂર્વ વિદ્યાર્થી તો છીએ જ .આ વાતની કદાચ આ કદાચ અમારા સિવાય કોઈને જાણ ના હોય એમ પણ બને. એટલે તો અમને આજે અખબાર દ્વારા આ ઘટનાની જાણ થઈ. કોઈ વાત નહીં. જાણ થઈ એ જ આમ તો ઘણું છે. દેસાઈસાહેબ સાથે આટલી ક્ષણો રહેવાની તક તો મળી ! ...

- વિનોદ ભટ્ટ
ઈદ્રય તૃતિયમ, કટર ''સંદેશ''
લખ્યાની તા. ૨૭-૯-૯૧

કડવી જીભ અને પ્રેમાળ દિલ બન્નેનો સમન્વય કેવી રીતે સાધી શકાય ?

પગાર-સુવિધાઓ કરતાં શિક્ષણકાર્યને વધુ અગત્યનું ગણતા વિસરાતા વિદ્યાજગતમાં પ્રતીક સ્વ. આચાર્ય દેસાઈ....

ચાલીસ વર્ષ પહેલાં ગુજરાતમાં એક પણ કોમર્સ કોલેજ નહોતી અને વાણિજ્ય શાખાઓ મુંબઇ યુનિવર્સિટીમાં સિડનહામ કૉલેજનો ઇજારો હતો. એ કૉલેજમાં પ્રવેશ ગુજરાતના વિદ્યાર્થીઓ ભાગ્યશાળી ગણાતા હતા.

મુંબઈની આ કોમર્સ કૉલેજનો ઈજારો તોડીને ગુજરાત સૌરાષ્ટ્રને વાણિજ્ય શાખાનો લાભ ૧૯૩૬માં શરૂ થયેલ હરગોવનદાસ લક્ષ્મીચંદ (એચ.એલ.) કૉલેજ ઓફ કોમર્સની સ્થાપના પછી મળવા લાગ્યો. એચ.એલ. કૉલેજ ઓફ કોમર્સની સ્થાપના પછી એના વાઈસ પ્રિન્સિપાલ તથા ત્યાર પછી ૧૯૪૩ થી ૧૯૬૯ સુધી એના પ્રિન્સિપાલ તરીકેની સેવા બજાવીને ગયા બુધવારે સ્વર્ગલોક સીધાવેલા આચાર્ય સુરેન્દ્રરાય વૈકુંઠરાય દેસાઈ એ ગુજરાતની આ સૌ પ્રથમ કોમર્સ કૉલેજના ''પાયાની ઈંટ બની રહ્યા હતા.

સ્વ. આચાર્ય એસ.વી. દેસાઈ ની કડક છતાં કાળજીભરી નિગેહબાની નીચે હજારો વિદ્યાર્થીઓ કોમર્સ ગ્રેજ્યુએટ બનીને ગુજરાત તથા દેશભરમાં પરદેશમાં પણ કૉલેજના નામને રોશન કરી રહ્યા છે.

એમાંના સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રેમાં નામના પ્રાપ્ત કરી છે. સ્નેહ અને શિસ્ત બન્નેનો અજબ સમન્વય સાધીને કડવી જીભ સાથે પ્રેમાળ નજરનો મેળ બેસાડી શકતા સ્વ. દેસાઈ સાહેબે વિદ્યાર્થીઓની બબ્બે પેઢીનો આદર તથા પ્રેમપ્રાપ્ત કરીને પૃથ્વીલોક પરથી માનભરી વિદાય લીધી છે.

પગાર વધારા અને કામગીરીની શરતો પર મોટા ભાગનું ધ્યાન કેન્દ્રિત થયું હોય અને શિક્ષણકાર્ય ગૌણ મનાતું હોય એવી છાપ ઊભી કરતા પ્રાધ્યાપકોના આજના જમાનામાં સ્વ. આચાર્ય દેસાઈ સાહેબ જેવા સરસ્વતીના સંનિષ્ઠ ઉપાસક શોધવાનું કઠિન લાગે. પરંતુ કોમર્સ કોલેજની સ્થાપાઈ વેળા એની ખુશનશીબી એ હતી કે પ્રતિભાશાળી પ્રાધ્યાપકગણની સેવા એ મેળવી શકી હતી.

દેશના ખ્યાતનામ અર્થશાસ્ત્રીઓમાંની એક અને નિયોજન પંચમાં ઉચ્ચકક્ષાની કામગીરી બજાવી ચુકેલા પ્રા. મોહનલાલ દાંતવાલા, આંતરરાષ્ટ્રીય મોનેટરી ફન્ડ ના ઉચ્ચ હોદ્દેદાર તરીકે નિવૃત્ત થયેલા પ્રા. સાવકાર, અંગ્રેજીના પ્રાધ્યાપક પ્રો. શ્રીમતી શાંતાબાઈ ભાન્ડારકર, પ્રો. કેસકર પ્રો. લાખિયા અને પ્રો. રણછોડલાલ દવૂ, પ્રો.વસંત જોષી, જેવા નિપુણ શિક્ષકોની જહેમતને પરિણામે શરૂઆતના ગાળાથી જ મુંબઈની જુની અને જાણીતી કોલેજ સામે ટક્કર લેતા વિદ્યાર્થીઓની ભેટ એચ. -એલ. કૉલેજ ગુજરાતની જનતાની આપી શકી હતી.

અઝાદી પછીના ભારતમાં અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે પ્રતિષ્ઠા અને પૈસા બન્ને બહોળો પ્રમાણમાં મળે એવા સ્થાનોને ઓફર સ્વ. દેસાઇ સાહેબને વણમાંગી મળી હતી, પરંતુ જેમની રગેરંગમાં શિક્ષણ કાર્યનો રસ વહેતો હતો એવા સ્વ. દેસાઈ સાહેબે આ બધા પ્રલોભનોને

હુકરાવીને વિદ્યામંદિરના પૂજારી તરીકેની જ કામગીરીને જ પસંદગી આપી.

૧૯૦૫ માં કોંગ્રેસ અધિવેશન અમદાવાદ ખાતે ભરાયું એ વેળા સ્વાગત સમિતિના અધ્યક્ષ સ્વ. અંબાલાલ સાકરલાલ દેસાઇના પૌત્ર સ્વ. આચાર્ય સુરેન્દ્ર દેસાઈ ખાદી વ્રત સાથે રાષ્ટ્રવાદી તરીકે જીવ્યા હતા. સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિક જયારે રાજકીય વનવાસમાં હતા ત્યારે પણ એમના કાયમી અને સ્નેહાળ યજમાન સ્વ. દેસાઈ સાહેબ હતા.

કડવું ઓસડ તો સગી મા હોય તે જ પીવડાવે એ નિયમ મુજબ શિસ્તપાલન, વિદ્યાવ્યાસંગ અને ચારિત્ર્ય ઘડતર જેવા સદ્‌ગુણોનું ''અનુશાસન પર્વ'' ચાલીસ વર્ષ પહેલાં ગુજરાતની સૌ પ્રથમ કોમર્સ કોલેજમાં શરૂ કરનાર સ્વ. દેસાઈની ચિર વિદાયથી એમના ભૂતકાળના હજારો વિદ્યાર્થીઓ સ્નેહા વડિલ અને વિદ્વાન ગુરૂ તરીકે યાદ કરતા રહેશે.

- વનમાળી વાંકો
''સંદેશ'' તા. ૧૨-૧૧-૭૬

આચાર્ય શ્રી સુરેન્દ્રભાઇ દેસાઇ

અર્વાચીન ગુજરાતના યશસ્વી આચાર્યોની પંક્તિમાં જેમનું સ્થાન છે.

એસ.વી.દેસાઇના નામે અમદાવાદના સવિશેષ અને ગુજરાતમાં સામાન્યત : સુપરિચત આચાર્યશ્રી સુરેન્દ્રભાઈ વૈ. દેસાઈના શિષ્યો, દેશમાં અને વિદેશોમાં પણ વસ્યા છે અને તે સૌ એમનું ઉષ્માભર્યુ સ્મરણ સાચવી રહયા છે. 'શિષ્ય' શબ્દ અહી સહેતુક યોજેલ છે. સંપત્તિપ્રધાન પ્રવર્તમાન કાળમાં વિદ્યાલયો યંત્રાલયો જ બની રહયાં છે ત્યારે ગુરૂ-શિષ્ય સંબંધ વ્યાપારી- ગ્રાહક જેવા બની ગયો છે. આચાર્યશ્રી સુરેન્દ્રભાઈ અને એમના વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ કયારેયે આ સ્વરૂપનો રહયો નથી - 'આચાર્ય દેવો ભવ'' ની સુમધુર ભાવના ફોરમથી એ સદાયે મધમધતો રહયો છે.

દસમી નવેમ્બરે એમની પ્રથમ પુણ્યતિથિ છે. આ તિથિએ અંજલી સભા યોજાઈ પણ છે. એટલે, એમનાં પરિચય અને મૂલ્યાંકન આપવાનું ઉચિત છે.

૧૯૩૬માં અમદાવાદમાં હરગોવિંદદાસ લક્ષ્મીચંદ કૉલેજની સ્થાપના થઈ ત્યારે સુરેન્દ્રભાઈ તેમાં ઉપાચાર્ય તરીકે જોડાયા. ૧૯૪૩થી ૧૯૬૯ સુધી એ તેનાં આચાર્યપદે રહયા. એ પછી પણ જીવનાંત સુધી એ વિદ્યાભ્યાસંગમાં પ્રવૃત્ત તો રહયા જ હતા.

આચાર્યશ્રી સુરેન્દ્રભાઈ એટલે સ્નેહ અને શિસ્ત. એ નિખાલસ હતા અને તેથી તેમનાં વચનો કઠોર પણ લાગતા. કટાક્ષ મિશ્રિત કડવી વાણીને કારણે એમના વિષે ગેરસમજ પણ થતી.પણ એમના વિદ્યાર્થીની જેમ જેમને એમનો સુદીર્ઘ સંપર્ક રહેતો તેમને એમના સાચા પ્રેમાળ સ્વભાવનો અનુભવ થયા વિના ન રહેતો.

આચાર્ય સુરેન્દ્રભાઈ શિસ્તના આગ્રહી હતા. સમગ્ર ગુજરાતમાં શિસ્ત વિરલ લેખાતી. પણ એ શિસ્ત ભયમાંથી નહિ, જ પ્રગટતી હતી એટલે એ એમના પ્રગલ્ભ વ્યકિતત્વની નીપજ હતી.

જુની જર્જરિત રૂઢિઓના અને ધર્મના નામે ચાલતા લાગણીવેડાના સખત વિરોધી હતા. દેસાઈને ઘેર અધ્યાપકો કેળવણીકારો, વિદ્વાનો, વિદ્યાર્થીઓ વગેરેની ઘણીવાર મિજલસ જામે. તેમાં ગમે તેવા વિવિધ સુરસંભાળ. પણ હંમેશાં ગમે તેવા મોટેરાનાં અભિમાન, લાભવૃત્તિ અને ભ્રષ્ટાચારને કડક શબ્દોમાં ડામવામાં આવતા. કોઇના કૂડકપટ કે હલકી નફાખોરી કે ચાલાકીને કદી ચલાવી લેવાની નહિ. આચાર્ય અને પરીક્ષક તરીકે ઘણા શિક્ષકો ઊંધા ધંધા કરે છે પણ તેની ગંધ આવે તો તેને સખત શબ્દોમાં વખોડવામાં કદી ન ચૂકે.

હું, આ ઘરમાં દાખલ થયો ત્યારે મહાગુજરાતની લડત પૂરજોશમાં ચાલતી હતી. તે વખતે તો જુવાન શહીદોનાં બલિદાનથી સારી પ્રજાની લાગણી ઘણી ઉગ્ર બની હતી. તેથી અહીંયા પણ બધાં ઘણો આદર વરસાવતાં.. નહેરુની હું હળવી ટીકા કરું તો દેસાઈ તેના પર ચાર ચાંદ ચઢવવા તૈયાર રહેતા. તે વખતે ગાંધીજી અને સરદારને મહાગુજરાતના અસલ સ્વપ્નદષ્ટા ગણીને પૂજતા...

માસ્તરના ઘરમાં તારાબહેનનું અને શારદાબહેનના ઘરમાં દા. સુમેતનું પરિસ્થાન પારખેલું. અહીંના દેસાઇ તો પોતાના કામમાં અને મિત્રમંડળમાં એટલા મશગુલ રહેતા કે છોકરાં પર ધ્યાન આપવાની જરા પર ફુરસદ ન રહેતી. ત્યારે શાંતાબહેન તેમની શાળા અને ઘરના વહીવટમાં ગળાબુડ રહેતાં તેથી તેમને બહારની પંચાતમાં પડવાની પરવા નહોતી. આમ ઘરમાં પતિ-પત્ની વચ્ચે કાર્યપ્રદેશ ડહાપણથી વહેંચાયેલો જોઈને હું ઘણો આનંદ અને શાંતિ પામતો.

આ ઘરમાં રહીને મેં સન ૧૯૫૭માં લોકસભાની ચૂંટણીમાં વિજય મેળવ્યો... હું હવે એમ.પી.કહેવાતો. તેનો અર્થ સંસદસભ્ય થાય. તેને બદલે મેડ પર્સન એટલે ગાંડો માણસ ઘટાવીને તેમણે મશ્કરી કરવા માંડી''

શિક્ષણકાર તરીકે આચાર્યશ્રી પ્રાચીન પરંપરાની યાદ આપતા. ફી અને નિષ્કલંક ચારિત્ર્ય ધરાવતા આચાર્ય શ્રી સુરેન્દ્રભાઈ એમના વિદ્યાર્થીઓમાં બુનિયાદી મૂલ્યો અને વલણો સીંચતાં. વિચારભેદ હોય એવાઓ પણ એમનાથી પ્રભાવિત થતા.

ત્રીસ વરસ સુધી એક જ સંસ્થામાં રહી એમણે તેનું અને તેના દ્વારા સંખ્યાબંધ યુવાનોનું જે ઘડતર કર્યું તેની કદર થાય જ.

સ્વતંત્રતા પછી અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રતિષ્ઠા મળે એવાં સ્થાન વિના પ્રયત્ને એમને મળતાં હતા. શિક્ષણ-કાર્યમાં જ એમને રસ હતો. એટલે, બધાં પ્રલોભનોથી દૂર રહીને એમણે સારસ્વત યજ્ઞ ચલાવ્યા કર્યો.

એમની સેવાનો પુરસ્કાર કરવાનો યથાર્થ નિર્ણય એમના મિત્રો અને શિષ્યોએ સાથે મળીને લીધો છે. એમનું સ્મારક રચવા માટે ટ્રસ્ટની સ્થાપના થઈ છે. અતિથિ અધ્યાપક તરીકે વિદ્વાનોને બોલવવાની અને સ્મારક પ્રવચનની વાર્ષિક વ્યવસ્થા યોજવાની ટ્રસ્ટની કામના છે. આ માટે પાંચ લાખ રૂપિયાનો સ્મારક વિધિ એકત્ર કરવાનો પુરુષાર્થ આરંભાઈ ગયો છે.

આચાર્ય શ્રી સુરેન્દ્રભાઈ દેસાઈ જેવા સ્વચ્છ, નિખાલસ, સંનિષ્ઠ અને વિદ્વાન ગુરૂવર્ય માટે આટલું તો નિઃસંદેહ થવાનું જ. પણ જે સંસ્થામાં તેમજ યુનિવર્સિટીમાં કાયમી સંભારણું સાચવવાનું વિચારવાનું ન જોઈએ ? આચાર્યશ્રીના પુસ્તકાલયને અભ્યાસ-સંશોધનની સંસ્થામાં મૂકી તેની સાથે એમનું નામ ન જોડી શકાય ? જીવનનાં અંકિત વર્ષોમાં આચાર્યશ્રીએ ''ઈન્દુલાલ યાજ્ઞિક કાંતિ અભ્યાસ કેન્દ્ર'' ની યોજનામાં અને સ્થાપનામાં સક્રિય માર્ગદર્શન આપ્યું હતું. એ સંસ્થાની પ્રવૃત્તિ સાથે એમની સ્મૃતિ જોડી ન શકાય ?

અર્વાચીન ગુજરાતના શિક્ષણક્ષેત્રના છેલ્લી અર્ધ શતાબ્દીના ઈતિહાસમાં આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ, આચાર્યશ્રી કૃપલાણી આચાર્ય શ્રી કાલેલકર, આચાર્ય શ્રી કિરોળ કાવસજી દાવર, આચાર્ય શ્રી ડોલર રાય માંકડ જેવા યશસ્વી અને તેજસ્વી ગુરૂમંડળની પંક્તિમાં આચાર્ય શ્રી સુરેન્દ્રભાઈનું આસન અધિકારપૂર્વક મંડાયું છે અને મંડાયેલું રહેશે.

- ધનવંત ઓઝા

આજ અને ઈતિહાસ કટાર
જનસત્તા તા. ૬-૧૧-૧૯૭૭

સ્મરણિકા

કોલેજનાં સીનીયર વર્ષમાં અર્થશાસ્ત્રનાં પીરીયડ શ્રી દેસાઈ સાહેબ લેતાં એક પીરયડમાં '' Unlimited Want અને "Limited Means" ની ચર્ચા ચાલતી હતી તે દરમ્યાન મને આકસ્મિક બગાસું આવ્યું જે દેસાઇ સાહેબની ચકોર દષ્ટિથી બહાર ન ગયુ. એક ક્ષણના પણ વિલંબ વગર તેમની લાક્ષણિક શૈલીમાં ટકરો કરી કે "SEE....THIS BOY.. If he was two annas in lie pocket, he will at once run for a cup of tea",આખા વર્ગમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. Wants & Means નો સિદ્ધાંત તો બધાને બરોબર સમજાઈ ગયો હશે તે નકામાં.

એચ.એલ.માં ચારે વર્ષના અભ્યસ બાદ સ્નાતકની ઉપાધિ મેળવી કેન્દ્ર સરકારના ડીવીઝનલ એકાઉન્ટન્ટના વ્યવસાયમાં સ્થિર થયા બાદ જયારે જયારે અમદાવાદ જવાનું થાય ત્યારે સમય મળ્યો અચુક દેસાઈ સાહબેને મળવા જતો. અને તેઓ અંગત રસ લઇ વ્યવસાય અંગે પુછપરછ કરતા માર્મીક હેતુલક્ષી કટાક્ષ કરેવો એ તેમના સ્વભાવમાં હતું. અત્યારે કયા હોદ્દા ઉપર છો તેવા તેમના પ્રશ્નમાં દરેક વખતે ''ડીવીઝનલ એકાઉન્ટન્ટ'' નો મારો એક જ જવાબ સાંભળીને એક વખતે તેમણે ટકોર કરી, " See.... Mr. Vora...Is there anything wrong with you....? Other old H.L. Student. Visitng me, have their promotions... Why Stagnany in your case? મેં વિનયથી કહયું કે આપશ્રી ૧૯૩૯થી આજ દિવસ સુધી હિમાલયનાં એવરેસ્ટ સમા ઉચ્ચ પ્રીન્સીપાલના હોદ્દા ઉપર પહેલેથીજ બિરાજમાન છો ત્યારે ભલે નાની ટેકરી હોય હું તેની ટોચ ઉપર પહેલેથી જ છું., દેસાઇ સાહેબ હસી પડયા. તેમને હસતા જોવા એ એક લ્હાવો છે. હસીને ઉમેયું, ''હવે તને કોઈ દિવસ નહિં પૂછવું' પછી જોકે ત્યારબાદ મને મળવાનો અને તેમને પુછવાનો વખતજ ન આવ્યો.

શ્રી દેસાઈ સાહેબના અર્થશાસ્ત્રના પીરીયડમાં ટાંચણી પડે તો પણ સંભળાય એવી અદ્‌ભુત લાક્ષણિક શાંતિ દરમિયાન એક વખતે બહાર મેદાનમાં ગધેડુ ભુકયું અને મારાથી હસી પડાયું તાત્કાલિક તેમણે ઉમેયું. " See..... This Boy.. He understands Donkey's Language".. આ ગુઢ ઠપકાની કળ હજી પણ વળી નથી.

શ્રી દેસાઈ સાહેબને જયારે જયારે મળવા જતો ત્યારે અચુક સલાહ આપતા, દર મહિને એક સારૂં પુસ્તક જરૂર લેજે. આ સલાહના આંશિક અમલથી પણ આજે હું ગર્વથી કહી શકું છું કે મારા પાસે નાની એવી લાયબ્રેરી છે જે નિવૃત્તિ સમય દરમ્યાન આશીર્વાદરૂપ છે.

અસ્તુ

દેવેન શિ. વોરા

'પેલા....કાળા ચશ્મા પહેર્યા છે તે...
પ્રિ. દેસાઈસાહેબ !'

સુરેન્દ્રરાય વૈકુંઠરાય દેસાઈ, સુરેન્દ્રભાઈ, સુરુભાઈ, પ્રિ. એસ.વી. દેસાઈસાહેબ, પ્રિન્સિપલ દેસાઈ સાહેબ આવા અનેક નામોથી જાણીતા અને વિદ્યાર્થીઓ અને જુવાન પેઢીના લાડકવાયા એ શિક્ષણશાસ્ત્રી અને આચાર્યશ્રી અમદાવાદમાં હતા, ગયા દસકામાં.

અમદાવાદના નવરંગપુરાના વિસ્તારમાં સાંજ બગલમાં છત્રી રાખી, શુભ્ર ખાદીના કોટ-પાટલુનમાં સજ્જ, આંખ પર કાળા ગોગલ્સ ચશ્મા ધારણ કરી, કેપ્સ્ટન સિગારેટને ફૂંકતા ફૂંકતા બેચાર મિત્રોની સાથે જતાં પ્રૌઢ વિદ્વાનને દેખો તો કોઈ હોસ્ટેલનો જુવાન કે કોલેજિયન તરત આંગળી ચીંધી બોલી જાતો : 'પેલા કાળા ચશ્મા પહેર્યા છે તે પ્રિ. દેસાઈસાહેબ !'

આ દેસાઈસાહેબ બહુ મોટા ઘરના ફરજંદ હતા. તેમના પિતા સ્વ. શ્રી વૈકુંઠરાય દેસાઈ સરદારશ્રી વલ્લભભાઈ પટેલ, સ્વ. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, ઝીણાસાહેબ જેવા રાષ્ટ્રના અગ્રણી નેતાઓ સાથે બેસનાર અને રાષ્ટ્રહિતચિંતક હતા. તેઓની સાથે બેસી દેશના રાજકારણમાં સક્રિય ભાગ લેતા તેમના દાદા તે દિ.બ. અંબાલાલ સાકરલાલ દેસાઈ, જેમનાં વખાણ કરતાં સ્વ. નરહરિ પરીખ અને સ્વ. દાદાસાહેબ માવળંકર થાકતા નહોતા. દિ.બ. અંબાલાલ દેસાઈ તેમના સિધ્ધાંતો કાર્યનિષ્ઠા અને પ્રામાણિકતા માટે આખાય ગુજરાતમાં જાણીતા હતા.

પ્રિ. દેસાઈસાહેબ શિક્ષણના જીવ હતા. આમ તો, જે સારું અને ઉત્તમ ભણતર આપી શકે ઉત્તમ કોટિના શિક્ષણશાસ્ત્રી. દેસાઈ સાહેબ વિદ્યાર્થીના સર્વાંગી જીવનના વિકાસની કાળજી લેના આચાર્ય હતા, આથી તેમનું શિષ્યવૃંદ ઘણું વિશાળ અને બહોળું હતું. અમદાવાદ અને ગુજરાતન ત્યારની એક માત્ર વાણિજ્ય કોલેજના (એચ.એલ.કૉલેજ ઓફ કોમર્સ) આચાર્યપદને ઉત્તમ અર્થશાસ્ત્રી સાથોસાથ ઉચ્ચ કોટિના અધ્યાપક. આથી ગુજરાત આખામાંથી વાણિજ્ય ભણવા માટે આ કૉલેજન વિદ્યાર્થીઓ ધસમસતા અને ઊભરાતા.

આ વિદ્યાર્થીઓમાંના એક હતા સ્વ. શ્રી ચુનીલાલ મડિયા. તેઓ એચ.એલ. કૉલેજ ઓ કોમર્સની હોસ્ટેલમાં રહે. વિધવા માતાના પુત્ર. આર્થિક સ્થિતિ ખૂબ નબળી. આ વાતની જાણ સ્વ શ્રી દેસાઈસાહેબને થઈ તેઓ તે પણ જાણતા થયા કે આ વિદ્યાર્થી સરસ ટૂંકી વાર્તાઓ લખે છે આથ સ્વ. શ્રી દેસાઈ સાહેબને મડિયા પ્રત્યે મમતા જન્મી, અને ખાનગીમાં એ ખૂબ મડિયાને તેઓ આર્થિ મદદ કરતા થયા. સ્વ. શ્રી દેસાઈ સાહેબ વિદ્યાર્થીપ્રેમી આચાર્ય હતા.

રસિક ખેમાણી નામના એક વિદ્યાર્થીએ કૉલેજમાં સ્વ. શ્રી દેસાઈસાહેબે પ્રવેશ આપ્યો. તેને પ્રવેશ આપ્યા પછી જાણવા મળ્યું કે આ વિદ્યાર્થી સામ્યવાદી વિચારનો છે આથી તેને છાત્રાલયમ પ્રવેશ માટે ખૂબ મુશ્કેલીઓ પડવી શરૂ થઈ. આ વાતની જાણ મને થઈ. હું સ્વ. શ્રી દેસાઈસાહેબ તેના માટે વાત કરવા ગયો, ત્યારે વાતનો તોડ કાઢયો : 'તમે તેના પર દેખભાળ રાખો, નજર નિહાળી અને તમારો મત હશે અને તમે જવાબદારી લેશો, તો હું તેમનો પ્રવેશ માટે જરૂર વિચારીશ આ સત્ર માટે તો નહીં જ !'

તે વિદ્યાર્થીને મેં મારા પુસ્તકાલયનો ઓરડો સોંપી દીધો. તેઓ અમારી સાથે રહે, જમે લોહાણા છાત્રાલયમાં મને તે અભ્યાસુ જીવ લાગ્યા. ગાંધીસાહિત્ય વાંચી ગયા. માર્કસ અને ગાંધીજીના લખાણો વાંચી તેમણે બનેના તત્ત્વજ્ઞાન પર એક નોંધ તૈયાર કરી. કૉલેજ-મેગેઝિનના તંત્રી તરીકે મેં તેમાં એ મેગેઝિનનાં તંત્રી તરીકે મેં તેમાં એ પ્રસિધ્ધ કરેલ અને બીજા વરસે સ્વ. શ્રી દેસાઈસાહેબે તેમને હોસ્ટેલમાં પ્રવેશ અપાવેલો.

આવું જ સ્વ. જ યાકુબ ગોડિલ માટે બન્યું હતું. ગોડિલ યતીમ હતા. તેમનો જન્મ અને ઉછેર ગુજરાત બહાર. ગુજરાતી ભાષાનું જ્ઞાન બહુ કાચું આથી તેઓ કૉલેજમા પ્રવેશ માટે આવ્યા અને ચ. શ્રી દેસાઈસાહેબને મળ્યા, ત્યારે આ વાતની સ્પષ્ટતા કરી કહયું, 'મારે પ્રથમ વર્ષ વાણિજ્યમાં ગુજરાતી ભાષાને એક વિષય તરીકે રાખવો છે, સાહેબ,આપ મદદ કરો. હું ધોરાજીનો મેમણ છું. આથી ગુજરાતી ભાષામાં કાચો છું.'

તેમના વચ્ચે વાત પતી ગઈ. દરરોજ સાંજે સ્વ. શ્રી દેસાઈ દરરોજ સાંજે સ્વ. શ્રી દેસાઈ સાહેબ અચુકપણે ફરવા નીકળે. તેમના દિલમાં નાનામોટાના ભેદ નહીં. હું કોલેજના સાવ નીચલી પાયરીનો વ્યાખ્યાતા. કોમર્સમાં ગુજરાતી ભાષાના વિષયનું ખૂબ ઓછું માન અને ગૌરવ. તેમ છતાંય સ્વ. શ્રી દેસાઈ સાહેબ પ્રેમથી સાચવે. રમતવ રાખે આથી તેઓ પડવે મારા ઘેર આવ્યા. તેમની ટીખળી અને કટાક્ષભરી રીતે કહેવા લાગ્યા : 'ભાઈ, તમારી આવડતના કારણે ગુજરાતી વિષયમાં છોકરાઓ ઢોર ઠેકા આવે છે.'

'સાહબે, શું કામ ઉતારો છો ?'

અમે તેમના સ્વભાવને બરાબર પામી ગયા હતા તે જાણતા હોઈ મલકની બોલે : 'ના, ના. એવું નથી. તમારા માટે વિદ્યાર્થીઓને માન અને પ્રેમ છે આથી જ એક મુસ્લિમ વિદ્યાર્થીએ ગુજરાતી ભાષા જાણવા માટે ગુજરાતી વિષય માટે કોર્મનું પાનું ભર્યું છે. ભાઈ, તેને બધી મદદ કરજો. જરૂર લાગે તો શનિ-રવિવારે ઘેર બોલાવશો. ને તેને તૈયાર કરશો. ગુજરાતી જેવા વિષય માટે તેમનું વરસ ન બગડે તેની કાળજી લેશો.

બરાબર યાદ છે. હેમિંગ્વેની નવલકથા 'ઓલ્ડ મેન એન્ડ ધ સી' પ્રસિધ્ધ થયાનું વાંચ્યું. કોઈ અમેરિકી છાપામાં તેનું અવલોકન વાંચ્યું અને સ્વ. શ્રી દેસાઈ સાહેબને કહયું : 'સાહેબ, આ નવલકથા કૉલેજ પુસ્તકાલય માટે મગાવી આપશો ? ઉત્તમ નવલકથા તરીકે ખ્યાતિ પામેલ છે.'

'ભાઈ, તમે જાણતા હશો કે આ તો વાણિજ્યની કૉલેજ છે. ખરચવાની મર્યાદા છે. આથી તે ભાષા અને સાહિત્યની માટે પૈસા મગાવવુ મુશ્કેલ છે.'

આપણા રામ તો બેસી ગયા અમદાવાદમાં તે વેચાતી ન મળે, ત્યાં એક સાંજે દેસાઈસાહેબે ઝીણાભાઈ નામના પટાવાળા જોડે આ જ નવલકથા મોકલી.

બે ત્રણ દિવસમાં વાંચી હું તે નવલકથા પરત કરવા ગયો ત્યારે જાણવા મળ્યું કે તેઓ પદરના પૈસે આ નવલકથા મુંબઈથી વેચાતી લાવ્યા હતા.

અલબત્ત, તેમના કટાક્ષયુક્ત ટિપ્પણી સ્વભાવના જાણકાર હોઈએ, તો અંદરના માખણના પીંડા જેવા મુલાયમ દેસાઈસાહેબ ધનુર્ધારી જેવા લાગે. દરેક બોલમાં !

- પુષ્પકર ચંદરવાકર
વડલો અને વડવાઈ કટાર જનસત્તા
તા. ૨૧-૨-૮૨

ગુજરાતના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના તેજસ્વી સંત્રી વિદ્યાર્થીઓમાં ભીની વાદળીનું બીજ રોપનાર આચાર્ય

આજથી તા.૧૫મી જુનથી અમદાવાદની એચ.એલ.કૉલેજ ઓફ કોમર્સના છેલ્લા ૨૮ વર્ષથી આચાર્ય સુરેન્દ્ર વૈ. દેસાઈ- એસ. વી. દેસાઈ નથી એમ.વી. સુરેન્દ્ર દેસાઈ બની રહેશે. આવતી કાલથી શરૂ થતાં આ કૉલેજના આંગણામાં, પેલી પરિચિત પ્રતિમા - આકૃતિ -મધ્યમ ઘાટનો બાંધો, શુભ્ર ખાદીનો વિદેશી ઢબનો પહેરવેશ, ચશ્મા નીચે ઢંકાયેલી તિક્ષ્ણ દૃષ્ટિ-અદશ્ય થશે.

કોમર્સ કૉલેજના આરંભકાળથી જ, તેમાં જોડાયેલા શ્રી એસ.વી. દેસાઈ આજથી વિનૃત્ત થયા છે, કહો કે નિવૃત્ત કરાયા છે, તેમનેવયના નિયમનો ભોગ નડયો છે. જે ક્ષેત્રમાં પાકટ વય એ શક્તિનું લક્ષણ-ભૂષણ ગણાવું જોઈએ, જેમાં ઉચ્ચ સ્થાને વિરાજીત વ્યક્તિઓ નિવૃત્ત થઈ સમય ગાળવાનો આગ્રહ દુનિયાભરમાં થાય છે, એવા શિક્ષણક્ષેત્રમાંનો વયનો નિયમ દેસાઈ સાહબેની કારકીર્દિમાં ક્રૂર ખોડી ગયો છે.

વયનો નિયમ સંચાલકોને, ઉદ્યોગોને, સત્તાધીશોને નથી લાગુ પડતો- એંસી વર્ષની વયે ચેરમૅન ઑફ બોર્ડ ઑફ ડાયરેક્ટર્સ તરીકે રૂ. ૧૫,૦૦૦નું મહેનતાણું પામવામાં કે સિતેર વટાવ્યા પછી પણ મંત્રીપદે આરૂઢ થવામાં, આવા કોઈ નિયમો આડે આવતા નથી. ખુદ શિક્ષણક્ષેત્રે પણ બ્રીન-સરકારી શાળાઓ-કૉલેજમાં આવી નિવૃત્ત વયની મર્યાદા આવશ્યક નથી મનાઈ. પરંતુ અહિંયા અમદાવાદમાં સોસાયટીની કૉલેજમાં વર્ષો પહેલાં થયેલા નિયમોનો આશ્રય લઈ આચાર્ય દેસાઈનું માત્ર શ્રી દેસાઈમાં રૂપાંતર કરાયું છે.

ઢાવાની વાટ અધૂરી રહી ઓલવાઈ ગઈ.

ચેક ગીતની બોજ ભરૂરા તારોમાં અટવાઈ ગઈ.

શ્રી. સુરેન્દ્ર દેસાઈ, અમારા મિત્ર વર્તળોમાં એસ.વી.ના અને વિદ્યાર્થીઓમાં દેસાઈ સાહબેના હુલામણા નામે ઓળખાતા સુરેન્દ્ર દેસાઈ, ગુજરાતના પ્રથમ બ્રેજ્યુએટ, નામાંકિત ન્યાયમૂર્તિ અને રાજપુરૂષ શ્રી. અંબાલાલ સાકરલાલ દેસાઈનો પૌત્ર, અંબાલાલ સાકરલાલ દેસાઈના પૌત્ર, મુંબઈ સોમરૂલ સીંગના આગેવાન શ્રી વૈકુંઠલાલ દેસાઈના પુત્ર છે. મુંબઈ યુનિ.માં તેમના સહાધ્યાયીઓના સ્વ. મહેરઅલી, અને ડૉ. રાવની પંક્તિમાં બેસી શકે એવુ બૌધ્ધિક સામર્થ્ય ધરાવતા શ્રી દેસાઈ કોલંબિયાની અર્થશાસ્ત્રની ઉપાધિ મેળવનાર પ્રથમ ગુજરાતી, અલીગઢ, સુરતની કૉલેજમાં અધ્યાપકપદે રહી ગુજરાતના પંત પ્રધાન શ્રી સિતેન્દ્ર દેસાઈ તેમના વિદ્યાર્થી સુરતમાં) ૧૯૩૬માં અમદાવાદ એચ.એલ. કોમર્સ કૉલેજમાં સ્થાપના થઈ ત્યારે તેમાં જોડાયા. અધ્યાપક ઉપરાંત છાત્રાલયની વાર્ડનશીપ તેમના શિરે હતી.

ત્યારે કોમર્સ કૉલેજ મીરજાપુરમાં આવેલી જુના મજૂર મહાજનના અંબાલાલ સારાભાઈના જુના બંગલામાં શાંતિસદનમાં બેસતી હતી. અને છાત્રાલયહતું, મહાલક્ષ્મીને નાકે આવેલી ઑફિસ બૉર્ડિંગ - જ્યાં આજે જાગૃતિ વિદ્યાલય છે ત્યાં શ્રી દેસાઈ પણ ત્યારે ત્યાં જ રહેતા હતા. એક ઓરડામાં.

કડક શિસ્તપાલનનો તેમનો આગ્રહ ત્યારનો જ જાણીતો. રાતના નવ પછી કોઈ વિદ્યાર્થી બહાર પરવાનગી વગર રહી શકે જ નહિ. નાકા પરની ઓરડીમાં દેસાઈ મુરશીની નાંખીને બેઠા જ હોય. તેમની નજર ચૂકવીને કોઈપણ વિદ્યાર્થીને બહાર જવાનું અતિ મુશ્કેલ - અશકય જ. અમદાવાદની વિદ્યાર્થી પ્રવૃત્તિ અંગે પ્રથમવાર તેમને મળવા હું છાત્રાલયમાં ગયો હતો. અમારે છાત્રાલયમાં સભા બોલાવવી હતી શ્રી. દેસાઈએ સ્પષ્ટ કહ્યું. '' મારી તમારા તરફ અંગત સહાનુભૂતિ છે. પરંતુ અહિંયા આવી રાજકીય સભા બોલાવવા તે યોગ્ય નથી. તમે વિદ્યાર્થીઓને એમને એમ અમારા સમય દરમ્યાન અવશ્ય મળો. પરંતુ શાળા યા કૉલેજ યા છાત્રાલય આવી પ્રવૃત્તિનુ કેન્દ્ર ન બની શકે.- ગાંધીજીનો આગ્રહ તો તમે જાણો જ છો. - ''

શિસ્ત સુરેન્દ્ર દેસાઈનો પર્યાયવાચક શબ્દ બની રહી. ગુજરાતમાં કોમર્સ કૉલેજ એક જ એવી જ્યાં ભાગ્યે જ ગેરશિસ્તના તમને દર્શન થયાં હોય- કોઈ દિવસ કશું તોફાન થયું હોય. તોફાની વિદ્યાર્થીઓનો આકરો દંડ , એ જ તેમનુ મોટું હથિયાર નહોતુ.એની કેકડી, મજાક એવી સુંદર રીતે ઉડાવતા કે વિદ્યાર્થી શરમાઈ જતા. એકવાર. વાદમાં ઝુમ્મરાડા પાડતા વિદ્યાર્થી પાસે તેમણે કબૂલ્યું કરાવ્યું કે આવુ વર્તન જાનવર કરે. પછી તેને ''હું ગધેડો છું '' એવું પાટિયું લગાડાવી ફેરવ્યો. તેમની પાસે જૂઠું , દંભ, ચોરી, તો નભે જ નહિ. એવો વિદ્યાર્થી - આબાદ કસાય. અને પછી અવનવી શિક્ષાઓથી દેસાઈ તેને શણગારે ! તેમને અમે મજાકમાં કોઈવાર પૂછતા: ''તમે દેસાઈ, કહે છે વાડ ઓળંગી ગયા અંદર પ્રવેશતી હતી તેનો દંડ કર્યો ? ''એમ ટોળામાં જવબ આપતા ગયા, ગયા તો ઠીક પણ તેના માલિક જો રખડતો ફરતો હોય તો તેને તો ઢોરના પાંજરામાં પૂરાવીદઉં ! વિદ્યાર્થીઓમાં એ કોઈની સાડાબારી રાખતા નહિ. ગમે તેવા માલેતુજાર કૉલેજના ગવર્નીંગ બોડીના સભ્યનો પુત્ર હોય તોએ તેને ખખડાવવામાં કે દંડ કરવામાં અચકાતા નહિ.

પરંતુ શિક્ષણક્ષેત્રે તેમનું કૃતિત્વ માત્ર શિસ્ત પુરતું જ નથી. શિક્ષણક્ષેત્રે એ સાચા અર્થમાં પુરોહિત, આચાર્ય હતા. શિક્ષણક્ષેત્રે તેમને મન અખંડ, અચિરત યજ્ઞ છે. મૂલ્યોના, અને શિક્ષણના ઉચ્ચ ધોરણોના એ અડીખમ પ્રહરી, અને આગ્રહી છે. શિક્ષણમાં જરાય બાંધછોડ કરવામાં એ માનતા નથી. સ્વ. મગનભાઈ દેસાઈએ ઉપકુલપતિપદથી રાજીનામુ આપ્યું, અને શ્રી સુરેન્દ્ર દેસાઈએ સરકારે ત્રણ મહિનાની મુદત બાદ એ પદ પર નિયુક્ત કર્યા ત્યારે આ દૂકા ગાળામાં ઉચ્ચ શિક્ષણને એવા જ સ્થાને પ્રતિષ્ઠિત કરવામાં તેમણે ભારે ઉમંગ દાખવ્યો હતો. એ જ ઉલટ તેમને અમારા કેટલાક મિત્રોના અભિપ્રાયની વિરૂધ્ધ ઉપકુલપતિની ચૂંટણી જંગમાં ખેંચી ગયા. ત્રણ ઉમેદવારો પૈકી શ્રી લાલભાઈ દેસાઈ ઉત્તીર્ણ થયા. કારણ કે ડૉ.વિક્રમ સારાભાઈ વચ્ચે વહેંચાઈ ગયા. અમારો આગ્રહ એવો હતો કે બધા એક થાય તો ડૉ.વિક્રમ સારાભાઈ અવશ્ય વિજયી થાય. શ્રી દેસાઈના સાથીઓનો મત એવો હતો કે વિક્રમે બેસી જાવુ જોઈએ, કારણ કે દેસાઈ વધારે પીઠ શિક્ષણકાર છે. જો અંદર અંદરની આ હરીફાઈ તે વખતે ટાળવામાં આવી હતી તો ગુજરાત યુનિ.નો ઈતિહાસ કદાચ જુદી જ રીતે અંકાયો હતો.

દેસાઈ સાહબેના મનમાં એનો ડંખ અવશ્ય રહ્યો છે. યુનિ.ના રાજકારણમાંથી તેમણે રસ ત્યારનો ઓછો કર્યો છે. પરંતુ શિક્ષણની ઈયત્તાનો આદર એટલો જ છે.

એ શિક્ષણવિદ્ છે, ચિંતક છે, મનીષી છે. તેમના પ્રશસ્ત લલાટ અને તેજસ્વી આંખોમાં સભર ચિંતન અને તર્કયુકત બુદ્ધિ વ્યાપારની રેખાઓ, વળતી કરચલીઓ આજ પણ ઢાંકી શકતી નથી. પુસ્તકોનો તેમને ભારે શોખ છે. તેમનું વાચન વિશાળ ફલક પર દોરાયું છે. તેમનુ અંગત પુસ્તકાલય એક સમૃધ્ધ ભંડાર છે. તો તેમને જ કારણે કોમર્સ કૉલેજની અર્થશાસ્ત્ર વિષયક લાયબ્રેરી આટલી સંપન્ન છે. છોકરાઓને વાચવા માટે વારંવાર મંગોરે, સહાય આપે. વિદ્યાર્થીઓને જડતાને ખંખેરે

પણ ખરા. સાહિત્યનું વાચન અધ્યયન ઓરડું જ ઉઠું - કવિતા, નવલકથા નિબંધો, લલિત સાહિત્યના તેમની સમજ, સાહિત્યકારને પણ શરમાવે તેવી, તેટલી . ઊંડી છે. સ્વ.મહેરઅલીનું વિખ્યાત પુસ્તક 'what to read' ની સૂચિ તૈયાર કરવામાં શ્રી. દેસાઈનો મોટો ફાળો. વિદ્યાર્થીઓની વાચનરુચિ તરફ સમજા જ અકલ્પ્ય વ્યકતાં એ કહેતા હતા કે વિદ્યાર્થી અવસ્થામાં આવો શોપ નહિ કેળવાય તો શેષ જીવનમાં કોઈ શ્વાસભર પરિપકવ સાથ નહિ રહે- તેનો વિચાર આ બધા નથી કરતા.

સંસ્કાર શીલતા અને રાષ્ટ્રીયતા તેમને વારસામાં મળ્યાં છે. એનવાં કૉંગ્રેસીઓને કોઈવાર મોપદાવ છે પણ ખરા. તમે જાના કોંગ્રેસી ? એ તો અમારા ઘરમાં પાંગરી છે. એ મૂલ્યોનો અમારો આગ્રહ તમારા કરતાં કયાંય વધારે ઉત્કટ છે. એકવાર શ્રી મોરારજીભાઈએ દેસાઈને લક્ષમાં રાખી કશું ચર્ચું કે માથે હેટ મૂકવાથી આચાર્ય નથી થવાતું. તેનો એવો જ વ્યંગસભર ઉત્તર શ્રી દેસાઈએ આપ્યો હતો: " એક લાકડી પર ધોળી ટોપી મૂકવાથી એ કોંગ્રેસી નથી બનતી."

રાષ્ટ્રીયતાનો રંગ જ તેમને કરની લાતની પૂર્વતૈયારીઓમાં ખેંચી લાવી હતી. અને છાત્ર સમિતિના મુખ્ય કાર્યકર્તાઓની નામાવલિ તૈયાર કરતા હતા. શ્રી દેસાઈએ તે માટે તત્પરતા દર્શાવી હતી, અને જેલમાં જવાની તેમની તૈયારીના પાઠ રૂપે તેમણે અંગત જીવન-રહેણીકરણી પણ કડક બનાવ્યાં હતા.

ગાંધી સિવાય કોઈ આગેવાન માટે તેમનો આદર નહિ. નિર્દય અને નિષ્ઠુર બની જે અન આગેવાનોને છોલી નાખતા ચચકાય નહિ. ગાંધીની રીતે જ જીવન ચેતના, માંગલ્ય પ્રેરશે, અને દેશને નવનિર્માણના શુભ્ર સ્ફોટકણા નિર્મળ રાહે દોરશે, એવી તેમને શ્રધ્ધા હતી.

આરંભ, પોલો ઉપદેશ તેમને ગમતાં નથી. જાહેર જીવનની અપ્રામાણિકતા, ડંભ સાપે તેમનો પ્રથમપ્રકોપ સદાય પ્રજવલે છે. તેમની જબ તેથી અત્યંત કડવી છે. કેટલીકવાર એ ભંજક, શુન્યવાદી વકદષ્ટિ વ્યક્તિ જ લાગે. કોઈનેય માટે સારો શબ્દ ન ઉચારતા દેસાઈ તરફ, તેમને અંદર ઊંડાણમાં ન હોય તેને નફરત પણ થાય. તેમનો પ્રગટ તિરસ્કાર પણ કરે.

પરંતુ તેમના અંતરમાં માનવતાનું માંગલ્યનું ઝરણ સતત વહેતું રહ્યું છે. આધુનિક જીવનશૈલી ભીડ, દિશાહીન, દર્શનશૂન્ય દોડે. આ ગેરા વિશ્વકમાં શ્વાસ લેવાનું મુશ્કેલ બનાવ્યું છે, ત્યારે તેમની અવળવાણી, કોઈકવાર બેડોળ ભાષા ન ભાવે, ન અનુકૂળ આવે. સમાજને તેમાંથી ભાતા ન જાડો. પરિવર્તન ઈચ્છનારાઓને પ્રેરણા ન મળે. આ તે વિદ્યાર્થી યુવક સમાજ સહુ તરફથી મોં ફેરવી આંખળી દોડમાં વિનાશ તરફ ધસ્યે જાય ! શ્રી દેસાઈ ઈચ્છે છે તેથી સાવ ઉલટું પરિણામ આવે.

શ્રી દેસાઈ જેવા આજીવન શિક્ષકકાર આ કેમ નહિ સમજતા હોય, તેવો પ્રશ્ન અવારનવાર ઉઠયો છે. કદાચ એટલું જ કેમણ છે, એવું જાલીએ છીએ તેથી આવો સવાલ સતાવ્યા કરે છે.

અમે જોઈએ છીએ, તેમના કથનમાં ગતિ છે, ગીત નથી, વહેણની તીવ્રતા છે પણ ગહનતા નથી . ક્ષિપ્રતા નથી. નવતા છે પણ નિત્યતા નથી, ભાષાની કઠોરતા ભાવને ભૂંજ નાખે છે. આ અવસ્થા સામે અંદરના રાગનો મેળ ખાતો નથી લાગતો. તેમના આર્દ વ્યક્તિત્વ વિશે એક સંભ્રમ ઘર ઊભો થઈ જાય છે.

અમે એમ સમજીએ છીએ કે તેમાં તેમનો વાંક ઓછો છે. એ સંધ્યાબંધ બુધ્ધિશીલોની માફક લાચાર બની આ અવનિત સહી લેવા તત્પર નથી. એ શિક્ષક છે, અને તેથી અંદરથી ધ્રૂજતી ધરતી માફક એ ઝાડરો, ઉગ્ર પ્રકાશ પાથરે છે. પેલાં પેનરો પર ધૂપ-છાંવની બેડી પડી છે. માઓવિચાર બધિધાર પાછી પરની લીલના દુર્ગંધ નાકને પીડી રહી છે. લથડેલા થાંભલા પર ચોટડી રહેલા ગાંધી પોસ્ટર પરની બે બાજદની જોડી મતની યાચના કરતી ઘાડી ગઈ છે. રજનીશજીની ઈન્દ્રીલાલની

સાંભળીને બહારના મેદાનમાં કોઈ ધર્મગ્રંથના તેલાઈ પાના પર શેકેલી મગફળીઓ આરોગતું જુવાનદૂદ જીવનનો ઉપહાસ કરી રહ્યું છે.

ધૂંધળા જીવનપથ પર સમસ્યાઓ અને અણઉકલ્યા સવાલોની અકડેઠઠ ભીડ જામી છે. બિમારીઓ ગંદી ગટરની માફક ઉભરાઈ રહી છે.

ત્યારે શિક્ષકનું કર્તવ્ય માત મીઠા, મંગળ શબ્દોની લહાણી જ કરવાનું ? કે ઝંઝાવાત બની સમાજની જડતાને, નઠોરતાને ચાબખા લગાવવાનું ? નિષ્કંપ હિમાલયનો સંદેશ આપવાનું કે એક જવાળામુખી બની ધગધગતા લાવારસની માફક ધરતી પર છાઈ જવાનું ?

શ્રી દેસાઈ આવું જ કર્તવ્ય નથી બજાવતા શું ? અંદર સળગી રહેલી વીજળી કોમળ સંવાદો, સ્વપ્નાઓની બહારોનો સથવારો છોડી એક ધ્યાહ્યી આગ બનીને બહાર આવે, તેમાં તેમનો ડોષ કેટલો ?

નિવૃત્તિએ તેમના કદમને એકાએક કટકોની માફક આંતર્યા છે- જે રીતે એ નિવૃત્તિને તેમન શિરે અંધાઈ, એ તેમને અને સહુમિત્રોને કહી છે. ૩૦ વર્ષની શિક્ષણ ક્ષેત્રની એકધારી સેવા પછી તેમની પૂઠેપૂંઠ એક પટાવાળા દ્વારા નિવૃત્તિ આદેશ પહોંચાડવામાં ઔચિત્ય અને દાક્ષિણ્ય નહોતું. - જાણે આ શિક્ષણકાર્યોની તેમાં ટેકડી ઉડાવાઈ છે, તેવો ભાવ સહુને અમુક વયના નિયમનું પાલન શાપ તેમાં કશું અજુગતું નથી. પરંતુ તેમાં વિવેક ચૂકવાની જરૂર નથી. આવો વિવેક નથી જળવાયો, તેમ સખેદ કહેવું જોઈએ. શિક્ષણક્ષેત્રની બહાર સારી જબળ તકો તેમને મળી હતી. શ્રી ખંડુભાઈ દેસાઈ જયારે કેન્દ્રમાં મજુરમંત્રી હતા ત્યારે શ્રી દેસાઈને આર્થિક સહાલકારના સ્થાન માટે નોંધતર્યા હતા. પરંતુ દેસાઈએ તેનો ઈન્કાર કર્યો. શિક્ષણકાર્ય સાથે આવી આત્મસાતૂ વ્યક્તિતને સંચાલકોનો જડ કાગળ એક ઉપાલભ સમાન જ લાગે.

આવતીકાલે-સોમવારે કૉલેજના વર્ગો આરભાશે, નવાજૂના વિદ્યાર્થીઓનાં વૃદ ત્યાંના વિશાળ પટાંગણમાં કદમ માંડશે ત્યારે નોટીસ બોર્ડ પર પેલી પરિચિત સહી નહિ વાંચે; સુકી શિક્ષણ ધરતી પર ભીના વાદળનું બીજ બોનાર મેઘસભર આકાશ સમા આચાર્યની વાણી એ નહિ સાંભળે; કદાચ બધુ પોપટ અને પાલી ગાગશે.. મેદાન રસહીન, શાળા નિષ્પ્રાણ...

આ શ્યમતા સૂરજ તરફ નજર ફેંકતો એક વિચાર દોડે છે.

કૉલેજનો વિદ્યાર્થી અને અધ્યાપકગણ શ્રી. દેસાઈના વિદ્યાર્થી ન હોય એવો કોઈ અધ્યાપક છે ખરો ? આવતીકાલે સવારે કૉલેજ જતાં પહેલા કમ્પાઉન્ડની પડખેની ગલીમાંના પહેલા મકાનની રવેશમાં દેસાઈ સાહેબને ભકિતભાવપૂર્વક પ્રણિપાત કરે, તેમના મુગા આર્શીવાદ પામે - આવા વિરલ આચાર્યને અભ્યાસના આરંભદિને વ્યાલસોઈ વિદાય કરી, તેમને જ અતિપ્રિય એવા અધ્યયનમા રત થાય.

શ્રી દેસાઈ સાહેબને તેમની જ તંસ્થાનો અંજલિ અન્ય કઈ હોઈ શકે ? ભૌતિક ગમતામાં લયપય રહી, દુષિત મૂલ્યોને પ્રેરથી પેલી દંભી દુનિયાને આનાથી અન્ય કયો સબળ ઉત્તર હોઈ શકે ?

સૂરજ ભલે કાળો રહે - શ્રી દેસાઈ સાહેબની આંતર દુનિયાને આપણે સહુ રોશન રાખીએ.

- નીરૂભાઈ દેસાઈ
વાસરિકા કટાર, ગુજરાત સમાચાર
તા. ૧૫-૬-૧૯૯૯

૨૬/૬/૨૦૦૮ | ન્યૂઝ

અમારે પેપરો કેવાં કાઢવાં એ પણ તમે જ નક્કી કરો

શાળા-કૉલેજો ખૂલી ગઈ છે. કૉલેજોના પ્રાંગણ ફરી એક વાર જીવંત બની ગયાં છે. યુવક-યુવતીઓ ભારે ઉલ્લાસ અને ઉમંગ સાથે પરિસરમાં ઘૂમતાં જણાય છે. નવાં આગંતુકો એકબીજા સાથે હવે મૈત્રી કેળવશે. અધ્યાપકો અને આચાર્યો પણ નવી જનરેશન સાથે પરિચય કેળવશે. દરેક વિદ્યાર્થીના જીવનમાં તેમને ભણાવતા અધ્યાપકો કે પ્રિન્સિપાલ એક કાયમી છાપ છોડી જતા હોય છે.

અમદાવાદ શહેરની કેટલીક સુપ્રસિદ્ધ કૉલેજોએ કેટલાક લેજન્ડરી આચાર્યો આપેલા છે. સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પ્રિન્સિપાલ ફાધર ડિસોઝા, મહિલા કૉલેજનાં પ્રિન્સિપાલ એસ. આર. ભટ્ટ, એલ. ડી. આર્ટ્સના પુરુષોત્તમ ગણેશ માવળંકર અને એચ. એલ. કૉલેજના પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ- એ બધાની એક આગવી પ્રતિભા હતી.

આજે પ્રિન્સિપાલ એ ૨૧. વ ૧ . દેસાઈની વાત.

૬ . ૨ ૧ . ૧૯૪૫.

એ વખતે હિન્દુસ્તાન આઝાદ થયું નહોતું. સ્વાતંત્ર્યસંગ્રામ પરાકાષ્ટાએ હતો. કૉલેજોના વિદ્યાર્થીઓ પણ સ્વાતંત્ર્યની ચળવળમાં સક્રિય હતા. એ વખતે અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારના એચ. એલ. કૉમર્સ કૉલેજના પ્રિન્સિપાલ તરીકે એસ. વી. દેસાઈ હતા. તેઓ તેમના કડક સ્વભાવ અને વિશિષ્ટ પ્રકૃતિ માટે જાણીતા હતા.

એક વખતે તેમણે બી.કૉમ.ના છેલ્લા વર્ષની પરીક્ષામાં બેસવા માગતા ચાર વિદ્યાર્થીઓનાં તેમની અનિયમિતતાના કારણે હડતાળ પાછી ખેંચી લેવા વિનંતી કરી, પરંતુ વિદ્યાર્થીઓ ઓર ઉશ્કેરાયા. મંચ પર પથ્થરો ફેંકાયા અને બ્રહ્મકુમારે માઈક છોડી જતા રહેવાનું પસંદ કર્યું.

વિદ્યાર્થીઓનું આંદોલન વધુ

બન્યું, પરંતુ પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ તેમના નિર્ણયમાં અડગ રહ્યા. એસ.વી.ટસથી મસ ના થતાં વિદ્યાર્થીઓએ એસ.વી. પરુ રાજકીય દબાણ લાવવાનો પેંતરો કર્યો. એ વખતે દાદાસાહેબ માવળંકર શક્તિશાળી પ્રતિભા હતા. સ્વતંત્રતા પછી તેઓ લોકસભાના પ્રથમ સ્પીકર બન્યા હતા. વિદ્યાર્થીઓ દાદાસાહેબ પાસે ગયા. દાદાસાહેબ માવળંકરનો જવાહરલાલથી માંડીને ગાંધીજી સાથે નજીકનો ઘરોબો હતો. દાદાસાહેબે વિદ્યાર્થીઓની રજૂઆત શાંતિથી આખ્યા જ છો તો એક કામ કરો. હું તમને એક વ્યક્તિનું નામ આપું છું, તમે અમદાવાદ જઈ દાદાસાહેબ માવળંકરને તમારા પ્રશ્નની તેમની સાથે ચર્ચા કરો. તે જે ચુકાદો આપે તે મને કહો. પછી જ હું ભલામણ કરીશ."

વિદ્યાર્થીઓ તો ગાંધીજીની વાત સાંભળી ઠંડા જ થઈ ગયા. કારણ કે તેઓ અહીં આવતા પહેલાં દાદાસાહેબ માવળંકરને મળી ચૂક્યા હતા. દાદાસાહેબે તો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો કે, "આમાં તો મારાથી કાંઈ થઈ શકે નહીં. એસ.વી.નું વલણ બરાબર છે."

વિદ્યાર્થીઓ પાસે હવે બાપુ સાથે વધુ ચર્ચા કરવા જેવું કાંઈ જ નહોતું. આખુંયે વિદ્યાર્થી પ્રતિનિધિમંડળ વીલા મોઢે પાછું ફર્યું.

વિદ્યાર્થીઓની મિટિંગ બોલાવી. બાપુએ તેમને વાત કરી એ વાતથી આખીયે કૉલેજના હડતાળિયા વિદ્યાર્થીઓને વાકેફ કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓનો જુસ્સો તૂટી ગયો.

વિદ્યાર્થીનેતાઓ ફરી બ્રહ્મકુમાર ભટ્ટને મળ્યા. એ વેળા બ્રહ્મકુમાર કૉંગ્રેસના મંત્રી હતા. પ્રેમા હૉલમાં મીટિંગ થઈ. બિનશરતી હડતાળ પાછી ખેંચવામાં આવી અને વિદ્યાર્થીઓને ફૉર્મ આપવાં કે ના આપવાં તે પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈની ગુડવીલ પર છોડી દેવામાં આવ્યું. બ્રહ્મકુમારની આ

એસ. વી. દેસાઈ એક સ્વમાની પ્રિન્સિપાલ હતા

સ્વભાવ અને વિશિષ્ઠ પ્રકૃતિ માટે જાણીતા હતા.

એક વખતે તેમણે બી.કોમ.ના છેલ્લા વર્ષની પરીક્ષામાં બેસવા માગતા ચાર વિદ્યાર્થીઓનાં તેમની અનિયમિતતાના કારણે ફોર્મ રોકયાં હતાં. એ વખતે ગુજરાત યુનિવર્સિટીનું અસ્તિત્વ નહોતું. ગુજરાતની કૉલેજો બોમ્બે યુનિવર્સિટી સાથે સંકળાયેલી હતી.

ચાર વિદ્યાર્થીઓનાં ફોર્મ રોકવાના કારણે વિદ્યાર્થીઓમાં અસંતોષ ફેલાયો. એ વખતે અમદાવાદમાં રાષ્ટ્રીય વિદ્યાર્થીમંડળ ચાલતું હતું. આ મંડળ વિદ્યાર્થીઓનું શક્તિશાળી યુનિયન હતું અને આઝાદીના જંગમાં પણ સક્રિય હતું. આ મંડળનું નેતૃત્વ બ્રહ્મકુમાર ભટ્ટ જેવાઓના હાથમાં હતું. એસ. વી. દેસાઈને બધા 'દેસાઈ સાહેબ' કહીને બોલાવતા. ફોર્મ રોકાતાં વિદ્યાર્થીઓએ હડતાળ પાડી દીધી. વિદ્યાર્થીઓએ બ્રહ્મકુમાર ભટ્ટને વિનંતી કરી કે, "તમે એસ. વી.ને સમજાવો."

વિદ્યાર્થીઓનો કેસ લઈ બ્રહ્મકુમાર એસ. વી. દેસાઈ પાસે ગયા. તેમણે વિનંતી કરી : "દેસાઈસાહેબ, ચાર વિદ્યાર્થીઓને ફોર્મ આપી દો. મામલો પતાવી દો."

એસ.વી.એ ખૂબ જ શાંતિથી કહ્યું : "બ્રહ્મકુમાર,ફોર્મ કોને આપવાં, ક્લાસમાં અમારે શું ભણાવવું, પરીક્ષા કેવી રીતે લેવી, તેમાં પેપરો કેવાં કાઢવાં એ બધુ તમે જ નક્કી કરી નાંખોને !"

બ્રહ્મકુમાર સમજી ગયા અને એસ.વી. સાથે બીજી આડીઅવળી વાત કરી નીકળી ગયા.

એ વખતે એલ. ડી. આર્ટ્સ અને એચ. એલ.ની હોસ્ટેલ સામે લિબર્ટી રેસ્ટોરાં હતી. અહીં વિદ્યાર્થીઓની મીટિંગ ચાલતી હતી. બ્રહ્મકુમારે ત્યાં જઈ એસ.વી. દેસાઈના મિજાજની વાત કરી અને વિદ્યાર્થીઓને પાસે ગયા. દાદાસાહેબ માવળંકરનો જવાહરલાલથી માંડીને ગાંધીજી સાથે નજીકનો ઘરોબો હતો. દાદાસાહેબે વિદ્યાર્થીઓની રજૂઆત શાંતિથી

સાંભળી. તેઓ પણ એસ.વી.ના મિજાજથી પરિચિત હતા. એસ. વી. દેસાઈ પણ ભણાવતા ભણાવતા વિદ્યાર્થીઓને આઝાદીના જંગ માટે તૈયાર કરતા હતા. એસ.વી.ના સ્વભાવથી પરિચિત એવા દાદાસાહેબ માવળંકરે વિદ્યાર્થીઓને કહ્યું : "આમાં તો મારાથી કાંઈ થઈ શકશે નહીં. એસ.વી.નું વલણ બરાબર છે."

દાદાસાહેબની વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયેલા વિદ્યાર્થીઓ પાછા ફર્યા.

હડતાળ ચાલુ રાખવામાં આવી.

હડતાળિયા વિદ્યાર્થીઓએ ફરી મીટિંગ કરી. હવે તેમણે છેલ્લું શસ્ત્ર- ગાંધીજીની વગનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું. વિદ્યાર્થીઓ સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ જોડાયેલા હોઈ બાપુને એચ.એલ.ના વિદ્યાર્થીઓ માટે બહુ જ પ્રેમ હતો. અમદાવાદથી વિદ્યાર્થીઓનું એક પ્રતિનિધિમંડળ વર્ધા ગયું. બાપુ વર્ધા હતા. ગાંધીજીએ વિદ્યાર્થીઓની વાત શાંતિથી સાંભળી. કેટલોક સમય સુધી મૌન રહ્યા બાદ બાપુ બોલ્યા : "હવે આમાં તો હું શું કરું ? પણ હવે તમે છેક અમદાવાદથી બિનશરતી હડતાળ પાછી ખેંચવામાં આવી અને વિદ્યાર્થીઓને ફોર્મ આપવાં કે ના આપવાં તે પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈની ગુડવીલ પર છોડી દેવામાં આવ્યું. બ્રહ્મકુમારની આ રીતની સલાહ વિદ્યાર્થીઓએ સ્વીકારી.

મીટિંગ બાદ વિદ્યાર્થીઓના હડતાળ પાછી ખેંચી લેવાના નિર્ણયની જાણ એસ.વી.ને કરવામાં આવી. એ વખતે એસ.વી. કાંઈ જ બોલ્યા નહીં.

પરંતુ બીજા દિવસે એસ. વી. દેસાઈએ ચારેય વિદ્યાર્થીઓના કેસ ફરી તપાસ્યા. પુનઃ વિચારણાના અંતે તેમણે ઓછી અનિયમિતતા ધરાવતા બે વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવા માટેના ફોર્મ આપ્યાં, પરંતુ ઘણા વધારે અનિયમિત એવા બે વિદ્યાર્થીઓને ફોર્મ ના આપ્યા તે ના જ આપ્યા.

આવા હતા એસ.વી.

દાદાસાહેબ કે ગાંધીજી પણ તેમના નિર્ણયની વિરુદ્ધ જવાની હિંમત કરતા નહોતા. કૉલેજમાં અત્યંત શિસ્તના આગ્રહી એવા એસ.વી. આડકતરી રીતે રાજકારણમાં સક્રિય હોવા છતાં રાજકીય હસ્તક્ષેપને ચલાવી લેતા નહીં અને એ વખતના રાજકારણીઓ શિક્ષણના રોજબરોજના ક્ષેત્રમાં હસ્તક્ષેપ કરતા પણ નહીં. આજે તો પરીક્ષામાં ચોરીઓ કરાવવાથી માંડીને વિદ્યાર્થીઓને પાસ કરાવી દેવા માટે પણ ભલામણો કરતાં નેતાઓ શરમાતા નથી.

બાપુ અને દાદાસાહેબ માવળંકર પાસેથી રાજકારણીઓ કાંઈક શીખે અને એસ. વી. દેસાઈ પાસેથી કૉલેજના આચાર્યો કાંઈ શીખશે તો ફરી એક વાર પાટા પરથી ઊથલી પડેલી ગુજરાતના શિક્ષણની ગાડી પાટા પર આવશે.

કૉલેજોના આચાર્યો તેમનું સ્વમાન પુનઃ પ્રસ્થાપિત કરે.

- દેવેન્દ્ર પટેલ

દાદાસાહેબ માવળંકર અને ગાંધીજીએ પણ એસ.વી.ના નિર્ણયમાં માથું ના માર્યું

આત્મકથા

છેલ્લાં વહેણ : ભાગ છઠ્ઠો

ઈન્દુલાલ યાજ્ઞિક

આદિજનના સત્યાગ્રહ

આત્મકથા

ભાગ છઠ્ઠો

છેલ્લાં વરસ

લેખક
ઈન્દુલાલ યાજ્ઞિક

સંપાદક
ધનવન્ત ઓઝા

મહાગુજરાત સેવા ટ્રસ્ટ : અમદાવાદ.

સ્ત્રીવાત્સલ્યનો મારો ભૂખ્યો જીવ તેનો ભાવભીનો પૂજક અને સેવક બની જતો. તારાબેન મુંબઈના સુધારાવાદી પણ કડક સ્વભાવના પિતાના ઘરમાં ઉછરેલાં. તેમણે મારામાં આવી ઊંડી શ્રદ્ધા દર્શાવી તેથી અમદાવાદમાં મને નવાં કામ કરવાની સારી પ્રેરણા મળી.

એ સાલની આખરે જ ડાકટર સુમંતની તબીયતની સંભાળ લેવાને ઉછરતી છોકરીઓના શિક્ષણનો શ્રેષ્ઠ પ્રબંધ કરવાને શારદા-બહેને સકુટુંબ વડોદરે રહેવા જવાનો નિર્ણય કર્યો. મેં તો સારાયે જીવનમાં પહેલી જ વાર આવા સર્વોત્તમ સંસ્કારી કુટુંબનું સુખ લાગલગાટ આટલાં વરસ ભોગવ્યું હતું. તેમાં માતૃપ્રેમના અણજાણ જીવને આવાં સુશિક્ષિત સન્નારીના વાત્સલ્યથી તેમનાં કુમાર-કુમારિકાઓ સાથે રમતગમત કરવાની અણમોલ તક પહેલીવાર મળી. હવે ઓચિંતુ મારા જીવનનું મધ્યબિન્દુ બનેલું આ કુટુંબ મને ભવાટવીમાં એકલો મુકીને પરગામ ચાલ્યું ગયું ત્યારે મારા દિલને ઘણું દર્દ થયું, તેમની સાથે મેં પણ ઘર બદલ્યું અને બે ઓરડીના એક નાના મકાનમાં રહેવા ગયો.

આ કુટુંબ વડોદરા ગયા પછી થોડો વખત સરલા અમદાવાદ રહેલી. તેને ક્વચિત મળીને અને ક્વચિત દા. સુમંત ને શારદા-બહેન કામસર આવતાં ત્યારે તેમને મળીને હું આશ્વાસન મેળવતો. પણ જ્યારે શારદાબહેન દોઢવાર તેમનાં બાળકો સાથે અમદાવાદ આવતાં ત્યારે તેમને રાતે મોડે સુધી મળીને ઘણા વખતની ભૂખ ભાંગતો. છેવટે જ્યારે તેમની વિદાય લઈને હું બહાર નીકળતો ત્યારે જાણે દુનિયાની ઝળહળતી રોશની ઝૂઝાઈ જતી અને ગોપાસ ઘોર અંધકાર દેખાતો !

સન ૧૯૨૪માં પ્રાંતિક સમિતિના મંત્રીનું રાજીનામું આપીને હું હરિજન-આદિવાસીની સેવાનાં કામ કરતો ત્યારે વળી દા.સુમંત

વગેરે મિત્રો સાથે રહેવા અમે દેસાઇના દાદા અંબાલાલ સાકર-લાલનો બંગલો ભાડે રાખ્યો. પછીથી જૂના શારદામંદિરના સ્થાનક તરીકે પંકાયેલા આ મકાનથી તે છેક માદલપુર ગામની વચ્ચે તે વખતે કંઈ વસ્તી નહોતી. વિશાળ ચોગાનવાળા આ નાનકડા મકાનમાં 'યુગધર્મ' માસિકના લેખકોની સભા મળતી. તેમાં ભાગ લેવાને કાકા સાહેબ કાલેલકર, રસિકલાલ પરીખ, મુનીશ્રી જિનવિજયજી, રામનારાયણ પાઠક વગેરે મિત્રો પધારતા. અમારા માસિક યુગધર્મની અને તેના કાર્યાલયના પ્રકાશનની ભૂમિકા ઊંચી રહેતી. તે વખતે અમે ગાંધીજી અને અરવિંદ ઘોષનાં લેખો, ભાષણો, પુસ્તકો વગેરે પ્રગટ કરતા. હું ગાંધીજીના વરવડાના આશ્રમ વિષે લખતો અને બુદ્ધની માફક સાંજે જેલના ચોગાનમાં પરિભ્રમણ કરતાં ગાંધીજીનું વર્ણન કરતો, તે વખતે હું પણ મોટે ભાગે બુદ્ધના આદેશને અનુસરી ઘરની માયા છોડીને વૈરાગી થવાનો ભગિરથ પ્રયાસ કરતો. તે વખતે જ સંધ્યાકાળ પછી નિરાહાર રહેવાનું વ્રત પાળીને હું રાતે દૂધ લઈને બુદ્ધનું ધ્યાન કરતો.

થોડા વરસમાં હું અમદાવાદ છોડીને મુંબઈ ગયો. હું ઘણાં વરસથી સંસારમાંથી ઉખડેલો હતો; હવે જાહેર જીવનમાંથી પણ હું ઉખડી ગયો, ત્યારે મેં મુંબઈનું શરણું શોધ્યું. ચોપાટી પર એક સન્મિત્રતા ઘરમાં એકલવાયું જીવન ગાળતાં પાછલા પડોરે પાસે આવેલા દેસાઈના પિતા વૈકુંઠરાયને ઘેર જઈને તેમની પુત્રીઓ શાંતિલા અને સરલાની સાથે વાતો કરી આશ્વાસન મેળવતો, પછી મુંબઈમાં છાપાની નોકરી કરવા માંડી ત્યારે રજાને દિવસે માસ્તર કુટુંબમાં ભળતો, તેમ ક્વચિત દેસાઈનાં મોટા બહેન દા. સુમંતના નાના ભાઈ ભાસ્કરભાઈ સાથે થોડાં જ વરસ પર પરણ્યા હતા. તેમનાં કુટુંબમાં ખરેખરાં વીરાંગના તો એ જ નીવડ્યાં. પિતાના કટ્ટર વિરોધની ઉપરવટ કરીને અને એક વરસ વિલાયતમાં તપસ્યા

અસલના સંયોગથી મારા દિલમાં જે માતૃત્વથી બંધાયેલી હતી તેણે હવે નવું રૂપ ધારણ કર્યું. પહેલાં કોઈ માતાના ખોળામાં માથું મૂકીને અને પછી સારી ધરતીને માતા ગણીને તેના વિરાટ ખોળામાં હું લીન થતો. હવે આશ્રમમાં તો ઊંચા આકાશની નીચે વિશાળ ધરતીને ખોળે જ મારું વ્યક્તિત્વ લીન કરી આધ્યાત્મિક શાંતિ સહેલાઈથી મેળવતો. તે તેખતે મુંબઈની દેવીઓનાં સ્મરણ ઝાંખા થતાં હતાં. છતાં માતૃપ્રેમની ભૂખ દિલમાં કવચિત ઊંડે ઊંડે વસતી અને કોઈ હેતસ્વી સ્ત્રીરત્નને મળતાં જ તે ભભૂકી ઊઠતી.

આશ્રમમાં વરસો સુધી આવો કુટુંબ વાત્સલ્યનો દુકાળ વેઠ્યા પછી કંઈક સુખની ઝાંખી થવા લાગી. સન' ૪૫માં બરાબર આકા-શમાં ઠરીકામ થયો તે પછી થોડા જ વખતમાં દેસાઈનાં નાનાં શાંતિલાબહેન તેમના પતિ સાથે કોમર્સ કોલેજ પાસે જ થોડો વખત રહેવા આવ્યાં. તે વખતે તેમને ઘેર ઊર્મિલાબહેનની દીકરી નીરૂ કોલેજના વિદ્યાર્થીઓની સાથે થોડા દિવસ માટે આવેલી. તે બધાંને મળવા હું એકવાર ગયો, ત્યાં સુરેન્દ્ર દેસાઈ પણ બહેનને મળવા આવેલા તેમણે પાસે પહેલા માળ પર આવેલો તેમનો નિવાસ મને બતાવ્યો. રાતના ઝાંખા પ્રકાશમાં તેમના પત્ની શાંતાબહેનની ઊડતી મુલાકાત લઈને હું રવાના થયો.

આઝાદીના સન '૪૭ના વરસ પછી ગુજરાત વિદ્યાસભા તર-ફથી પત્રકારિત્વના વર્ગ શરૂ થયા, તેમાં દેસાઈની સાથે મને પણ અધ્યાપક તરીકે નીમવામાં આવ્યો. આ કામ માટે અઠવાડિયે એક દિવસ સાંજે મારે અમદાવાદ રોકાવું પડતું ત્યારે દેસાઈના સારા કુટુંબના જૂના સહવાસને લીધે હું તેમને ઘેર જ રાતવાસો કરતો. આથી દેસાઈ સાથે જૂની દોસ્તી પાકી થઈ અને શાંતાબહેનનો નવો પરિચય થયો. ધીમે ધીમે મોટા દીકરા પ્રદીપની અને નાની

છેવટે તેને કંઈ જુગતું કામ ન મળ્યું તેથી તેણે બેંકની નોકરી સ્વીકારી લીધી. તે ઉપરથી સુશિક્ષિત યુવતીઓને સમાજ સેવાના કામમાં ખેંચવાની મુશ્કેલીનો મને નવો અનુભવ થયો.

નડિયાદમાં થોડાં વરસ સહકારી ખરીદ વેચાણ સંઘનું કામ કર્યા પછી ઉદવાડાથી માણસા સકરાખાડ સુધીના વિસ્તારમાં અનેક આશ્રમ સ્થાપીને હું તેના સંચાલનમાં રોકાયો. છેવટે નેનપુર[1] પાસે વાત્રક ખેડૂત વિદ્યાલય સ્થાપીને તેના આશ્રમમાં હું સળંગ બાર વરસ રહ્યો, ત્યારે શહેરમાં રહેલા જીવડાને પહેલીવાર ઉપર આકાશ અને નીચે ખુલ્લા ખેતરમાં રહેવાની અને આશ્રમનો જાડો રોટલો ખાવાની ખુબ મઝા પડી. રાત-દિવસ ડઝનબંધ ગરીબ વિદ્યાર્થીઓ સાથે કુટુંબભાવથી રહેવાનો મેં નવો લહાવો લીધો. પહેલાં ઘર વગરના માણસ તરીકે હું ચોપાસ રઝળતો.; હવે પગ બાંધીને આશ્રમના વિશાળ ખેતરમાં હું રહેતો થયો. વળી ત્યાં રોજ નવો વિકાસ સાધવાની યોજનાઓ ઘડતો અને તેને સિદ્ધ કરવાને અહર્નિશ વિવિધ પ્રવૃત્તિ કરતો. ખરેખર કદી જમીનનો દસ્તાવેજ નહિ કરનારે અનેક જમીનો ખરીદી, ઘર વિનાના માણસને આશ્ર-મનું ભોજન નિયમિત મળતું અને કુટુંબ વિનાનો માણસ સેંકડો છોકરાંનો મમતાળુ 'દાદો'[2] બની ગયો.

---

૧. અમદાવાદથી નડિયાદ રેલવે માર્ગે જતાં કનીજ અને મહે-મદાવાદ સ્ટેશનની વચ્ચે નેનપુર નામનું સ્ટેશન આવે છે.

૨. પંચમહાલમાં મોટા આગેવાનને દાદા કહે છે. તે જિલ્લાનો એક જુવાન આશ્રમના ખેતી કામમાં રોકાયો. તેનો દાખલો લઈને નડિયાદમાં અને અમદાવાદમાં મને સૌ 'દાદા' કહેવા લાગ્યા.

ઘણાં વરસમાં તો હજાર-બે હજાર વિદ્યાર્થીઓ આશ્રમમાં ભણ્યા હશે. તે ઉપરથી ફ્રાંસના એક પત્રકારે મારી મુલાકાત લઈને લખ્યું : આ વગર પરણેલો માણસ હજાર છોકરાનો બાપ બન્યો છે!

બહેન ચિત્રાની સોબત થતી ગઈ. છેક સન ૧૯૫૬ના ઑગસ્ટ સુધી પરિચય થતો ગયો. તે દરમ્યાન શાંતાબહેનના વાત્સલ્યનો અને તેમનાં બે બાળકોના હાસ્યવિનોદનો હું રસિયો બન્યો.

સન '૫૬ના ઑગસ્ટ માસના ગોળીબારથી મહાગુજરાતની લડત શરૂ થઈ; ત્યાર પછી થોડા જ વખતમાં હું આશ્રમ છોડીને અમદાવાદમાં દેસાઈના ઘરનો મહેમાન થયો. આશરે ૩૦ વરસ પર દા. સુમંતના ઘરમાં રહેતો તે પછી નવી લડતને અંગે મારે અમદાવાદ રહેવાનું થયું પણ આ નવા વસવાટના સંયોગો છેક જ જુદા હતા. દા. સુમંત અને શારદાબહેન મારાં વડીલ હતાં અને સેવાનાં અનેક કાર્યો કરવાને તેમનો મહેમાન થયેલો. ત્યારે દેસાઈના આખા ઘરમાં વડીલને સ્થાને હું હતો અને મારું રાજકીય કામ બહાર કરવાને હું ઘરમાં રાતવાસો કરતો. મુંબઈમાં વરસો સુધી દેસાઈનાં બહેનને મળતો. દેસાઈની જ ન્યાતના અલ્પક્ષત્રિયો સાથે જ અમદાવાદમાં જુદા જુદા કારણસર સન ૧૯૨૬થી અનેક કામને અંગે મારો ગાઢ સંબંધ બંધાયો હતો. તેઓ આખાબોલા હોવાથી એક ઘાએ બે કકડા કરતા. તેઓ સમય પિછાનીને સાહસિક થતા અને ગાંધીજીના જમાનામાં સરદારની સાથે મોખરે રહ્યા. હું જૂના કૉંગ્રેસી કાળમાં અમુભાઈ દેસાઈનો અને પછી બળવંતરાય કાનુગાનાં પત્નીનો રોજનો મહેમાન થતો. હવે એ પરંપરા જાળવીને હું દેસાઈનાં પત્ની શાંતાબહેનનો ભાવિક સત્કાર ભોગવતો.

ગઈ સદીની આખરે સ્વાશ્રય અને સ્વદેશીના હિમાયતી તરીકે અને અર્થશાસ્ત્રના નિષ્ણાત તરીકે ખ્યાતિ પામેલા અંબાલાલ સાકર-



વિરાજદેવ પ્રભાશંકર પટ્ટણી (૧) વિરાજદેવ પ્રભાશંકર પટ્ટણી (૨) વિરાજદેવ પ્રભાશંકર પટ્ટણી (૩) ઇન્દુમતી પ્રભાશંકર પટ્ટણી (૪) વિરાજદેવ પ્રભાશંકર પટ્ટણી (૫) વિરાજદેવ પ્રભાશંકર પટ્ટણી (૬) ઇન્દુમતી પ્રભાશંકર પટ્ટણી

લાલ [૧] ના પૌત્ર સુરેન્દ્ર દેસાઈ તે વખતે વાણિજ્ય વિદ્યાની કૉલેજના આચાર્ય તરીકે ગુજરાતભરમાં જાણીતા હતા. તેમના વિષયની નિપુણતા સર્વત્ર પ્રખ્યાત હતી. તેમ તેમના શિસ્ત-પાલનના કડક આગ્રહથી વિદ્યાર્થીઓ પર તેમનો ભારે પ્રભાવ પડતો.

---

૧. સુપ્રસિદ્ધ સાક્ષર બળવંત ઠાકોરે અંબાલાલભાઈનું શબ્દચિત્ર નીચેના શબ્દોમાં આલેખ્યું છે : 'અસાધારણ માનસિક શક્તિઓ, નાનીમોટી દરેક બાબતમાં વિરલ આગ્રહ અને ખાસ કરીને અનન્ય ચારિત્ર્યબળને લીધે અંબાલાલભાઇનું વ્યક્તિત્વ જાજવલ્યમાન હતું. એમનો ભરાઉ કદાવર દેખાવ, એમના ઉત્તમાંગનું ગૌરવ, એમની આંખનું તેજ, એમના અવાજનો ધાતુ ઘન સૂર સર્વ એ જાજવલ્યમાન વ્યક્તિનાં યોગ્ય વાહન હતાં; અને એ વ્યક્તિત્વનો પ્રભાવ એમની કૃતિઓમાં તેમજ વાણીમાં પણ પડતો.' જુઓ દી.બ. અંબાલાલ સાકરલાલ દેસાઇ : ભાષણો અને લેખો પાન ૧૧.

સારા દેશ તરફ અને દેશના ગરીબ તવંગર સર્વ બાંધવો તરફ તેમનો પ્રેમ તેમના લેખમાં નીચેનાં વાકયોમાં ઊભરાય છે :

હિન્દ મારો દેશ છે, ગુજરાત મ્હારું ગામ છે, અમદાવાદ મ્હારી પોળ છે, ખાડિયું મ્હારું વારસે મળેલું ઘર છે'.....

"આપણામાંના દ્રવ્યમાન ને સુખી લોકોએ તેમજ બીજા સર્વેએ હમેશ યાદ રાખવાનું સૂત્ર એ છે કે, આપણું સુખ બીજાને આધારે ને આપણું દુઃખ પણ બીજાને લઈને છે. જો ગરીબ સારા તો તાલેવર પણ સારા; ગરીબ દુઃખી તો ઇતર લોક દુઃખી થવાના ...આપણા સર્વ દેશી ભાઈઓ જ્ઞાની, નિરોગી, હોંશવાળા, ભક્તિવાળા, સદ્‌ગુણી હશે, તો જ સર્વ ગુજરાતને સુખ, શાંતિ ને સુબુદ્ધિ મળશે.

તેમને અસત્ય અને દુરાચાર સામે કડક રોષ અને સચ્ચાઈ અને સદ્‌ગુણ તરફ આદર વારસામાં મળ્યાં છે અને તેમના કુટુંબમાં પ્રસર્યાં છે. તેમના દાદા અંબાલાલ[1] હળવા સુધારાના હિમાયતી હોવાથી જૂની જર્જરિત રૂઢીઓના અને ધર્મના નામે ચાલતા લાગણીચેડાના સખત વિરોધી હતા. દેસાઈને ઘેર અધ્યાપકો, કેળવણીકારો, વિદ્વાનો, વિદ્યાર્થીઓ વગેરેની ઘણીવાર મિજલસ જામે. તેમાં ગમે તેવા વિવિધ સૂર સંભળાય. પણ હંમેશાં ગમે તેવા મોટેરાનાં અભિમાન, લોભવૃત્તિ અને ભ્રષ્ટાચારને કડક શબ્દોમાં ડામવામાં આવતાં. કોઈના કુડકપટ કે હલકી નફાખોરી કે ચાલાકીને કદી ચલાવી લેવાતી નહિ. આચાર્ય અને પરીક્ષક તરીકે ઘણાય શિક્ષકો ઊંધા ધંધા કરે છે પણ તેની ગંધ પણ આવે તો તેને સખત શબ્દોમાં વખોડવામાં કોઈ ન જ ચૂકે.

હું આ ઘરમાં દાખલ થયો ત્યારે મહાગુજરાતની લડત પૂરજોશમાં ચાલતી હતી તે વખતે તો જુવાન શહીદોનાં બલિદાનથી સારી પ્રજાની લાગણી ઘણી ઉગ્ર બની હતી. તેથી અહીંયા પણ બધા મારા પર ઘણો આદર વરસાવતા અને રોજ રોજ લડતની જે વાતો હું ઘરમાં ખુબ જુસ્સાથી કરતો તે પુરા ધ્યાનથી બધાં સાંભળતાં. તે વખતના પંતપ્રધાન મોરારજી સામે અમારી ગાજવીજ રોજ ચાલતી તેથી તેમની હું જે બધી ટીકા કરું તેને સર્વ વધાવી લેતાં. વળી નેહરુની હું કળવી ટીકા કરું તો દેસાઈ તેના પર ચાર ચંદા ચઢાવવા તૈયાર રહેતા. તે વખતે ગાંધીજી અને

૧. અંબાલાલ સાકરલાલ પ્રાર્થનાસમાજના સ્થાપક ભોળાનાથ સારાભાઈના સમકાલિન હતા અને તેમના પુત્ર નરસિંહરાવ હીવેટિયા, કેશવ હર્ષદ ધ્રુવ અને કમળાશંકર ત્રિવેદી જેવા સાક્ષરોના પરીક્ષક હતા.

સરદારને તો મહાગુજરાતના અસલ સ્વપ્નદષ્ટા તરીકે ગણીને અમે પૂજતા. તેમાં મને સર્વનો પૂરો સાથ મળતો.

દિવાનખાનાની આવી ચર્ચાથી મને મારા કામમાં ઘણું પીઠબળ મળતું. હું ઘરમાં જાઉં તો ત્યાં અવિચ્છિન્ન સામ્રાજ્ય શાંતા બહેન ભોગવતાં. તેમણે પહેલાં જ દિવસથી મને એક કુટુંબી તરીકે અપનાવીને સવારથી તે સાંજ સુધી મારી સગવડ સાચવવા માંડી. મારા પર માતાનું વાત્સલ્ય અગાઉ તારાબહેન અને શારદાબહેને વરસાવેલું. તે બન્ને મારાથી થોડાંઘણાં મોટાં હતાં. હવે નાનાં બહેન જેવા શાંતાબહેન ઘરમાં જે રાજ ચલાવતાં તેને બધાંની માફક હું પણ મોજથી આધીન થતો. તે વખતે તેઓ મ્યુનિસિપાલિટીની હાઈસ્કૂલમાં નોકરી કરતાં, છતાં નોકરની મદદથી સવાર અને સાંજની રસોઈ કરતાં અને વખતોવખત અવનવી વાનગીઓ પીરસીને સર્વનું મનોરંજન કરતાં. ઘરના વહીવટમાં રસોઈ ઉપરાંત સફાઈ, પાણી કપડાંની ધોલાઈ, બિછાનાની વ્યવસ્થા વગેરે જે અનેક કામ હોય તે બધાં તે જાતે કરતાં અથવા તેના પર દેખરેખ રાખતાં. ક્વચિત માણસ ન હોય તો તરત જાત મહેનત કરીને તેની ખોટ પુરતાં. ઘરનો આ બધોય ભાર ઉપાડતાં છતાં તેમના મુખ પર હંમેશ મીઠું હાસ્ય રમતું. મારાં મેલા કપડાં ધોવરાવવાને કે નવાં સિવડાવવાને હું ક્વચિત તેમને વિનંતિ કરતો તો તે તરત પાર પાડતાં. હું તો તેમની માતા સમાન હૂંફથી તાજો થઈને મારા કામે દોડી જતો અને તેમાં સત્વર વિજય મેળવવાનાં સ્વપ્નાં રચતો.

માસ્તરના ઘરમાં તારાબહેનનું અને શારદાબહેનના ઘરમાં દા. સુમંતનું ઉપરિસ્થાન પાથરેલું. અહીંના દેસાઈ તો પોતાના કામમાં અને મિત્રમંડળમાં એટલા મશગુલ રહેતા કે છોકરાં પર ધ્યાન આપવાની જરાયે ફુરસદ નહોતી. ત્યારે શાંતાબહેન તેમની

શાળા અને ઘરના વહિવટમાં ગળાબૂડ રહેતાં તેથી તેમને બહોરની પંચાયતમાં પડવાની પરવા નહોતી. આમ ઘરમાં પતિપત્ની વચ્ચે કાર્યપ્રદેશ ડહાપણથી વહેંચાયેલો જોઈને હું ઘણો આનંદ અને શાંતિ પામતો.

આવી રીતે મારા આરંભકાળમાં હું શહેરમાં તેમ ઘરમાં માન અને પ્રતિષ્ઠા ભોગવતો. પણ થોડા વખતમાં મહાગુજરાતની હડતની નવીનતા જરા ઝાંખી પડતી ગઈ તેમ આ કુટુંબને દાદાજીના બીજા ગુણની સાથે પોતાનો આગવો કક્કો ખરો કરવાનો જે અક્કડ મિજાજ મળ્યો છે તેનું પારખું મને મળવા લાગ્યું. વરસેક થવા આવ્યું ત્યારે શહીદ સંવત્સરીને દિવસે શહેરમાં અમે હડતાલ પાડવાનું એલાન આપ્યું ત્યારે માતાપિતા અને બાળકોને અસર પહોંચતી હોવાથી તેમણે તેની સામે ગણગણાટ કરવા માંડ્યો દેસાઈ જરા ઠાવકાઈથી હડતાલની પ્રવૃત્તિને નાપસંદ કરવા લાગ્યા .અને શાંતાબહેન તો તે વિષે મૌન રાખી મારું સમર્થન કરતાં. ત્યારે પ્રદીપ અને ચિત્રાએ હડતાલના કાર્યક્રમની પહેલાં ઠેકડી ઉડાવી અને પછી તેનો સખત વિરોધ કર્યો. તેમણે મને ફરીફરીને કહ્યું કે તમે તો ભણી ઉતર્યા છો તેથી તમને બીજાના ભણતરની કંઈ પડી નથી. હવે તમે ગમે તેટલી પત્રિકા વહેંચશો અને ધાંધલ કરશો તોયે અમારી કૉલેજમાં જરાય હડતાલ પડવાની નથી. આ બધી વાત બન્ને બાળકો થોડું ઘણું હસતે હસતે જ કરતાં તેથી હું મજાકમાં ઉડાવી દેતો. છેવટે ધાર્યા પ્રમાણે કેટલાક વિદ્યાર્થી આગેવાનો આગ્રહ કરીને વિદ્યાર્થીઓની હડતાલ પડાવવામાં સફળ થયા. છતાં વળી બીજે જ વરસે પાછો અમારો હડતાલનો કાર્યક્રમ જાહેર થાય ત્યારે બન્ને બાળકો મારી એવીને એવી જ ઠેકડી ઉડાવતાં.

આ ઘરમાં રહીને મેં સન ૧૯૫૭માં લોકસભાની ચૂંટણીમાં વિજય મેળવ્યો. તે પહેલાં ચૂંટણીની સભાઓને લીધે હું

ઘેર મોડા આવતો અને કોઈ લોકો મધરાતે બારણું ઠોકતા ત્યારે દેસાઈએ બધી હેરાનગતિ શાંતિથી સહન કરી. ચૂંટણીનું પરિણામ જાહેર થયું તે દિવસે મારા અને બીજા સાથીઓના વિજય નિમિત્તે ભારે સરઘસ આખા શહેરમાં નીકળ્યું. તે દિવસે ધુળેટીનો તહેવાર હતો, તેથી હું અને મારા સાથીઓ ગુલાલથી રંગાઈ ગયા. મોડી રાતે મારાં કપડાં ધોવા આપ્યા પછી બીજા દિવસથી અમારા વિજયની વાત કરવા બેઠા ત્યારે બન્ને છોકરાએ નવી મજાક ઉડાવવા માંડી. હું હવે એમ. પી. કહેવાતો તેનો અર્થ સંસદ સભ્ય થાય. તેને બદલે 'મેડ પર્સન'–અર્થાત 'ગાંડો માણસ' ઘટાવીને તેમણે મશ્કરી કરવા માંડી. ત્યારે હું તો આ બાળલીલાને ખડખડાટ હસીને ઉડાવી દેતો. તેમાં દેસાઈ અને બીજા મિત્રો પણ ભળતા. આવે વખતે મારા જેવા વડીલ આગેવાનની આવી ટીખળ કરવા માટે શાંતાબહેન પ્રદીપ–ચિત્રાને ઘણુંયે ટોકતાં ત્યારે ઠંડા અવાજે બન્ને કહેતાં કે ઈન્દુકાકા તો આપણા ઘરના જ છે એટલે તેમને તો બધુંય કહેવાય! આથી મને આ બાળકોની મમતાની અને આત્મીયતાની પ્રતીતિ થતી. આખા સંસારમાં માણસને ગમે તેટલી કીર્તિ મળે પણ ઘર આંગણે કોઈ બટકબોલા છોકરાં કાલાઘેલા બોલ બોલીને મારી સાથે એકદિલ થતાં તેને મારી જિંદગીનો અનુપમ લહાવો ગણતો.

પુરુષ અને સ્ત્રી બન્ને મનુષ્ય છે તેથી તેમની વચ્ચે સ્વભાવનું સામ્ય તો છે જ. પહેલાંના વખતમાં છોકરીઓ જ્યારે મોટી થતી ત્યારે તેમની જુવાની નીચે તેમનો છોકરવાદી રમતિયાળ સ્વભાવ ઢંકાઈ જતો. હવે આવાં રૂઢીનાં ભારણ હડતાં જાય છે, તેથી મારા આગલાં ઘરમાં તેમ દેસાઈના ઘરમાં પણ ભાઈબહેન કંઈપણ રોકટોક વિના સ્વતંત્ર અને સમાનતાની હવામાં ઉછરતાં. તેઓ એકબીજાની

સાથે તેમ મારી સાથે રમતગમત ને ઠઠ્ઠા મશ્કરી કરતાં. કોઈવાર મારી બેફામ કેકડી કરતાં ત્યારે હું પણ મસ્તીમાં ભળીને બન્ને પર હાથ ઉગામતો ને ધમાલ મચાવતો. અહીંયાં મોટાભાઈ અને બહેનના વર્તુળમાં લડાઈ જમતી ત્યારે ક્વચિત હાસ્યરસને બદલે કરુણરસ જમતો. જમાનાથી સ્ત્રીપુરુષના બધા સંબંધમાં મનુમહારાજના વચન મુજબ સ્ત્રી શરીરે નબળી હોવાથી તે પરાધીન રહી છે. અલબત્ત જ્યાં સ્ત્રી, પત્ની, દીકરી કે માતા તરીકે કુટુંબના શાસનનો નરમ કે ગરમ વિરોધ કરે એટલે ઘરમાં કરુણતા સર્જાય અને શાંતિનો ભંગ થાય.

આ કુટુંબમાં માતા પિતા, પ્રદીપ અને ચિત્રાને ગમે તેટલાં સરખાં ગણે પણ દીકરો પાવરધો હોવાથી નાની બહેનની પાસેથી મનગમતી ખુરશી, ચોપડી કે કંઈ ચીજ લેવાની ઉઠક કરે ને પોતાના બાહુબળથી પુરી કરે. આવે વખતે પણ જીદ પુરી કરવાનો સ્વભાવ વારસામાં ભાઈમાં તેમ બહેનમાં પણ ઊતર્યો છે. તેથી બહેન ભાઈની સંમતાઈનો પ્રતિકાર કરે; એકવાર તે હારી જાય તો પણ ફરીથી પાછી જીદ કર્યા વિના રહે નહિ. આમ માનભંગ થયેલી બહેનને ક્વચિત કરુણતાની મૂર્તિ સની જોઈને હું ક્વચિત દુઃખી થતો.[1] પણ થોડીવારમાં આ ભાઈબહેન એકબીજાની સાથે હસીખુશીથી વિનોદ કરતાં અને એકબીજાને ભોલાવતાં બન્નેની જીભ સુકાતી. આમ ક્વચિત બન્નેની વચ્ચે વાદળ આવતું તે પાછું જોતજોતામાં ઊડી જતું.

---

૧. પછીથી મને ખ્યાલ આવતો કે દેશમાં ને દુનિયામાં સ્ત્રીઓની જે પરાધીનતા આજની સંસ્કૃતિનાં મોટાં દુષણ અને શરમરૂપ ગણાય છે તેનો આ બાળકલહ તો એક નાનો નમૂનો છે. બાકી જગતમાં સ્ત્રી જાતિની સંમાનતા સ્થાપવા માટે તો પુરુષ માનસમાં પરિવર્તન કરવાને ભારે સંગઠીત પ્રચારની જરૂર છે.

આવી કરુણતા ઘરમાં કે બહાર ગમે ત્યાં જોતાં જાણીતા સાહિત્યકાર રમણભાઈ નીલકંઠે તેમના નાટક 'રાઈનો પર્વત' નાટકમાં લખેલી ટૂંક યાદ આવતી.

સ્ત્રી જાતિની અવદશા પરિહારવાને
એવો હુતાશન મહા પ્રગટાવીશું કે
તેની પ્રચંડ ઊંડી જ્વાલની માંહી
થાશે અજ્ઞાન, સ્વાર્થ વળી દુર્મતિ સર્વ ભસ્મ.'

પછીના વરસ દરમ્યાન હું બહાર રહીને વખતોવખત આ કુટુંબનો અતિથિ બન્યો હું. તે દરમ્યાન ભાઈ અને બહેને શાનદાર રીતે પોતપોતાનો અભ્યાસ પૂરો કરી દેસાઈ કુટુંબનું નામ દીપાવ્યું છે. એન્જિનિયરીંગ કોલેજમાં ક્રમસર પ્રગતિ કરીને પ્રદીપ ઘણી હોંશિયારીથી છેલ્લી પરીક્ષામાં પાસ થયો છે. ઈન્ટરની પરીક્ષા આપ્યા પછી થોડા પ્રશ્નપત્રો ફૂટી જવાથી નવી પરીક્ષા લેવાનું શાસન થતાં તેના પર ઘેાર વાદળ ઘેારો વખત જામેલું પણ તે વિખરાઈ ગયેલું. તે દરમ્યાન ઘણો ગમગીન થઈને નાછૂટકે ફરીથી પરીક્ષા આપવા માટે તે એક ખૂણામાં બેસીને વાંચતો તે મને યાદ છે. પછી અભ્યાસ પૂરો કરીને નિર્વિઘ્ને તે તેની કોલેજમાં નિયમસર એક શિક્ષક તરીકે નિમાયો છે અને તે માટે રોજ ઘણી ચીવટથી બરાબર વાંચીને તૈયારી કરે છે. નિયમસર પોતાની ફરજ બજાવે છે. પણ ચિત્રાને ભારે મુસિબતનો સામનો કરવો પડયો છે. તેની કોલેજના સત્તાધીશના કટ્ટર પક્ષપાતને લીધે બી. એસસી. ની પરીક્ષામાં પહેલા વર્ગમાંથી તેને જાણીબુઝીને વંચિત રાખવામાં આવી. બે વરસે એમ. એસસી. ની પરીક્ષામાં તે બેઠી ત્યારે પણ સત્તાધીશોએ એ જ દાવ અજમાવ્યો પણ તે નિષ્ફળ થયો. તેથી તેની લાયકાત મુજબ તે પહેલા વર્ગમાં પાસ થઇ. પછી તેની કોલેજના શિક્ષણ વિભાગમાં તેની નિમણૂકમાંથી તેને કોમનવેલ્થની બાકાત

રાખવાને શરમભરેલા પ્રયાસ થયા તે છેવટે નિષ્ફળ થયા. આવી રીતે તેની કૉલેજની કારકિર્દી દરમ્યાન પુરુષ જાતિની હલકટ દ્વેષવૃત્તિનો સામનો કરી તેણે કૉલેજમાં સુયોગ્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આમ તેણે વરસો સુધી આપખુદીના શાસનની સામે જે પ્રતિકાર કર્યો, તેમાં તેના સિદ્ધાંતવાદી પિતાએ તેને પૂરું પીઠબળ આપ્યું છે. જો સુરેન્દ્ર દેસાઈની પુત્રી હોવાના કારણસર જ તેના પર કોઈનો દ્વેષ ઊતર્યો હોય તો તેનો મુકાબલો કરવામાં પણ પિતાએ પુત્રીને સંપૂર્ણ સહાય આપી છે, આમ કૉલેજમાં અને સમાજમાં વરસો સુધી અન્યાયી શાસનનો નિરંતર પ્રતિકાર કરીને હવે ચિત્રાએ સમાનતાનું સ્થાન મેળવ્યું છે, તેમાં તેને માતાપિતાએ સાત્વિક પ્રોત્સાહન આપ્યું છે.

આ જુવાન ભાઈબહેનના આહારવિહાર અને દૈનિક જીવન પર દેસાઈની અને તેમનાં વિખ્યાત દાદાજીની ઊંડી છાપ પડી છે, આજકાલના જુવાનીયાને કપડાં ને ફેશનનો, નાટક-સિનેમાં જોવાનો, વારતહેવારે દોસ્તોની પાર્ટીમાં આનંદ પ્રમોદ કરવાનો ઘણો શોખ હોય. પણ જેમ દાદા અંબાલાલે કડક સંયમી શિસ્તબદ્ધ આચારવિચાર પાળીને ઊંચા ચારિત્ર્યનો દાખલો સારા સમાજમાં બેસાડ્યો તેમ આ ભાઈબહેન શનિ-રવિવારે કે વારતહેવારે ઘણી વાર પોતાની શાંત નિયમિત પ્રવૃત્તિમાં જ રોકાયેલાં મેં જોયાં છે. તહેવારની સમી સાંજે પણ પ્રદીપને તેના શીખવવાના પુસ્તક કે તેના વિષયનું સાહિત્ય વાંચતો જોઉં છું ને ચિત્રાને તેનુ સિવણ, ભરતનું કે ઘરનું કામ કરતી જોઉં છું અને પછી તેમની જ વયના છોકરાછોકરીઓને ચોપાસ મોટર, સ્કૂટર પર કે હોટેલ બગીચામાં મહાલતાં જોઉં છું, ત્યારે હું સાનંદાશ્ચર્યમાં લીન થાઉં છું. પછી દાદા અંબાલાલે આ સદીના આરંભમાં શહેરથી દૂર નિર્જન સ્થાનમાં

પોતાનો બંગલો બાંધીને શેષ જીવન ગાળ્યું એ યાદ કરું છું, ત્યારે તેમની ગૌરવવંતી સાદા સંયમી જીવનની ભાવના તેમના વંશજોમાં મૂર્તિમંત થતી જોઈને સારા કુટુંબ માટે ગૌરવ અનુભવું છું.

વળી આ કુટુંબના ગૃહજીવનમાં પણ દાદાજીએ જાતમહેનત અને કરકસર કરવાની શિખામણ પળાતી મેં જોઈ છે. શાંતાબહેન પહેલાં મ્યુનિસિપાલિટીની હાઈસ્કૂલમાં નોકરી કરતાં ત્યારે પણ ઘરનો ભાર ઉઠાવતાં. આજે આધેડ વયે હજી ઘરકામનો બોજો ઉઠાવે છે. વળી દીકરી ચિત્રા આજે કૉલેજમાં નોકરી કરે છે તેની સાથે તેને રસોડાની અને કપડાં ધોવાના કામની તાલીમ આપી છે. વળી ક્વચિત નોકરની ગેરહાજરીમાં તે ઘરમાં ઝાડુ વાળે અને બૉથ પર બીનું પોતું પણ ફેરવે છે. આજે હું રસોડામાં જઉં છું ત્યારે શાંતાબહેનને અને ચિત્રાને જમાનાની ગૅસની સગડી આગળ ઊભે ઊભે રસોઈ કરતાં જોઉં છું. આ સંસ્કારી કુટુંબમાં વયોવૃદ્ધ માતા ને કમાતી દીકરીને આવી ઝાડી મજૂરી કરતાં જોઉં છું ત્યારે તેમના વડદાદાની જાતમહેનત કરી શરીરનો તંદુરસ્તી સાચવવાની સલાહ યાદ આવે છે.

આ કુટુંબની શીળી છાયા છોડ્યા પછી પહેલાં ભાઈલાલભાઈના ઘરમાં રાતવાસો કરતો તેમ છેલ્લા અઢીએક વરસથી દા. વાસુદેવ ત્રિપાઠીના ઘરમાં રાતવાસો કરું છું. પણ પછી કોઈ કુટુંબમાં પહેલાં જેમ ભળી ગયો નથી. છતાં આજ સુધી જ્યાં રહું છું ત્યાં સર્વ માતાઓ મને ઘણા ભાવથી વધાવે છે અને મારા પર ભરપૂર વાત્સલ્ય અને મમતા વરસાવે છે. મારા જુવાનીના કાળથી તે આજ સુધી જે બહેનોએ મારી નિઃસ્વાર્થ સેવા કરી છે તેમનો આભાર માનવાને મારે પાસે શબ્દો નથી અને વળતી સેવા કરવાની મારી શક્તિ નથી.

(1)

ઉતરતી કક્ષાના અધ્યાપકો રાખીને વિદ્યાર્થીઓને વિદ્યા વંચિત કરવામાં આવ્યા છે

વિદ્યાર્થીઓમાં વિદ્યાનાં અભાવ જોતાં મને વાંદરાના કતલખાને નાચતાં ઘેટાંના બચ્ચાઓનું કરૂણ દૃશ્ય યાદ આવે છે

ઉચ્ચ શિક્ષણમાંથી રાજદ્વારી, વેપારી અને ધંધાદારીઓની પકડ દૂર થવી જોઈએ

અમદાવાદ, શુ૦ વાર.

"ઉચ્ચ શિક્ષણમાંથી રાજદ્વારી પુરૂષો વેપારીઓ અને ધંધાદારીઓની પકડ દૂર કરવી જોઈએ. એવા લોકોની પકડથી શિક્ષણનાં ધોરણો અને દૃષ્ટિબિંદુઓ ઘસાઈ ગયાં છે. નવી નવી કોલેજો ખોલી ને તમે ઉતરતી કક્ષાના અધ્યાપકો રાખીને તેનાં પરિણામે વિદ્યાર્થીઓને વિદ્યાવિમુખ કર્યામાં ઓછા છો વિદ્યાર્થીઓમાં જ્યાં વિદ્યાના અભાવ જોઉં છું ત્યારે મને એક કરૂણ દૃશ્યનું સ્મરણ થઈ આવે છે અને તે મુંબઈ જતાં વાંદરા સ્ટેશન પાસેના કતલખાનાનું. જ્યાં ઘેટાંના માસૂમ બચ્ચા નાચતા કુદતા જીવનનો આનંદ મેળવતા રહેતા જોવા મળે છે, જ્યાં થોડી પળો પછી તેમનું માંસમાં રૂપાંતર થવાનું હોય છે.

એચ. એચ. કોલેજ ઓફ કોમર્સના તાજેતરમાં નિવૃત્ત થયેલ આચાર્ય શ્રી. એસ. વી. દેસાઈએ "પ્રભાત"ને આપેલી ખાસ મુલાકાતમાં એક પ્રશ્નના ઉત્તરમાં ઉપર મુજબ જણાવ્યું હતું.

શિક્ષણમાં જેમને બહુ લેવા દેવા ન હોય એવા માણસો અભ્યાસક્રમ અને શીક્ષણ પદ્ધતી નક્કી કરે, અને તેનું જે પરીણામ આવવું જોઈએ એવું જ આવ્યું છે

શ્રી દેસાઈ સાહેબે આ કોલેજમાં ૧૯૩૬થી ૪૩ સુધી પ્રાધ્યાપક હતા અને ત્યાર પછી છેક ૧૫મી માર્ચ ૧૯૬૯ સુધી અંગ્રે. એચ. કોલેજના આચાર્યપદે હતા. આચાર્ય-પદના આ ગાળામાં તેમના માર્ગદર્શન હેઠળ સેંકડો વિદ્યાર્થીઓએ આ કોલેજમાં અભ્યાસ કરી ઉત્તમ કારકીર્દી પ્રાપ્ત કરી છે અને ગુજરાત કોલેજના સંસ્મરણોની વાત કાઢતાં નીકળે ત્યારે કોઈ દેસાઈ સાહેબના વર્ગ કરવા કરતાં શિક્ષણના જે કુસુમથી જે ક્રમણ એવી વાગ્ધારાઓ પાસે કેવ-ભાવની વાત અચૂક કરતા હોય છે. વીસ વીસ વરસ પછી એમના હાથ નીચે ભણી ગયેલા વિદ્યાર્થીઓને રસ્તામાં મળતાં નામ સાથે ઓળખી કાઢીને ભેલાવ-ભાવો શ્રી દેસાઈ સાહેબની સ્મરણ-શક્તિ આજે પણ એટલી જ સજાગ અને તીવ્ર છે.

આચાર્ય શ્રી એસ. વી. દેસાઇ 'પ્રભાત'ના ખાસ મુલાકાત

એક જૂના વિદ્યાર્થીએ શ્રી દેસાઈ સાહેબના માટે કહ્યું છે કે "દેસાઈ સાહેબની ... "સો ટચનું સોનું બનીને બહાર આવે છે."

શ્રી દેસાઈ સાહેબે એ પણ જણાવ્યું કે "અંગ્રેજી ભાષા ને નાબૂદ કરીને ઉચ્ચ શિક્ષણ ને ઘણું જ નબળું બનાવી દેવામાં આવ્યું છે. શિક્ષણમાં જેમને બહુ લેવાદેવા ન હોય એવા બિન અનુભવી માણસો અભ્યાસક્રમ અને શિક્ષણની પદ્ધતિ નક્કી કરે અને તેનું જે પરિણામ આવવું જોઈએ એવું જ પરિણામ આવ્યું છે."

પ્રશ્ન : ત્રણ દાયકાના આપના વિદ્યાર્થીજીવન સાથેના સંપર્ક દરમ્યાન વિદ્યાર્થીઓની નવી નવી પેઢીઓ વિષે આપના કોઈ ... દૃષ્ટિબિંદુ ... ?

ઉત્તર : વિદ્યાર્થીઓની અભ્યાસ તરફની વૃત્તિ ઓછી થતી ગઈ છે. કોઈ પણ રીતે પરીક્ષામાં પાસ થઈ જવાની વૃત્તિ જોર પકડતી જાય છે. વળી રાજકીય પક્ષો વિદ્યાર્થીવર્ગ પોતાના બનાવવાની પ્રવૃત્તિ રૂપથી રહ્યાં છે. એટલે વિદ્યાર્થીઓના હાથ કાંઈ ઝાલ્યા રહેતા નથી.

પ્રશ્ન : આપના નિવૃત્તિ કાળમાં આપ લેખન કાર્ય કરવાનાં છો?

ઉત્તર : લેખન કાર્ય કરવા માટે વાંચનારા પણ જોઈએ અને ગુજરાતમાં વાંચકોના અભાવ છે. આમ છતાં મેં કોઈ ચોક્કસ નિર્ણય લીધો નથી.

પ્રશ્ન : આપના જીવનની કોઈ મનનીય ક્ષણો?

ઉત્તર : આ દેશના વર્તમાન રાજકારણમાં ગાંધીની ઈર્દિય નામ ધારણ કરીને વ્યક્તિને મનનીય ગણવાની મુશ્કેલ છે સિવાય કે એ બાબત હોય.

પ્રશ્ન : આપના ભૂતકાળના કોઈ સંસ્મરણો કહેશો કે જે પરથી ગુજરાતના એ સમયના જીવનનો ખ્યાલ આવી શકે.

ઉત્તર : મારા પિતામહ એક જાગીરના અમલદાર હતા. તેઓ વડોદરા રાજ્યના મુખ્ય નગર મૂતિપદેથી નિવૃત્ત થયા પછી અમદાવાદમાં જ રહેતા. (સને ૧૯૦૧ આસપાસ) આ સમયે ગુજરાતના પ્રતિષ્ઠિત ગૃહસ્થ શ્રી નરસિંહરાવ શ્રી ભગવન-લાલ ઠાકોર, શ્રી આનંદશંકર ધ્રુવ, શ્રી કાશીપ્રસાદ પૂર્ણ વગેરે મુખ્યત્વે ... ...

રવિવાર તા. ૨૧ મી જુન ૧૯૬૯

ભાષાવાદને લીધે દેશ છીન્ન ભીન્ન થઈ રહ્યો છે: આર્થીક સ્થીતીને લીધે પણ અંધાધુંધીના ઓળા પથરાતા જાય છે

—આચાર્ય શ્રી. એસ. વી. દેસાઇ

[છેલ્લા પાનાથી ચાલુ]

પ્રશ્ન: આપના જીવનમાં કોઈ કટોકટીની પળો આવેલી? કે જેમાંથી આપ નવ. તાકાત મેળવી બહાર આવ્યાં હોય?

ઉત્તર: શિક્ષકના જીવનમાં કટોકટીની પળો આવવાનો સંભવ ઘણો ઓછો છે. વળી કટોકટીમાંથી નવી તાકાત મેળવી શકાય એ માત્ર ભ્રામક વાત છે.

પ્રશ્ન: આપના જીવનના ઘડતરમાં અને પ્રેરણામાં માર્ગદર્શન આપનાર વ્યક્તિ કે કોણ હતા?

ઉત્તર: મારા જીવનના ઘડતરમાં મારા ખ્યાલ પ્રમાણે બે વ્યક્તિઓ છે. એક મારા દાદાજી રાવ બહાદુર અને બીજા ગાંધીજી. આમ છતાં પંડિત જવાહરલાલ નહેરુએ મને ઘણું શીખવ્યું છે પણ તે નકારાત્મક રીતે. કોના જેવા નથી થવું? કોણ કરે છે એમ ન કરવું જોઈએ? વગેરે નકારાત્મક વિચારણા કરતી વખતે હું પંડિત નહેરુને દ્રષ્ટિ સમક્ષ રાખતો.

પ્રશ્ન: પંડિત નહેરુના જીવનમાં તમને એવું શું દેખાયું કે જેથી આપ માત્ર નકારાત્મક રીતે શીખતા?

ઉત્તર: ઘણું બધું દેખાયું. દાખલા તરીકે જેના જીવનને હું પ્રેરણા યોગ્ય માનું છું એવા સિધ્ધાર્થ, મહાવીર વગેરેએ ગાદીને ત્યાગપાત્ર ધણી હતી. જ્યારે નહેરુ પદ રાજાએ બારણા ઠોકયાં ત્યાં સુધી ગાદી પર બેસી રહ્યા.

પ્રશ્ન: સામાન્ય રીતે માનવી વૃધ્ધ થાય એમ તે વધુ પ્રણાલિકાગત રૂઢીચુસ્ત બનતો જાય છે. આપના જીવનમાં તેમ ન બનવાનું કારણ?

ઉત્તર: ઉમ્મરની સાથે માણસની બુધ્ધિ ઠોચી થતી જાય છે. એવો માનવાના છેડવાં મારા દાવા એવા છે કે મારી બુધ્ધિ સાબૂત છે. અને માણસ બુધ્ધિશાળી હોય તો તે રૂઢીચુસ્ત રહી શકે જ નહિ એવી મારી માન્યતા છે.

પ્રશ્ન: આપનો શોખ કયો?

ઉત્તર: વાંચનનો અને એ પણ ઘણા વિષયોનો વિવિધ લેખકો દ્વારા લખાયેલ સાહિત્ય, અર્થશાસ્ત્ર વગેરે હું વાચું છું.

પ્રશ્ન: દેશની વર્તમાન સ્થિતિ ઉપરથી દેશનું ભાવી આપની દ્રષ્ટિએ કેવું લાગે છે?

ઉત્તર: આજની વર્તમાન સ્થિતિ જોતાં દેશનું ભાવિ નિરાશાજનક લાગે છે. ભાષાવાદનેલીધે દેશ છિન્નભિન્ન થઈ રહ્યો છે. બીજી તરફથી આર્થિક સ્થિતિને લીધે પણ અંધાધુંધીના ઓળા પથરાતા જાય છે. વળી ઢોંગ અને "હમબગ"નું વાતાવરણ ગાંધી જન્મ શતાબ્દિ ના નામે ચાલી રહ્યું છે એ પણ દેશના ભાવિ માટે ભયજનક છે. બીજું આ દેશમાં બુધ્ધિશાળીઓ ઓછા છે. પણ પોતાને બુધ્ધિશાળી માનનાર ઘણા છે કમ ભાગ્યે વાચીવટમાં એવા

દ્રષ્ટિ -પૂર્તિ ૧૦/૧૦/૧૯૬૯

શિક્ષણના અધિષ્ઠાતા કોણ હોઇ શકે?

આજે દરેક વ્યવસાયના માણસોની સંસ્થા હોય છે. એ સંસ્થાઓમાં સંબંધ કર્તા વ્યવસાયના માણસો દાખલ થઇ સક્રિય રીતે કામ કરી શકે. મેડિકલ એસોસિએશનમાં ગાંધીજી જેવાને પણ સ્થાન ન હોય. એમાં તો જે વ્યવસાયે ડાકતર હોય એજ રહી શકે. મરકતી માર્કેટના મંડળમાં કાપડના વેપારી સિવાય કોઇને સ્થાન ન હોય. આ વસ્તુ એટલી બધી સ્પષ્ટ છે કે આટલી બધી ચર્ચા કરવી પડે એ પણ દુઃખની વાત છે.

શૈક્ષણિક સંસ્થાઓમાં એટલે કે નિશાળમાં, કોલેજમાં, યુનિ.માં શિક્ષણના કાર્યમાં સક્રિય પરોવાયેલા ન હોય તેવાને-પછી સમાજમાં ગમે તેવું સ્થાન ભોગવતા હોય-ત્યાં સ્થાન ન હોઇ શકે. આનો અર્થ એ થયો કે શૈક્ષણિક સંસ્થાઓ સ્વાયત્ત હોય એટલે કે એની બધી જ વ્યવસ્થામાં, શિક્ષણમાં શીખવવાનું જે કામ કરતા હોય તે સિવાય બીજાને, સલાહકાર તરીકે પણ સ્થાન ન હોય.

કોઇ કહેશે કે આ બધી સંસ્થાઓ દ્રવ્ય વગર ન ચાલે અને તેથી આપણા સમાજમાં જે સંસ્થાઓ ચલાવવા દ્રવ્ય આપે છે તેમનું જ વર્ચસ્વ હોય છે. આપણું શિક્ષણ જે કથળ્યું છે, નીચી કક્ષાએ ગયું છે તેનું કારણ મને તો સ્પષ્ટપણે જેમને આવક વેરામાંથી મુક્તિ મેળવી છે અને કોઇ સગાવહાલાનું નામ રોશન કરવું છે તેઓ શૈક્ષણિક સંસ્થાઓ પર સર્વ સત્તા ભોગવે છે તેમાં જણાય છે.

જો આ સ્થિતિ તટસ્થ અને વૈજ્ઞાનિક રીતે જોઇએ તો અસહ્ય થઇ પડે છે. આ વ્યવસ્થાનું એક પરિણામ એ આવ્યું છે કે સાધારણ રીતે શિક્ષણ સંસ્થાઓમાં જે પૈસાવાળાઓની ખુશામત અને પગચંપી કરવા તૈયાર હોય એમને જ સ્થાન મળે.

આની અસર આપણી ભવિષ્યની પેઢી પર કેટલી ભયંકર થઇ રહી છે એ તો જેને જોવું હોય તેને દેખાય છે. આ બધા ઉપરથી હું દૃઢ પણે માનું છું કે યુનિ. નો કુલપતિ શિક્ષણમાં પરોવાયેલો, શુદ્ધ ચારિત્ર્યનો, સમાજમાં પ્રતિષ્ઠાવાળો, અને દીર્ઘ દૃષ્ટિવાન હોય.

આપણા સારા નસીબે અલ્પ સંખ્યામાં પણ આવા પુરૂષો ગુજરાતમાં છે. કુલપતિઓ તરીકે એમને જ સ્થાન મળવું જોઇએ.

— શ્રી એસ. વી. દેસાઇ

4 Feb 1994

પ્રિ. એસ.વી. દેસાઈ માર્ગનું નામાભિધાન

અમદાવાદ, બુધવાર

એચ.એલ. કોલેજ ગોલ્ડન જ્યુબિલિ ટ્રસ્ટની રજૂઆતોને માન્ય રાખીને એચ.એલ. કોમર્સ કોલેજ છ રસ્તાથી શરૂ કરીને પટેલ સોસાયટી સુધીના માર્ગને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રિ. એસ.વી. દેસાઈ માર્ગ નામ આપવામાં આવ્યું છે.

જિંદગીનો વીમો

સુરેન્દ્ર વૈકુંઠલાલ દેસાઇ એમ. એસ. (કોલમ્બીઆ)

પ્રિન્સીપાલ, હ. લ. કોમર્સ કૉલેજ, અમદાવાદ

મનુષ્ય જીવનમાં અમુક જાતના અકસ્માતો ને જોખમો રહેલાં છે. બધાં જોખમોમાં સહુથી દુઃખકારક આવકના અભાવને લીધે વેઠવી પડતી ગરીબાઈને પરિણામે ભૂખમરો કે દેવામાં ડૂબવું એ છે. જે લોકોની આવક ટૂંકી હોય, રોજના નિર્વાહ પૂરતી હોય, તેઓ પોતાના કુટુંબનું ભરણપોષણ કરીને સંતોષ માને ને ભવિષ્યની ચિંતા ઈશ્વર પર છોડે. સુધરેલા સમાજમાં આવી બહુ જ અલ્પ આવકવાળી વ્યક્તિઓ ગુજરી જાય કે અપંગ થાય ત્યારે તેમના કુટુંબના ભરણપોષણ માટે સમાજ વ્યવસ્થા કરે છે. પરંતુ મધ્યમ વર્ગની વ્યક્તિઓ, જે કમાતી હોય તે જરૂર પોતાની બધી કમાણી ન ખર્ચતાં ભવિષ્ય માટે બચત કરે છે. છોકરાંને ભણાવવા માટે, પરણાવવા માટે, ભવિષ્યમાં પૈસા જોઇશે એમ ધારી એઓ પૈસા બચાવે છે. વળી ભવિષ્યમાં જ્યારે વૃદ્ધાવસ્થાનો ઘેરો પડછાયો આપણા ઉપર પડે, આપણી કમાવાની શક્તિ ક્ષીણ કે નષ્ટ થઇ હોય ત્યારે ભીખનો હાથ કોઇ આગળ ન ધરવો પડે એ વિચારે પણ મધ્યમ વર્ગના લોકો પોતાની નાનીશી કમાણીમાંથી બચત કરે છે.

જિંદગીની અનિશ્ચિતતા એ એક મોટું તત્ત્વ છે. એક માણસ મહિને રૂ. ૫૦૦) કમાતો હોય ને એને ખાત્રી જ હોય કે બીજાં દસ વર્ષ એ અચૂક જીવવાનો છે, તો દસ વર્ષની આખરે અમુક મૂડી ભેગી કરવા માટે દર મહિને અમુક રકમ બેંકમાં મૂકે તો વ્યાજ સાથે દસ વર્ષને અંતે ધારેલી રકમ ભેગી થાય પરંતુ એ વ્યક્તિ દસ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં ગુજરી જાય તો ? આ ધારેલી મુરાદ બર ન આવે કારણકે જીવન અનિશ્ચિત છે. એને નિશ્ચિત ન કહી શકાય પણ અનિશ્ચિતતાનાં દુઃખદ પરિણામોથી બચી શકાય

જિંદગીના વીમાની યોજના વ્યક્તિને બચત કરવામાં મદદ કરે છે, એટલું જ નહિ પણ અમુક ઉંમરે અમુક રકમ ભેગી કરવી છે એ નિશ્ચય ને જીવનની ક્ષણભંગુરતાના ભય માંથી બચાવી લે છે.

જિંદગીના વીમામાં વીમો ઉતરાવનાર વ્યક્તિ ને વીમા કંપની વચ્ચે કરાર થાય છે. કરારમાં વીમો ઉતરાવનાર દર વર્ષે અમુક રકમ ભરવા બંધાય છે ને બદલામાં કંપની મંડળી અમુક મુદત પછી, અગર જો વીમો ઉતરાવનારનું મૃત્યુ એ મુદત પૂરી થતાં પહેલાં થાય તો, એના કુટુંબને, જે રકમનો વીમો ઉતરાવ્યો હોય તે પૂરી રકમ [illegible]. આથી કુટુંબના મુખ્ય રળનાર વ્યક્તિના મરણથી જે આર્થિક ભીંસ [illegible] વેઠવી પડે તેમાં ઘણી રાહત મળે છે. વીમો ઉતરાવનાર વ્યક્તિ આ રીતે ફરજિયાત બચત કરે છે ને જો એકાએક પોતાનું મૃત્યુ થાય તો કુટુંબને માટે કાંઇક આર્થિક રક્ષણની ગોઠવણ કરે છે.

આ ઉપરથી જોઇ શકાશે કે જે મધ્યમ વર્ગનાં કુટુંબો કાંઇ બચાવી શકે તેણે જિંદગીના વીમાની પોલિસી કઢાવવી એ હિતાવહ છે. ૧૯૫૧ ની સાલમાં આવી રીતે આ

દેશમાં ૭ કરોડ ૩૪ લાખની રકમ હિંદી વીમા કંપનીઓએ ભેગી કરી હતી; ને સરકારી જામીનગીરીઓમાં રોકી હતી. આજે આપણી સરકારે કરેલા કડક કાયદાને લીધે જિંદગીના વીમાની બધી જ કંપનીઓનો વહીવટ લગભગ સહેર થઈ ગયો છે એમ કહી શકાય.

એ ખરું કે આ વીમો ઉતરાવવાની પદ્ધતિ આપણા દેશની નથી ને પશ્ચિમમાંથી આપણને મળી છે, ખાસ કરીને અંગ્રેજ પ્રજાના આપણા સહવાસને લીધે. અંગ્રેજોએ આ દેશમાં જે જે નવા રિવાજો કે વિચારો દાખલ કર્યા તેનો વિરોધ કરવો એ દેશભક્તિની પરિસીમા છે એમ કેટલાક લોકો સમજે છે. કમનસીબે આવા દેશભક્તોની સંખ્યા દેશમાં ઓછી નથી.

પરંતુ જે સમજુ છે, વિચાર કરવાની શક્તિ ધરાવે છે, જે સારું તે સારું પછી તે ગમે ત્યાંથી આવ્યું હોય એમ જાણે છે, તે લોકો તો વીમાની પદ્ધતિ આપણી સંસ્કૃતિએ આપણને ભલે ન આપી હોય તો પણ એ સંસ્થા સારી છે ને આપણે રાખવી જ જોઈએ એમ માને છે. જે દેશમાં ભદ્રંભદ્રોની સંખ્યા વધી જાય તે વિનાશ નહિ તો અધઃપતન તો જરૂર નોતરે છે.

કોઈક એમ પણ કહે કે ભવિષ્યને માટે જોગવાઈ કરવી એ પરમકૃપાળુ પરમાત્મામાં આપણી શ્રદ્ધામાં કાંઈક ઊણપ નથી દેખાડતી ? નરસિંહ મહેતાએ પોતાની પુત્રીનું મામેરું દામોદર ઉપર પૂર્ણ વિશ્વાસ રાખી કર્યું તો આપણે પણ આપણા કુટુંબ માટે, આપણી હયાતી એકાએક લોપ થાય તો જોગવાઈ કરવા માટે નરસિંહ મહેતાનો માર્ગ કેમ ન લેવો ? એ લઈએ તો જિંદગીનો વીમો ઉતરાવવાની જરૂર ન પડે એ ખરું છે. પણ આપણે બધા નરસિંહ મહેતાની શ્રદ્ધા ધરાવતા નથી, ને આ જમાનામાં નરસિંહ મહેતા જેવું સદ્‌ભાગ્ય આપણને સાંપડે પણ નહિ. આપણે તો આ જમાનાને અનુરૂપ વર્તવું જોઈએ. સુધરેલા દેશોને અનુસરીને પણ, ભવિષ્ય માટે આયોજન કરવું જોઈએ.

ને જિંદગીનો વીમો આવું એક ઉત્તમ સાધન છે.

વળી પુગાવો હોય ત્યારે બચત કરવી મુશ્કેલ થઈ પડે છે. છતાં પણ પુગાવાના જમાનામાં બચત કરવી એ વ્યક્તિ ને સમષ્ટિ બન્નેના હિતમાં છે. જિંદગીનો વીમો બચત કરવાનું એક ઉત્તમ, શાસ્ત્રીય ને સહેર સાધન છે.

●

મૂલ્યોના રખેવાળ : સ્વ. આચાર્ય સુરેન્દ્ર વૈ. દેસાઈ

રામુ પંડિત

કાળા ચશ્માંથી મઢેલો એમનો ધીરગંભીર ચહેરો હમેશાં કડક દાખ બેસાડતો. વિદ્યાર્થીઓને ઊભી પૂંછડીએ કેન્ટીનમાંથી વર્ગ ભણી દોડાવતો, હૈયે વાત્રે એવા કટાક્ષભર્યાં વેણથી અકળાવતો ને છતાં એ જ ચહેરો તીવ્ર બુદ્ધિ અને ઊંડી સરસ્વતીભક્તિની ચાડી ખાતો.

શિક્ષક તરીકે એમની આગવી પ્રતિષ્ઠા હતી; એકની એક નોટનાં પાનાં છૂટાં પડી જાય ત્યાં સુધી "એમાંથી જ વ્યાખ્યાનો આપતા અધ્યાપકવર્ગમાં એ અપવાદરૂપ હતા. દર વરસે વ્યાખ્યાનો માટે નવી નોંધ લખતા; આથી એમની શીખવવાની રીતમાં તાજગી હતી, માત્ર દૃષ્ટાંતો આપવામાં પુનરુક્તિઓ વારંવાર જોવા મળતી.

શિસ્તબદ્ધ પ્રાધ્યાપક હોવા ઉપરાંત એ કાર્યદક્ષ આચાર્ય હતા. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સને ગુજરાતની સૌથી પ્રતિષ્ઠિત કૉલેજ બનાવવામાં એમનો ખૂબ સક્રિય ફાળો આપ્યો હતો. અર્થકારણ અને વાણિજ્યને લગતાં સર્વોત્તમ પુસ્તકો વસાવીને એચ. એલ. કૉલેજના ગ્રંથાલયને એમણે ખૂબ સમૃદ્ધ બનાવેલું.

પ્રિન્સીપાલ એસ. વી. દેસાઈ જયે વર્ષે ૧૦મી નવેમ્બરે અમદાવાદમાં ૭૪ વર્ષની પાકટ વયે મૃત્યુ પામ્યા ત્યારે સ્વયં એક સંસ્થા સમા હતા. જીવનનાં છેલ્લાં થોડાં વર્ષ એમને માટે ખૂબ અકારાં નીવડ્યાં હતાં. તબિયત કથળતી ગઈ ને વાંચવાનો ઉમળકો ખૂબ થાય પણ ઉંમરને કારણે વંચાય નહીં. જેણે જીવનભર આકરો પુરુષાર્થ કર્યો હતો એવી વ્યક્તિને આવી લાચાર અવસ્થામાં જીવતી જોવી એ પણ દુઃખદ અનુભવ હતો.

૧૯૩૬માં ગુજરાતની સર્વપ્રથમ કૉમર્સ કૉલેજ અમદાવાદમાં સ્થપાઈ ત્યારે અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અને હૉસ્ટેલના છાત્રપતિ તરીકે એ જોડાયા ને ૧૯૪૩માં એનું આચાર્યપદ સંભાળ્યું. સંસ્થાની પ્રતિષ્ઠા ને વિદ્યાર્થીઓની ગુણવત્તા વધારવામાં એ એટલા મગ્ન બની ગયા કે થોડાં વર્ષમાં તો એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ "અસ. વા."ની કૉલેજ તરીકે ઓળખાવા લાગી – આચાર્ય દેસાઈ અને કૉમર્સ કૉલેજ જાણે કે એકબીજાનાં પર્યાય બની ગયાં. ગુજરાત અને સિન્ધભરમાંથી અનેક વિદ્યાર્થીઓને એચ. એલ.માં ભણવા આવવાનું મન થાય. ઉચ્ચ શૈક્ષણિક ધોરણો સ્થાપે અને સંવર્ધે એવા નિષ્ઠ પ્રાધ્યાપકોને દેશભરમાંથી આમંત્રી – જાળવી રાખીને કૉલેજની પ્રતિભા ઉપસાવવાનું કામ દેસાઈસાહેબે ખંતપૂર્વક કર્યું. પ્રાધ્યાપક દેખ્યો અંતીલો છે, વિદ્યાર્થીઓમાં એ કેવો રસ લે છે. એ તુરત જાણી લે ને નબળો લાગે તો તુરત એને ટોકોર પણ કરી લે – કોઈવાર તો અધ્યાપકને ખોટું લાગે તેવી ભાષામાં. કૂવામાં હોય તો જ હવાડામાં આવે એ કહેવતનું ભાન એ અધ્યાપકોને હમેશાં કરાવતા ને પોતાના કૂવા ભરેલા રાખવાની તત્પરતા દાખવે એવા અધ્યાપકો ઉપર દેસાઈસાહેબ વારી જતા, ભલે એ અધ્યાપક માત્ર "બૅટ-રીડર" હોય.

૧૯૪૩થી ૧૯૬૯ સુધી—એટલે કે લગભગ ૨૭ વર્ષ સુધી—દેસાઈસાહેબે કૉલેજની પ્રતિભા કંડારી ને એની પ્રતિમા ઉપસાવી. એમણે વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો બંનેને પ્રજ્યા, એમનામાં જીવનની કઠોર વાસ્તવિકતાને ઝીલવાની તાકાત રેડી. એમના હાથ નીચે ભણી ગયેલા વિદ્યાર્થીઓમાંથી ઘણા બધા ભારતભરમાં ને વિદેશોમાં શિક્ષણ સંશોધન, વાણિજ્ય ને ઉદ્યોગક્ષેત્રે પદાર્પણ કરીને નોંધપાત્ર કામગીરી બજાવી રહ્યા છે. અલબત્ત, દેસાઈસાહેબ નિરાશાવાદી હતા, જગત પ્રત્યેનું એમનું વલણ કાંઈક ઉપહાસભર્યું હતું. ગાંધીજી, સરદારને બાદ કરતાં એક પણ રાજકીય નેતા પ્રત્યે એમને માન ને શ્રદ્ધાની લાગણી ન હતી. નેહરુ એમને વિચારોમાં પતંગદોરની ગૂંચાઈ ગયેલા લક્કા જેવા લાગતા. નેહરુનો ઢીલો આદર્શવાદ દેશને ચક્કરમાં ફસાવશે, આગળ નહીં લઈ જાય એવું એ માનતા ને કહેતા. એ વાંચતા ખૂબ પણ કલમ હાથમાં પકડીને લખવાના જબરા કાંપર – એમના મનમાં કોઈ અજાણની એવી ગ્રંથિ બંધાઈ ગયેલી કે આ દેશમાં લોકો 'ઓકું' વાંચીને લખે છે; આથી ભારતીય લેખકો—ને એમાંય ખાસ કરીને અર્થશાસ્ત્રીઓ-ની એ બહુ ઠેકડી ઉડાવતા. એ જે વિષય શીખવતા હોય એમાં ભારતીય લેખકનું પુસ્તક ભાગ્યે જ સૂચવે. કોઈવાર ન છૂટકે સૂચવવું પડે તો પણ એ પુસ્તક કે એના લેખક વિષે એકાદબે ટોણા તો મારી જ લે.

દેસાઈસાહેબની અત્યંત અભિનંદનીય વિશિષ્ટતા એ કે એ સાચા અર્થમાં બુદ્ધિજીવી હતા. અર્થશાસ્ત્ર વિષે તો ભાષે વાંચે જ; પણ રાજકારણ, કવિતા, નવલકથા, જીવનચરિત્ર વગેરેમાં પણ એટલો જ રસ લે. સંસ્કૃત ભાષા પ્રત્યે એમને અનહદ પ્રેમ હતો; અનેક શ્લોકો એ કડકડાટ બોલી જતા, ગુજરાતી સાહિત્યનું એમનું વાચન ગુજરાતીના અધ્યાપકો કરતાં ઓછું નહીં હોય અંગ્રેજી સાહિત્યનો એક પણ મહાન નાટ્યકાર, કવિ કે નવલકથાકાર એવો ન હતો જેની કોઈ ને કોઈ કૃતિ દેસાઈસાહેબે ન વાંચી કે વસાવી હોય. એમનું દિવાનખાનું અને અભ્યાસખંડ એક જ હતાં.

નાના ગામમાંથી મેટ્રિક થઈને હું પ્રથમવાર કૉમર્સ કૉલેજમાં દાખલ થયો ત્યારે એક દિવસ રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળની એક મીટિંગની નોટિસનું પરબીડિયું આપવા દેસાઈસાહેબને ઘેર જવાનું થયું. ડરતાં ડરતાં મેં બારણાની ઘંટડી દબાવી ને થોડી ક્ષણમાં એમણે બારણું ખોલી અંદર બોલાવ્યો. ચોરડાની ચારેબાજુ પુસ્તકોના કબાટ જોઈ હું તો આભો જ બની ગયો. બાધાની જેમ મેં પૂછી નાખ્યું: "સાહેબ, આ બધાં પુસ્તકો આપનાં પોતાનાં છે?"

"તો શું હું કૉલેજમાંથી ચોરી લાવ્યો હોઉં એવું તમને લાગે છે?" દેસાઈસાહેબે મારી બોબડી બંધ કરી દીધી. પણ એ સવાલ પૂછવાનું પરિણામ મારે ભોગવવું પડ્યું. દેસાઈસાહેબ હું સમજી શકું એવાં પુસ્તકો પસંદ કરીને વાંચવા આપવા માંડ્યા ને હું એ વાંચું છું કે નહીં એની પરીક્ષા લેવા માંડ્યા. જો કોઈ બહાના નીચે એમને મળવાનું ટાળ્યું, તો એમનો પટાવાળો ચિવાહત હૉસ્ટેલમાં આવીને બારણું ખખડાવે. "સા'ણ બુલાતે હૈં." મરી

ગયા, ગમાનાં નહીં ચાલે, જવાબ આપવો જ પડશે. પુસ્તકો પ્રત્યે, નિષ્ઠા પ્રત્યે અનુરાગ કેળવવામાં મારા જેવા અનેક વિદ્યાર્થીઓને દેસાઈસાહેબે સહાય કરી હશે.

ગુજરાતમાં વાણિજ્ય શિક્ષણક્ષેત્રે પાયાનું કામ કરનાર તરીકે દેસાઈસાહેબ હમેશાં યાદ રહેશે. એક અગ્રગણ્ય કૉલેજના પ્રિન્સીપાલ તરીકેનું જ નહીં, ઉચ્ચ બૌદ્ધિક પ્રણાલિકા પાડનાર તરીકેનું શ્રેય પણ એમને ફાળે જાય છે. અમદાવાદની ગુજ. કૉલેજ ઑફ કૉમર્સના આચાર્યનો બંગલો એ દિવસોમાં દેશીવિદેશી બૌદ્ધિકો, કવિઓ, સાહિત્યકારો ને રાજપુરુષોના મિલનસ્થાન સમો હતો. સર્વશ્રી ર. મજમુદાર, પ્રો. દાંતવાળા, જયંતી દલાલ, નીરુભાઈ દેસાઈ, છોટુભાઈ યાજ્ઞિક, એસ. આર. ભટ્ટ, ઝવેરચંદ મેઘાણી, ઉત્સવ પરીખ વગેરેએ વિશ્વની અનેક સમસ્યાઓ ત્યાં ચર્ચતાં ચર્ચાતાં, ઉકેલી કે ગૂંચવી હશે.

દેસાઈસાહેબને કડવી વાત ખાંડની ચાસણીમાં ડબોળીને કહેતાં આવડે નહીં – એ એમના સ્વભાવની જ વિરુદ્ધ. આથી એમના વિષે ઘણી ગેરસમજૂતી થઈ હશે. ને અનેક ઊંચાં પદ એમના. આંગણ્યા સુધી આવીને પાછાં વળી ગયાં હશે. ગુજરાતના બહુ ઓછા શિક્ષણ-શાસ્ત્રીઓએ જાહેર પ્રશ્નોની મુક્ત ને નિખાલસ ચર્ચા કરવામાં દેસાઈ-સાહેબ જેવો ફાળો આપ્યો હશે. જ્ઞાનના પ્રસાર અને મુક્ત ચર્ચામાં માનતા હોય અને એ માટેની કિંમત ચૂકવતા હોય એવા નિઃસ્વાર્થી પ્રાધ્યાપકોની પેઢીના એ કદાચ છેલ્લા પ્રતિનિધિ હતા. સ્પષ્ટ વક્તા બનવાને 'દુઃખી થવું' માં એ માનતા હતા, એનો એમને જરાય રંજ ન હતો.

સાહિત્યમાં ને વાતચીતમાં એમને સીધી વધુ મજા પડતી વ્યંજોક્તિમાં. એમનો કટાક્ષ ઘણા સ્નેહીઓ અને સહકાર્યકરોને કાઠે પડી ગયો હતો; કદાચ પુનઃ પુનઃ રટણને કારણ એની ધાર ખુદ્દી બની ગઈ હતી; ઘણા એ કટાક્ષ કરનારના હૃદય સુધી પહોંચવાનો પ્રયત્ન જ છોડી દેતા. આથી દેસાઈસાહેબના મુલાયમ ને સંવેદન-શીલ હૃદયને બહુ ઓછા વિદ્યાર્થીઓ ઓળખી શક્યા હશે. કટાક્ષ-શક્તિનો એમણે રચનાત્મક ઉપયોગ કર્યો હોત તો ગ્રાહ્યશ્રેયી અર્થ-શાસ્ત્રમાં જે વિચારચેતના આણી શક્યો એ કદાચ દેસાઈસાહેબ કરતાં પાયા ઉપર પણ ભારતમાં આણી શકત; પરંતુ ભાવિ પેઢી માણી શકે, જાણી શકે એવું કાંઈ દેસાઈસાહેબ પાછળ મૂકી ગયા નહીં એનો વસવસો એમના અનેક મિત્રો-પ્રશંસકોને રહેશે.

આમ છતાં એમની અનેકવિધતા, પ્રામાણિકતા, સેવાપરાયણતા અને અપ્રતિગ્રહ બુદ્ધિવાદને કારણે આપણા દેશના ખૂબ ઓછા ચારિત્ર્યવાન માનવીઓમાં એમની ગણના થશે. ગુજરાતના એક સન્માનિત કુટુંબ (વિખ્યાત ન્યાયાધીશ અને જાહેરસેવક દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઈના એ પૌત્ર હતા)માં જન્મ્યા, ન્યુ-યૉર્કની પ્રતિષ્ઠિત કોલંબિયા યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં અનુ-સ્નાતક ઉપાધિ મેળવીને ૧૯૨૩માં ભારત પાછા ફર્યા. એ અમેરિકા ગયા ત્યારે કુટુંબની આર્થિક સ્થિતિ ખૂબ ઉજળી હતી, પાછા વળ્યા ત્યાં સુધીમાં તો સાવ પલટાઈ ગઈ હતી. સ્વાર્થી સગાં ને મિત્રોનું વલણ પણ બદલાઈ ગયું હતું. આ અનુભવની અસર દેસાઈસાહેબના વ્યક્તિત્વ ઉપર ખૂબ ઘેરી પડી. એમના 'સીની-સીઝમ' માટે કદાચ આ બે અંતિમ પ્રકારના અનુભવો જવાબદાર હોય.

દેસાઈસાહેબની રહેણીકરણી સાવ સાદી હતી. પુસ્તકો, સિગરેટ ને દિવસની અનેક કપ ચા – આ એમની મુખ્ય જણસાઈઓ. જે દિવસે દાક્તરે તબિયતના કારણસર એમને સિગરેટ પીતા બંધ કર્યા, એ જ દિવસે સાચા દેસાઈસાહેબે વિદાય લીધી, રહ્યા તે ઉલ્લાસ વિનાના પરાણે જીવન જીવંતા દેસાઈસાહેબ.

કડક લાગતા ને વક્રોક્તિમાં રચ્યતા દેસાઈસાહેબ પ્રેમાળ પિતા હતા. એ કૉલેજના ૧૮૦૦ વિદ્યાર્થીઓને બરાબર અંકુશમાં રાખતા, ઘરમાં એમનાં દીકરા-દીકરી પ્રદીપ-ચિત્રા ધીંગામસ્તી કરે તો એ લાચાર બનીને ફરિયાદ કરતા, એમને શાંત રહેવાની વિનવણી કરતા. પ્રદીપ-ચિત્રાને શિસ્તમાં રાખવાની ને લેસન કરાવવાની કડકી જવાબદારી શ્રી. શાંતાબેને સંભાળવી પડતી; આમ છતાં દેસાઈસાહેબને બંને બાળકો પ્રત્યે બરાબર વાત્સલ્યભાવ હતો; બાળકો પણ એમની સાથે મુક્તારીતે વાત કરી શકતાં.

મૃત્યુના એકાદ મહિના પહેલાં અમદાવાદની ઉતાવળી મુલાકાત દરમિયાન દેસાઈસાહેબને મળવા ગયો ત્યારે એ ખૂબ ક્ષિણા ને દુર્બળ ભાસેલા. એમણે કહેલા શબ્દો મને બરાબર યાદ છે: "ટિકિટ કઢાવી લીધી છે, સામાન બંધાઈ ચૂક્યો છે; પ્લેટફૉર્મ પર રાહ જોઈજોઈને હું થાકી ગયો છું; હવે તો ટ્રેન ઝટ આવીને મને લઈ જાય તો સારું."

છેવટે ટ્રેન આવી, એમને લઈને ચાલી પણ ગઈ; પણ સામાનમાં એક દાગીનો ઉપાડવાનું ભૂલી ગઈ – એ દાગીનામાં છે એમના ચારિત્ર્યની સુવાસ, એમણે ભાળવેલાં મૂલ્યો, કરજપાલનની સભાનતા અને એમને વહાલી માન્યતાઓ.

દેસાઈસાહેબના મિત્રો ને વિદ્યાર્થીઓને પાછળ રહી ગયેલો એ એક અમૂલ્ય દાગીનો વરસો સુધી પ્રેરણા પાયા કરશે. પ્રેરણા પામ્યા જેવું જીવન જીવનારાં માનવોની સંખ્યા પણ આ ધરતી પરથી કેવડી નાની!

*

ઇતિહાસનાં વૃત્ત અને વિવેચન

રસેશ જમીનદાર

વિક્રમના ૨૦૩૩મા વર્ષના અંતિમ મહિનામાં અર્થાત્ બિસ્તા વર્ષના નવેસરમાં ત્રણ મહત્ત્વના બનાવોએ આપણું ધ્યાન ખેંચ્યું છે: (૧) ઈકબાલની જન્મ શતાબ્દી (૨) અમૃત-સરની ચતુર્થ શતાબ્દી અને (૩) સિંધુ નદીની સંસ્કૃતિ. ઇતિહાસપ્રસિદ્ધ આ ત્રણ ઘટનાઓ વિશે અંજલિરૂપે થોડું કંઈક લખવાનું વિચાર્યું છે.

માનવ-જિજ્ઞાસુ ઈકબાલની સોમી વર્ષગાંઠ

ચાલુ મહિનાની નવમી તારીખે એમની જન્મ શતાબ્દી ઊજવાઈ ગઈ (ગુજરાતમાં તો કોઈએ હજુ સરખો ઉચ્ચાર્યો નહીં કે શબ્દ

Prof S. V. Desai: A pioneer of commerce education

THOUGH his face always looked stern behind dark glasses, it clearly reflected his keen intellect and penetrating mind. As a teacher, he commanded respect and as a Principal, he established standards of academic performance. He built up an excellent library on economic and commercial subjects which made the H. L. College of Commerce, Ahmedabad, the envy of academic institutions in Gujarat.

Principal S. V. Desai, who died at the age of 74 on November 10 at Ahmedabad, was an institution by himself. When the first Commerce College was established in Ahmedabad in 1936, he joined as Professor of Economics and took over its Principalship. For many years "S.V." and "Commerce College" were synonymous terms. Students from all over Gujarat used to flock to Ahmedabad to join this college which had established a great reputation for its high standards of teaching and dedicated cosmopolitan faculty.

For 27 years (1943-1969), Principal Desai guided the destiny of this college and trained students and faculty members who, spread all over India and abroad, are making useful contribution to trade and industry as well as to commerce and management education. Principal Desai will always be remembered as one of the pioneers of commerce education in Gujarat. He was not only a builder of a great college but was also a promoter of intellectual traditions of a high order. His house was a meeting place of intellectuals from all walks of life—be they scientists, engineers, economists, politicians or literati, Indian and foreign.

Very few academicians in Gujarat have made a more outstanding contribution to the frank and free exchange of views on public issues than Principal Desai. He was perhaps the last representative of the generation of selfless professors fully dedicated to the promotion of knowledge and free debate.

His versatility, integrity, dedication and non-conformist intellectualism had established him as one of the most outstanding men of character in our country. He hailed from a reputed family of Gujarat (grandson of the well-known judge and public leader Diwan Bahadur Ambalal Sakarlal Desai), was educated at Columbia University (New York) in the 1920s and was a close associate of Indulal Yagnik, Yusuf Meherally, Minoo Masani, Asoka Mehta, Prof. M. L. Dantwala, Dr. V. K. R. V. Rao and others.

Though his habits were simple, he spent his money on three things—books, cigarettes and a dozen cups of tea. The day doctors stopped him from smoking, the real "S.V." retired from this world.

When I met him last month, he looked very weak and sounded very feeble. "I have got the ticket, am all packed and am getting tired of waiting on the platform for the train to pick me up", he said. The train finally did come and pick him up but he left a package behind—the package containing the fragrance of his character, convictions, dedication to duty and deeply cherished values.

RAMU PANDIT,
Secretary,
Indian Merchants' Chamber

કડવી જીભ અને પ્રેમાળ દિલ બન્નેનો સમન્વય કેવી રીતે સાધી શકાય?

પગાર-સુવિધાઓ કરતાં શિક્ષણકાર્યને વધુ અગત્યનું ગણતા વિસારાતા વિદ્યાજગતના પ્રતીક સ્વ. આચાર્ય દેસાઈ...

ચાલીસ વર્ષ પહેલાં ગુજરાતમાં એક પણ કોમર્સ કૉલેજ નહોતી અને વાણિજ્ય શાખાનો મુંબઈ યુનિવર્સિટીમાં સિટનશાખ હોવાના ઈનકારો હતા. એ કૉલેજમાં પ્રવેશ મળવાનો ગુજરાતના વિદ્યાર્થીઓ બાળકણાં ગણાતા હતા.

મુંબઈની આ કોમર્સ કૉલેજનો ઈજારો તોડીને ગુજરાત સૌરાષ્ટ્રને વાણિજ્ય શાખાના લાભ ૧૯૩૬ માં શરૂ થયેલી લરનાવનદાસ લક્ષ્મી ચંદ (એચ. એલ.) કૉલેજ ઑફ કોમર્સની સ્થાપના પછી મળવા લાગ્યો. એચ. એલ. કૉલેજ ઑફ કોમર્સની સ્થાપના પછી એના વાઈસ-પ્રિન્સિપાલ તથા ત્યાર પછી ૧૯૪૩ થી ૧૯૬૬ સુધી એના પ્રિન્સિપાલ તરીકેની સેવા બજાવીને ગયા બારમાસ સ્વર્ગવાસ સીધાવેલા આચાર્ય સુરેન્દ્રરાય વેકુંઠરાય દેસાઈએ ગુજરાતની આ સૌ પ્રથમ કોમર્સ કૉલેજનો "પાયાની ઈંટ" બની રહ્યા હતા.

સ્વ. આચાર્ય એચ. વી. દેસાઈની કડક છતાં કાળજીભરી નિગરાની નીચે હજારો વિદ્યાર્થીઓ કોમર્સ ગ્રેજ્યુએટ બનીને અહમદાબાદ તથા દેશભરમાં તથા પરદેશમાં પણ કૉલેજના નામને રોશન કરી રહ્યા છે. એમાંના સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે આર્થિક અને વ્યાપારિક ક્ષેત્રમાં નામના પ્રાપ્ત કરી છે સ્નેહ અને શિસ્ત બન્નેનો અજબ સમન્વય સાધીને કડવી જીભ સાથે પ્રેમાળ નજરનો મેળ બેસાડી શકતા સ્વ. દેસાઈ સાહેબે વિદ્યાર્થીઓની બબ્બે પેઢીના આદર તથા પ્રેમ પ્રાપ્ત કરીને પૃથ્વીલોક પરથી માનભરી વિદાય લીધી છે.

> જ્ઞાન કો ભૂષણ ધ્યાન હૈ,
> ધ્યાન કો ભૂષણ ત્યાગ;
> ત્યાગ કો ભૂષણ શાંતિ પદ,
> તુલસી અમલ અદ્દાગ

પગાર વધારા અને કામગીરીની શરતો પર મોટા ભાગનું ધ્યાન કેન્દ્રિત થતું હોય અને શિક્ષણકાર્ય ગૌણ મનાતું હોય એવી છાપ ઊભી કરતા પ્રાધ્યાપકોના આજના જમાનામાં સ્વ. આચાર્ય દેસાઈ સાહેબ જેવા સરસ્વતીના સંનિષ્ઠ ઉપાસક શોધવાનું કઠિન લાગે. પરંતુ કોમર્સ કૉલેજની સ્થાપના કરવા એની બુદ્ધિશક્તિ એ પ્રો. વાડિયા અને પ્રો. રણછોડલાલ દરૂ, પ્રો. વસંત જોષી, જેવા નિપુણ શિક્ષકોની જોમતને પરિણામે શરૂઆતના ગાળાથી જ મુંબઈની જુની અને જાણીતી કૉલેજ સામે ટક્કર લેતા વિદ્યાર્થીઓની ભેટ એચ. એલ. કૉલેજ ગુજરાતની જનતાને આપી શકી હતી.

આઝાદી પછીના ભારતમાં અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે પ્રતિષ્ઠા અને પૈસા બન્ને બરોબર પ્રમાણમાં મળે એવા સ્થાનોને ઓફર સ્વ. દેસાઈ સાહેબને વહુમાંગી મળી હતી, પરંતુ જેમની રગેરગમાં શિક્ષણ કાર્યનો રસ વહેતો હતો એવા સ્વ. દેસાઈ સાહેબે આ બધા પ્રલોભનોને ઠુકરાવીને વિદ્યામંદિરના પૂજારી તરીકેની જ કામગીરીને જ પસંદગી આપી.

૧૯૦૫ માં કૉંગ્રેસ અધિવેશન અમદાવાદ ખાતે ભરાયું એ વેળા સ્વાગત સમિતિના અધ્યક્ષ સ્વ. અંબાલાલ સાકરલાલ દેસાઈના પૌત્ર સ્વ. આચાર્ય સુરેન્દ્ર દેસાઈ ખાદી વ્રત સાથે રાષ્ટ્રવાદી તરીકે જન્મ્યા હતા. સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિક જ્યારે રાજકીય વનવાસમાં હતા ત્યારે પણ એમના કાયમી અને સ્નેહાળ મહેમાન સ્વ. દેસાઈ સાહેબ હતા.

કડવું ઓસડ તો સગી મા પણ ન જ પીવડાવે એ નિયમ મુજબ શિસ્તપાલન, વિદ્યાવ્યાસંગ અને ચારિત્ર્ય ઘડતર જેવા સદગુણોનું "અનુશાસન પર્વ" ચાલીસ વર્ષ પહેલાં ગુજરાતની સૌ પ્રથમ કોમર્સ કૉલેજમાં શરૂ કરનાર સ્વ. દેસાઈની ચિર વિદાયથી એમના ભૂતકાળના હજારો વિદ્યાર્થીઓ સ્નેહાળ વડિલ અને વિદ્વાન ગુરૂ તરીકે યાદ કરતા રહેશે.

વનમાળા વાઢેર

આચાર્ય શ્રી એસ. વી. દેસાઈએ જ્યારે

કૉલેજમાં ફરતી ગાય પકડીને માલિકને દંડ કરાવ્યો હતો

અમદાવાદ, ગુરુવાર

"કેટલાક વર્ષો પહેલાની આ વાત છે. હજારની એચ.એસ.સી.ની કૉલેજનો દરેક-દરેક વિદ્યાર્થી મુશ્કેલીમાં અંટ-સેટ કરી રહ્યો હતો. દરેકના મુખ ઉપર કૉલેજના આચાર્ય તરફનો રોષ સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. આચાર્યએ ટેરેન્ટ ઈવનીંગ આપવાનો ઈન્કાર કરતા આ પરિસ્થિતિ સર્જાઈ હતી.

કૉલેજનો વિદ્યાર્થિઓની વધુ સંખ્યા ધરાવતી સભા બોલાઈ. હડતાલ પાડવાનો નિર્ણય લેવાયો. પરંતુ આચાર્ય પોતાના નિર્ણયમાં અડગ હતા. વિદ્યાર્થિઓ પણ મક્કમ હતા. હડતાલ લાંબી ચાલી. હડતાલ કોઈ રીતે સમેટાય તેમ નહતી પરંતુ વિદ્યાર્થી નેતા આચાર્યની નબળાઈ જાણતા હતા. આચાર્યની નબળાઈ હિસ્સ અને નિષ્ઠા હતી. વિદ્યાર્થિઓએ સમગ્ર હડતાલ દરમ્યાન ખુબજ કડક હિસ્સ અને લીંત કેળવ્યો હતો. બસ આ વાત આચાર્યને નમાવવા પુરતી બસ હતી. હિસ્સના ઓઝારો અને નિર્ણયમાં ક્રાયમ અડગ રહેનાર આચાર્યએ વિદ્યાર્થિઓને ટેરેન્ટ ઈવનીંગ કરવાની મંજૂરી આપી. એટલું જ નહીં પણ સમગ્ર કૉલેજની વચ્ચે પોતાની ઇજ્જત માટે વિદ્યાર્થિઓના સંયમને જ્યાબદ્ધાર ગણાવી હડતાલ પડાવનાર વિદ્યાર્થી નેતાની પ્રશંસા કરી.

એ આચાર્યનું નામ હતું પ્રો. એસ. વી. દેસાઈ.

પોતાની સમગ્ર કારકીર્દી દરમ્યાન પ્રમાણિક, નિષ્ઠાવાન, આબાબોલા, ટીકણી વૃત્તિ ધરાવનાર તેમજ હિસ્સના કડક આગ્રહી તરીકે ખ્યાતના પ્રાપ્ત કરી ચૂકેલા પ્રો. દેસાઈ ૧૯૩૬ થી એચ.એલ. કૉલેજમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા. ત્યાર બાદ ૧૯૪૩ થી ૧૯૫૯ સુધી તેમણે એચ.એલ. કૉલેજના આચાર્ય તરીકે સેવાઓ આપી હતી.

એચ.એલ. કૉલેજના ગત વર્ષ પહેલા ૪૦ વર્ષ પુરા થયા હોવાથી તેની 'ગોલ્ડન જ્યુબીલી' ઉજવવાનું નક્કી કરવું હતું. તેના ભાગ રૂપે તા.૨૮મીને શનિવારે સવારે ૧૦ વાગે શ્રી બાબુભાઈ પટેલ દ્વારા તૈયાર કરવામાં આવેલું એક ચિત્ર કૉલેજમાં મુકવામાં આવશે.

સંગેમરમર આરીનાં સેટ- પાટલૂન તેમજ બાંધણી ટાઈ પહેરતા અને ગાંધીની વિચારસરણીથી પ્રભાવિત એવા પ્રો. દેસાઈ વિદ્યાર્થિઓમાં સમાઈ, જીવન તેમજ સ્વતંત્ર વિચાર સરણીના હીમાયતી હતા, અને આ તમામ ગુણો માટે પોતેજ નમુનારૂપ બની રહેતા.

મહાગુજરાતની ચળવળ વખતે તેમણે શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકને પ્રથમ વખત પં.નહેરુની સભામાંથી સભાંતર સભાનો ચીલ્લા માટે એચ.એલ. કૉલેજના પ્રાંગણમાં મંજૂરી આપી હતી.

પ્રો. દેસાઈ ક્રાન્તીકારી નહીં પણ વિચાર સરણીના વિરોધી રહ્યા હતા. આજથી બાકરા નહેરૂ શાસન દરમ્યાન નવા મનેચા આયોજન પંચની રચે બાજુ ત્યારે બોલબાલા

હતી. તમામ સાચા પ્રાધ્યાપકો અને અર્થશાસ્ત્રીઓ પોતાની કૉલેજો કે અન્ય વ્યવસાય છોડીને આયોજન પંચમાં જોડાઈ રહ્યા હતા. ત્યારે પ્રો. દેસાઈએ નવી આયોજન નીતિને છેતરપટ્ટી ગણાવી તેનો વિરોધ કર્યો હતો તેમજ તેમા જોડાવવાનો પણ ઈન્કાર કર્યો હતો.

પ્રો. દેસાઈ આજે સાચા પડ્યા છે. આપણી પહેલાની તમામ નીતિઓ ખોટી પડી રહી છે.

દીર્ઘ દ્રષ્ટા આચાર્ય પોતાની કૉલેજના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેતા. દરેક પરીક્ષામાં કૉલેજનું ૧૦૦ ટકા પરિણામ આવે તે માટે તે ગંભીર રહેતા. કૉલેજની જુની બી.એચ.ની પરીક્ષા કે જે યુનિવર્સિટી દ્વારા લેવાની ન હોવાથી વિદ્યાર્થિઓ દ્વારા બળવાખોરી લેવાની. આ બળવાખોરને દુર કરવા તેમણે એક વખતે પરિણામમાં નાપાસ થનાર એક પણ વિદ્યાર્થીને પણ પાસ-પ્રમોશન આપ્યું નહતું.

પરિણામ ચોરી કરતા પકડાયેલો એક વિદ્યાર્થી શાળાના સંચાલકોમાંની એક હસ્તીનો સગો હોવા છતાં તેને અને તેને પાસ આપનાર પ્રોફેસરને આચાર્ય દેસાઈએ ડીસમીસ કર્યા હતા.

શિસ્તમાં પ્રમાણિકતા અને તટસ્થતાને ઉચ્ચ સ્થાન મળવું જ જોઈએ તેવો આગ્રહ ધરાવતા આચાર્ય દેસાઈના સમયમાં સ્વાતંત્ર સેનાનીઓ અને નાગરીક અવસ્થાપકો, તેમજની એક આખી ટુકડી તૈયાર થઈ હતી.

પ્રો. આચાર્યના સમયમાં કડક થવા જે વિદ્યાર્થિઓ માટે 'કમીશનીંગ' ગણવું હતું કારણ કે તેમના વખતમાં તાલીમ કરવું એક ગિનતરીનું પત્રકું ગણાતા. આવા વિદ્યાર્થિઓને પોતાની 'કેબીનમાં બોલાવી ઉપોક્ષકુળ લાંબા ભાષણો આપવાની અને એક-બે રૂપિયાનો દંડ કરવાની તેમને આદત હતી. પરંતુ એક વખત તો કૉલેજના કંપાઉન્ડમાં ઘુસી ગયેલી ગાય ને પકડીને તેના માલિક પાસે પણ તેમણે દંડ ભરાવ્યો હતો.

વિદ્યાર્થિઓ પ્રત્યે હિસ્સની બાબતમાં કડક વલણ ધરાવનાર તેઓ પોતાના પ્રોફેસરો માટે પણ હિસ્સની આગ્રહ રાખતા હતા. તેમના સમયે દરેક પ્રોફેસરે કોઈપણ સીઝનમાં સૂટ-પેન્ટ અને ટાઈ પહેરવી ફરજીયાત હતી. આ ઉપરાંત પ્રોફેસર મોડા પડે તો "મારી ઘડિયાળ સાચી કે તમારી ઘડિયાળ સાચી" જેવા કટાક્ષયુક્ત વિધાનોથી પ્રોફેસરોને ચેતવી પણ દેતા.

આજે સમગ્ર શિક્ષણ જગતમાં એક અજંપાભરી પરિસ્થિતિ ઉભી થઈ છે. કૉલેજના આચાર્યો-શિક્ષકો તેમજ વિદ્યાર્થિઓ વચ્ચે 'ઓપન કોમ્યુનિકેશન'નો સંપૂર્ણ અભાવ છે. શિક્ષણમાં પેસી ગયેલી નંદ ગજાવરણની બદીને કારણે સમગ્ર વાતાવરણ ડહોળાઈ ગયું છે, ગુરૂજનોને તમાચા મારવામાં આવે છે અને આચાર્યો તથા વિદ્યાર્થિઓ પરસ્પર એક બીજા માટેની પોતાની ફરજ, પોતાના હક્ક ભૂલી ગયા છે ત્યારે આચાર્ય એસ.વી.દેસાઈનું સમગ્ર જીવન શિક્ષણ જગત માટે ઉપયોગી માર્ગદર્શક રૂપ બની રહે તેમ છે.

આચાર્ય દેસાઈના ટીખળી સ્વભાવનો એક નમૂનો આજે પસ્તુત છે: 'શ્રી મકુભ ત્રિપાઠીએ તે સમયે ગુજરાત સમાચારમાં 'ઠોઠ નીશાળીયો'ની કોલમ લખવાની શરૂઆત કરી હતી. એક વખતે તેમના કોઈ હેમ મંત્રે પ્રયત્ન કરવા ગુજરાત સમાચારના તંત્રીશ્રીએ શ્રી મકુભ ત્રિપાઠીનો સંપર્ક સાધવા કૉલેજમાં ફોન કર્યો. આ ફોન આચાર્ય એસ.વી.દેસાઈએ જ ઉપાડ્યો અને શ્રી ત્રિપાઠી વિશેની પુછપરછ અંગે જ્યાબ આપ્યો કે શ્રી મકુભ ત્રિપાઠી અહીં રહેતા નથી, બોલો બીજું કંઈ કામ છે?'